બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અહલે સુન્નત વ જમાઅત

એટલે

મસ્લકે આ'લા હઝરત

નું અજોડ મુખપત્ર


**બરકાતે ખ્વાજા** (માસિક)

**સપ્ટેમ્બર-૨૦૨૫**

રબીઉલ્ અવ્વલ - રબીઉલ્ આખર

હિજરી સન : ૧૪૪૭

વર્ષ : ૨૨, અંક : ૯, સળંગ અંક : ૨૬૦



**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com



બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

A/c. No. 34620100000301

ISLAMIC WELFARE MISSION

IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |


: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ની સમયના હાકિમો સમક્ષ હક્કગોઈ | Tital : 2-3 |
| 02 | મીલાદુન્નબી صلی اللہ علیہ وسلم ફુકહાએ કિરામ તથા મુહદ્દિષોની દષ્ટિએ | 04 |
| 03 | પ્યારા નબી صلی اللہ علیہ وسلم નું નામ સાંભળી દુરૂદ શરીફ ન પઢવું કેવું ?! | 10 |
| 04 | મીલાદુન્નબી صلی اللہ علیہ وسلم માં ખુશી મનાવવી એ ઈમાનવાળાઓનો તરીકો | 12 |
| 05 | મુનાફિકત તે આનું નામ ! | 15 |
| 06 | નબી صلی اللہ علیہ وسلم ના જીવનનું સામાજિક પાસુ | 17 |
| 07 | સબસે ઔલા વ આ'લા હમારા નબી صلی اللہ علیہ وسلم | 21 |
| 08 | સીરતે નબવીની ૪ મહત્વપૂર્ણ બાબતો | 28 |
| 09 | ઈસ્લામના પયગંબર صلی اللہ علیہ وسلم ની નમ્રતા | 32 |
| 10 | નમાઝમાં રસૂલનો ખયાલ શું શિર્ક પ્રતિ લઈ જશે ? | 35 |
| 11 | આપણા નબી હયાતુન્નબી صلی اللہ علیہ وسلم | 41 |


## જશ્ને મીલાદ હમ મનાએંગે...

જશ્ને મીલાદ હમ મનાએંગે
રબસે સદકા નબીકા પાએંગે

દૂર દિલકી સિયાહી કરનેકો
મેહફિલે નઅત હમ સજાએંગે

આજકી શબ હૈ રહમતોંકી શબ
રબકી રહમતમેં હમ નહાએંગે

માંગના હૈ તો મદીના માંગો
સદકએ મીલાદ વો બુલાએંગે

દેખકર કબ્રમેં હુઝૂરકો હમ
નઅતે સલ્લિ અલા સુનાએંગે

મુઝકો ઝાલિમ ન સમઝના બેબસ
મેરે આકા મુઝે બચાએંગે

અપની આંખોંકી હિફાઝત કરના
અપના જલ્વા તુમ્હેં દિખાએંગે

અપને કાનોંકી હિફાઝત કરના
મુઝદહ્ બખ્શિશકા વો સુનાએંગે

અપને હાથોંકી હિફાઝત કરના
જામ કૌષરકે વો પિલાએંગે

કાશ ! ફર્મા દે હશ્રમેં આકા
આ જા **'શાકિર'** તુઝે નિભાએંગે

**અઝ :** અતાએ મુફતીએ આ'ઝમ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી-મુંબઈ

# મીલાદુન્નબી صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ ફુક્હાએ કિરામ તથા મુહદ્દિષોની દ્દષ્ટિએ

રજૂકર્તા : **મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** (નાઝિમે આ'લા : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

**નિષાર તેરી ચહલ પહલ પર હઝારોં ઈદે રબીઉલ અવ્વલ**
**સિવાયે ઈબ્લીસ કે જહાંમેં સભી તો ખુશિયાં મના રહે હૈં !**

ઈદોની ઈદ એટલે કે ઈદે મીલાદુન્નબી ﷺને ઈસ્લામમાં ઘણી ફઝીલત તથા મહત્વતા પ્રાપ્ત છે, કેમ ન હોય ?! આ મહીનામાં જાને આલમ, શાને જહાં, મુખ્તારે દો આલમ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺનો પવિત્ર જન્મ થયો. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે પોતાના મહબૂબ નબીએ આખેરુઝ્ઝમાં ﷺને માનવજાત માટે હિદાયત, મગફિરત, રહ્‌મત તથા મહેરબાનીનો મૂળ સબબ તથા કયામતમાં શફાઅત કરનાર બનાવીને દુનિયામાં મોકલ્યા છે.

અલ્લાહ તઆલા કુર્આને અઝીમમાં ફર્માવે છે : બેશક્‌ ! તમારી પાસે તશરીફ લાવ્યા તમારામાંથી તે રસૂલ જેમને તમારું તકલીફમાં પડવું કષ્ટદાયક છે. તમારી ભલાઈના અત્યંત ચાહનાર મુસલમાનો ઉપર બેહદ મહેરબાન છે." *(સૂ. તૌબા, આયત–૧૨૮)*

આ ઉપરાંત અલ્લાહ તઆલા ફર્માવે છે : "પછી જો તમારી પાસે મારા તરફથી કોઈ હિદાયત આવે તો જે મારી હિદાયતની પેરવી કરનાર બન્યો તો તેને ન કોઈ ભય ન કોઈ રંજ અને જે કુફ્ર કરશે અને મારી આયતોને જૂઠલાવશે તે દોઝખવાળા છે તેમને હમેશાં તેમાં રહેવાનું છે." *(સૂ. બક્‌રહ, આ. ૩૮, ૩૯)*

તેમજ બીજી જગ્યાએ અલ્લાહ તઆલા ફર્માવે છે : "અમે તમારામાં મોકલ્યા એક રસૂલ તમારામાંથી કે (તે) તમારી પાસે અમારી આયતોની તિલાવત ફર્માવે છે, અને (તે રસૂલ) તમને પાક કરે છે (શિર્ક, કુફ્ર તથા ગુનાહોની ગંદકીથી) અને કિતાબ તથા પાકો ઈલ્મ શીખવાડે છે અને તમને તે તા'લીમ આપે છે જેનો તમને ઈલ્મ ન હતો." *(સૂ. બક્‌રહ, આ. ૧૫૧)*

રસૂલુલ્લાહ ﷺની સર્વવ્યાપી જાત સંપૂર્ણ ખૂબીઓ તથા કમાલોની માલિક હતી. અને કેમ ન હોય કે તે મહબૂબે રબ્બિલ આલમીન ﷺ સમગ્ર જગતની રચનાનું મૂળ કારણ છે, જેમના શુભ અસ્તિત્વના સદકામાં સંપૂર્ણ જગતને અસ્તિત્વ મળ્યું. ચાંદ, સૂરજ, વનસ્પતિ, પથ્થર, ધરતી, પાણી... વગેરે તમામે તમામને આ જ મુહમ્મદ ﷺના વસીલાથી અસ્તિત્વ મળ્યું. જેમનું ઝિક્રે જમીલ (પ્રશંસાભર્યું વર્ણન) ખૂદ તેમનો પેદા કરનાર તથા માલિક આ રીતે બયાન કરે છે કે, "અને અમે તમારા માટે તમારું ઝિક્ર ઊંચું (બુલંદ) કરી આપ્યું. *(સૂ. અલમ નશ્રહ, આ. ૪)*

આ ઉપરાંત ફર્માવે છે, "અને બેશક ! પાછલી (આવનાર ઘડી) તમારા માટે પહેલી ઘડીથી બેહતર છે. અને બેશક ! નજીકમાં જ તમારો પાલનહાર તમને એટલું આપશે કે તમે રાજી થઈ જશો."

*(સૂ. વદ્દુહા, આ. ૪૫)*

વિના કોઈ સંકોચે પ્યારા મુસ્તફા ﷺનું ઝિક્ર એક ઈબાદત છે અને આ જ ઈમાની હકીકત છે તથા સાચુ ઈમાન છે, જ્યારે ખુદા પોતાના પ્યારા મહબૂબની મીલાદ બયાન કરી રહ્યો છે તો એ સુન્નતે ઈલાહિયા પણ થઈ. હવે જો કોઈ ઉદ્ધત, નીડર તથા બેશરમ મીલાદુન્નબી ﷺનો ઈન્કાર કરે અને મીલાદે મુહમ્મદી ﷺને બિદઅત તથા શિર્કથી સંબોધે તો તે પોતે સૌથી મોટો મરદૂદ તથા રહમતે ઈલાહીથી દૂર છે.

અહીંયાં અમે મીલાદુન્નબી ﷺ જાઈઝ તથા મુસ્તહબ હોવા અંગે ફુક્હાએ કિરામ તથા મુહદ્દિષોના મંતવ્યો તથા મીલાદ સંબંધિત તેમના અકીદાઓ નકલ

કરીએ છીએ જેથી એ વાત બિલ્કુલ સ્પષ્ટ થઈ જાય કે મીલાદુન્નબી ﷺ મનાવવું બિદઅત નથી. જો બિદઅત હોત (જેમ કે ઈદે મીલાદનો ઈન્કાર કરનાર વહાબીઓ દેવબંદીઓનું કહેવું છે) તો સૌથી પહેલાં તે હસ્તીઓ જેમણે મીલાદને ઘણી શાન તથા આયોજનપૂર્વક મનાવી છે તેઓ મુશ્રિક બની ગયા, જેમણે મીલાદની મેહફિલોમાં શરીક થવા તથા હાજર રહેવાને ખૈરો બરકતનું કારણ બતાવ્યું છે. હવે મીલાદનો ઈન્કાર કરનારાઓએ વિચારવું જોઈએ કે તેઓ આવા મહાન મુહદ્દિષો તથા ફકીહો વિશે શું કહે છે ? જેમની હદીષો તથા અક્વાલનો તેઓ વાત વાત ઉપર હવાલો આપે છે, જેઓ કુર્આન, તફસીર, ફિક્હ તથા હદીષને સમજવામાં આજના વહાબી, દેવબંદી કરતાં પણ અધિક્તર તથા સંપૂર્ણ બસીરત (દૃષ્ટિ) તથા ક્ષમતા ધરાવતા હતા અને દીને મુસ્તફા ﷺના સાચા રક્ષક હતા.

### મુહદ્દિષે ઈમામ ઈબ્ને જવઝી رحمۃ اللہ علیہ
### (હિ.સ. ૫૧૦–૫૭૯, ઈ.સ. ૧૧૧૬–૧૨૦૧)

ઈમામ ઈબ્ને જવઝી ફર્માવે છે : "હમેશાં મક્કા મુકર્રમા, મદીના તયૈબા, મિસ્ર (ઈજિપ્ત), શામ (સીરિયા), યમન (ઓમાન) સારાંશ કે પૂર્વથી લઈને પશ્ચિમ સુધીના તમામ અરબ શહેરીઓ મીલાદુન્નબી ﷺની મેહફિલોનું આયોજન કરતા આવ્યા છે. જ્યારે તેઓ રબીઉલ અવ્વલનો ચાંદ જુએ છે તો તેમની ખુશીની કોઈ હદ નથી રહેતી, એ પ્રમાણે મીલાદનુ ઝિક્ર (ચર્ચા) પઢવા તથા સાંભળવા માટે તેઓ વિશેષ આયોજન કરે છે અને અસંખ્ય સવાબ તથા કામયાબી પ્રાપ્ત કરે છે." *(અલ્ મીલાદુન્નબવી, પેજ–૫૮)*

### મુહદ્દિષે કબીર ઈબ્ને હજર અસ્કલાની رحمۃ اللہ علیہ
### (હિ.સ. ૭૭૩–૮૫૨, ઈ.સ. ૧૩૭૨–૧૪૪૯)

શૈખુલ ઈસ્લામ, હાફિઝુલ્ અસ્ર, અબુલ્ ફઝ્લ ઈબ્ને હજર અસ્કલાનીને મીલાદ શરીફના અમલ વિશે પૂછવામાં આવ્યું તો આપે તેનો જવાબ કાંઈક આ પ્રમાણે આપ્યો, "મને મીલાદ શરીફ વિશે અસલ તખ્રીજ (હદીષનું સંશોધન) માલૂમ થઈ જે સહીહૈન (બુખારી શરીફ, મુસ્લિમ શરીફ)થી સાબિત છે કે હુઝૂર નબી કરીમ ﷺ જ્યારે મદીનામાં તશરીફ લાવ્યા તો આપ ﷺએ યહૂદીઓને આશૂરાના દિવસે રોઝો રાખતા જોયા. આપ ﷺએ તેઓને પૂછ્યું કે આવું કેમ કરો છો ? તો તેઓએ અરજ કરી કે આ દિવસે અલ્લાહ તઆલાએ ફિરઔનને ગર્ક કર્યો અને મૂસા ﷺને છૂટકારો આપ્યો. અમે અલ્લાહની બારગાહમાં શુક્ર બજાવી લાવવા માટે આ દિવસનો રોઝો રાખીએ છીએ. આ હદીષે પાકથી સાબિત થયું કે કોઈ ચોક્કસ દિવસમાં અલ્લાહ તઆલા તરફથી કોઈ ઈનામ તથા એહસાન પ્રાપ્ત થવાના બદલામાં તથા કોઈ મુસીબત ટળી જવાના બદલામાં અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરવો જોઈએ અને દર વર્ષે આ દિવસની યાદ તાજી કરવી પણ અતિ યોગ્ય છે. અલ્લાહ તઆલાનો શુક્ર નમાઝ, સજદા, રોઝા, સદકા, તિલાવતે કુર્આન તથા અન્ય ઈબાદતો દ્વારા અદા કરી શકાય છે અને હુઝૂર નબીએ રહમત ﷺની વિલાદતથી વધીને અલ્લાહની નેઅમતોમાંથી કઈ નેઅમત છે ?!" *(સુયૂતિ, હુસ્નુલ્ મક઼ાસિદ ફી અમલિલ્ મવલૂદ, ૬)*

### ઈમામ શમ્સુદ્દીન સખાવી رحمۃ اللہ علیہ
### (હિ.સ. ૮૩૧–૯૦૨, ઈ.સ. ૧૪૨૭–૧૪૯૩)

મેહફિલે મીલાદુન્નબી ﷺ ત્રણ યુગો (ઈસ્લામમાં ખુલ્ફાએ રાશેદીનનો યુગ, તાબઈઓનો યુગ, તબ્એ તાબઈઓનો યુગ) પછી માત્ર નેક મક઼સદ ખાતર શરૂ થઈ અને જ્યાં સુધી તેના આયોજનમાં નિય્યતનો સંબંધ છે તો તે ઈખ્લાસ (નિખાલસતા) પર આધારિત હતી. ત્યારબાદ હમેશાંથી તમામ અહલે ઈસ્લામ તમામ દેશોમાં તથા મોટા મોટા શહેરોમાં આપ ﷺની વિલાદતે બાસઆદત (શુભ જન્મ)ના મહિનામાં મીલાદની મેહફિલોનું આયોજન કરતા આવ્યા છે. અને આ પરંપરા તથા સન્માનને ઉત્તમ મહેમાનગીરી તથા સુંદર દસ્તરખાનો દ્વારા બાકી રાખી અને અત્યારે પણ મીલાદના મહિનાની રાતોમાં અલગ અલગ રીતે સદકાઓ તથા ખૈરાતો આપે છે અને ખુશીઓ વ્યક્ત કરે છે અને વધુથી વધુ નેકીઓ કરે છે, બલ્કે માહે મીલાદુન્નબી ﷺના નજીક આવતાંની સાથે જ વિશેષ આયોજનનો પ્રારંભ કરી દે છે. અને પરિણામમાં આ પવિત્ર મહીનાની બરકતો અલ્લાહ તઆલાના અઝીમ ફઝ્લ (મહાન કૃપા)ના રૂપમાં તેમના ઉપર પ્રગટ થાય છે. આ વાત પ્રેક્ટિકલી અમલ

દ્વારા સાબિત છે. જેમ કે ઈમામ શમ્સુદ્દીન ઈબ્ને અલ્ જઝરી અલ્મકરીએ બયાન કર્યું કે, ''મીલાદના મહીનામાં તે વર્ષે સંપૂર્ણ રીતે હિફાઝત, અમન તથા સલામતી રહે છે અને ઉમ્મીદો પૂરી થવાની ખુશખબરી ઘણી વહેલી તકે મળે છે.'' *(મુલ્લા અલી ક઼ારી, મવરુદુર્રવી ફી મવલદિન્નબી, પેજ. ૧૨, ૧૩)*

### મુહદ્દિષ ઈમામ કસ્તલાની رحمۃ اللہ علیہ

''હમેશાંથી મુસલમાનો હુઝૂર ﷺની બાબરકત વિલાદતના મહિનામાં મીલાદની મેહફિલોનું આયોજન કરતા આવ્યા છે. ભોજન (પકાવીને) ખવડાવે છે અને રબીઉલ અવ્વલની રાતોમાં સદક઼ાઓ (દાન) ખૈરાતોની તમામ આવશ્યક પદ્ધતિઓ અપનાવે છે, આનંદ વ્યક્ત કરે છે અને નેકીઓમાં વધારો કરે છે. મીલાદ શરીફની ચર્ચાઓ કરવામાં આવે છે. દરેક મુસલમાન મીલાદ શરીફની બરકતોથી દરેક રીતે ફૈઝયાબ થાય છે. મીલાદુન્નબી ﷺ સંબંધિત અનુભવ થયેલ વાતોમાંથી એક એ પણ છે કે જે વર્ષે મીલાદ મનાવવામાં આવે તે વર્ષ અમન (શાંતિ)થી પસાર થાય છે. આ ઉપરાંત આ (નેક અમલ) નેક મક઼સદો તથા દિલી ખ્વાહિશો જલ્દીથી પૂરી થવા અંગે ખુશખબરી છે. અલ્લાહ તઆલા તે શખ્સ ઉપર રહમ ફર્માવે જેણે માહે મીલાદની રાતોને (પણ) ઈદની જેમ ઉજવીને તેવા વ્યક્તિની બીમારીની પીડામાં વધારો કર્યો જેના દિલમાં (રસૂલુલ્લાહ ﷺની દુશ્મનીના કારણે પહેલાંથી જ ખતરનાક) બીમારી છે.''

*(કસ્તલાની, અલ્ મવાહિબુલ્ લદુન્નિયા, ૧/૧૪૭)*

### મુહદ્દિષ ઈમામ ઈબ્ને હજર મક્કી رحمۃ اللہ علیہ

''અમારે ત્યાં મીલાદ તથા ઝિક્રની જે મેહફિલો યોજવામાં આવે છે તે અધિક્તર ભલા કામો (નેક કામો) ઉપર આધારિત હોય છે, જેમ કે તેમાં ઝિક્ર કરવામાં આવે છે, હુઝૂર ﷺ ઉપર દુરૂદો સલામ પઢવામાં આવે છે, અને સદક઼ાઓ (દાન) આપવામાં આવે છે એટલે કે ગરીબોની મદદ કરવામાં આવે છે.'' *(ઈબ્ને હજર મક્કી, ફતાવા હદીષિયા, પેજ–૧૨૯)*

### ફક઼ીહ મુહદ્દિષ મૌલાના ઉષ્માન દિમ્યાતી رحمۃ اللہ علیہ

''મૌલુદ શરીફ પઢવામાં સૈયદુલ્ મુરસલીનની વિલાદતના ઝિક્ર સમયે હુઝૂર ﷺની તા'ઝીમ તથા સન્માનમાં ક઼યામ કરવો (ઉભા થવું) બેશક ! મુસ્તહબ તથા જાઈઝ છે, જેના કરનારને (તા'ઝીમમાં ઊભા થનારને) ઘણો સવાબ તથા (અલ્લાહની) મહાન મહેરબાની પ્રાપ્ત થશે. કેમ કે તે તા'ઝીમ છે અને કોની તા'ઝીમ ?! એ નબીએ કરીમ, સાહિબે ખુલ્કે અઝીમ ﷺની જેમની બરકતથી અલ્લાહ સુબ્હાનહૂ તઆલા આપણને કુફ્રના અંધકારોમાંથી ઈમાનના નૂર (પ્રકાશ) તરફ લાવ્યો. અને તેમના વસીલાથી આપણને જહાલતની દોઝખ (અજ્ઞાનતાની ખાડી)થી બચાવીને માઅરેફત તથા યક઼ીન (ઈમાન)ની જન્નતમાં દાખલ ફર્માવી આપ્યા. તો હુઝૂર ﷺની તા'ઝીમમાં (ઊભા થવું) રબ્બુલ્ આલમીનની ખુશનૂદી તરફ દોડવું છે, અને દીનની અતિ શક્તિવાળી (ખૂબ જ મહત્વની) નિશાનીનું પ્રગટ થવું છે, અને જે તા'ઝીમ કરે અલ્લાહની નિશાનીઓની તો તે દિલોની પરહેઝગારીમાંથી છે અને (જે) તા'ઝીમ કરે ખુદાની અઝમતોની (અલ્લાહ તઆલાએ ઈજ્જત આપેલી ચીજોની) તો એ તેના માટે તેના રબને ત્યાં બેહતર છે.'' *(ફતાવા રઝવિય્યા, ભાગ–૧૨, પેજ–૬૨)*

### ઈમામ અલ્લામા મુદાલકી رحمۃ اللہ علیہ

''ક઼ૌમની આદત બની ગઈ છે કે રસૂલુલ્લાહ ﷺની તારીફ તથા પ્રંશસા કરનાર (મીલાદ પઢનાર) જ્યારે હુઝૂર ﷺની મીલાદ (વિલાદત)ના ઝિક્ર સુધી પહોંચે છે તો લોકો ઊભા થઈ જાય છે. અને આ બિદઅતે મુસ્તહબ્બા છે કે તેમાં નબી ﷺના પવિત્ર જન્મ ઉપર ખુશી મનાવવું તથા હુઝૂર ﷺની તા'ઝીમને જાહેર કરવું છે.''

*(હવાલો ઉપર મુજબ, પેજ–૬૩)*

### ખાતિમુલ મુહદ્દિષીન અલ્લામા સૈયદ અહમદ ઝયની દહલાન મક્કી رحمۃ اللہ علیہ

''આપ ﷺની તા'ઝીમનો મતલબ એ છે કે હુઝૂરની પૈદાઈશની રાતની ખુશી મનાવવી અને મૌલૂદ શરીફ પઢવું તથા વિલાદતે અક઼દસ ﷺના ઝિક્ર સમયે ઊભા થવું તથા મજલિસ શરીફમાં હાજર રહેનારાઓને ખાવા ખવડાવવું તથા તેના સિવાય અન્ય નેકીનાં કામો કરવાં જે મુસલમાનોમાં પ્રચલિત છે કે

આ બધુ નબી ﷺની તા'ઝીમમાં છે અને આ મસ્અલો મજલિસે મીલાદ તથા તેના સંબંધિત કામોનો એવો છે કે જેના વિષયમાં આખી આખી કિતાબો લખાયેલ છે અને કેટલાયે ઉલમાએ તેનું ભવ્ય આયોજન કર્યું છે અને દલીલો તથા ઠોસ પુરાવાઓથી ભરપૂર કિતાબ આ વિષયમાં સંપાદન ફર્માવી છે જેથી આપણે આ મસ્અલામાં લાંબી ચર્ચા કરવાની જરૂરત નથી.''

*(અદ્દુર્રસ્સુન્નિયા ફી રદ્દિ અલલ્ વહાબિયા, ૧૮)*

## અલ્લામા ઈબ્ને આબિદીન શામી رحمۃ اللہ علیہ

રસૂલુલ્લાહ ﷺની મીલાદ શરીફને સાંભળવા માટે એકઠા થવું મોટી ઈબાદતોમાંથી (એક) છે. કેમ કે મીલાદ શરીફમાં રસૂલુલ્લાહ ﷺ ઉપર વધુથી વધુ સંખ્યામાં દુરૂદો સલામ પઢવામાં આવે છે. અને અલ્લાહ તઆલા તથા રસૂલુલ્લાહ ﷺનું વારંવાર ઝિક્ર થાય છે અને આપનું ઝિક્ર આપની મહોબ્બત તથા નઝીદીકીનો સબબ છે. અને જલીલુલ કદર ઉલમાએ સ્પષ્ટતા કરી છે કે જે વરસે મીલાદ શરીફ મનાવવામાં આવે તે વરસે અમન રહે છે અને મક્સદોમાં કામયાબીની જલ્દીથી બશારત મળે છે. જેમ કે ઈબ્ને અલ્ જઝરીએ સ્પષ્ટતા કરી છે તેને અલ્લામા જલીએ પોતાની કિતાબ ''સીરત''માં નકલ કર્યું છે. એ જ પ્રમાણે અલ્લામા ઈબ્ને હજર હૈતમી મક્કીએ પોતાની પુસ્તિકા ''મવલદ''માં અને અલ્લામા કસ્તલાનીએ મવાહિબમાં વર્ણન કર્યું છે. અને તે દરેક વ્યક્તિ આપ ﷺની મહોબ્બતમાં સાચો છે તેના માટે યોગ્ય છે કે તે મીલાદુન્નબી ﷺના મહીનમાં ખુશી મનાવે અને રસૂલુલ્લાહ ﷺની વિલાદતે મુબારકા માટે મેહફિલનું આયોજન કરે, જેમાં સહીહ હદીષો દ્વારા આપની વિલાદતના બનાવો બયાન કરવામાં આવે. અને અલ્લાહના ફઝ્લથી ઉમ્મીદ છે કે આવી (મીલાદ મનાવનાર) વ્યક્તિ રસૂલુલ્લાહ ﷺની શફાઅતથી નેક લોકોના ગિરોહમાં દાખલ થશે અને જે વ્યક્તિના શરીરમાં આપની મહોબ્બત પ્રવેશી તથા પ્રસરી જાય તે શરીર ઈન્શાઅલ્લાહ ! સડો નહીં પામે. અને આપ ﷺની શફાઅત માત્ર તેને જ પ્રાપ્ત થશે જે આપ ﷺની સાથે મહોબ્બત ધરાવે છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જે વ્યક્તિ જેની સાથે મહોબ્બત કરે છે તે તેની સાથે જ રહેશે.'' અલ્લાહ તઆલા તે શખ્સ ઉપર રહમત ફર્માવે જેણે મીલાદે મુબારકની રાતોને ઈદ બનાવી લીધી અને એ રાતોમાં તે માત્ર આપ ﷺ ઉપર વધુથી વધુ સંખ્યામાં સલાતો સલામ પઢવામાં આવે તો આ પણ પૂરતુ છે.'' *(શરહે અલ્ મવલદ્લિ ઈબ્ને હજર, જવાહિરુલ બિહાર, ભાગ–૩, પેજ–૩૪૦ના હવાલાથી)*

## મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ

મેહફિલે મીલાદનો ઈજતેમા (મેહફિલે મીલાદ માટે એકઠા થવું) દીનની તબ્લીગનો સૌથી મોટો આધાર છે. અને ઉલમાએ કિરામે જોઈએ કે તેઓ આવી મેહફિલોમાં નબી ﷺના અખ્લાક, આદાબ, આપ ﷺની સીરત, આપના વ્યવહારો તથા આપની ઈબાદતોનું બયાન કરે, અને લોકોને આપની સીરત ઉપર અમલ કરવાની નસીહત કરે. અને જે લોકો આવા ઈજતેમાઓથી દીનની તબ્લીગનો ફાયદો નથી ઉઠાવતા તેઓ મેહફિલે મીલાદની બરકતો તથા ભલાઈઓથી મેહરૂમ છે.'' *(અલ્ મવલુદુર્રવી ફી મવલિદન્નબી, પેજ–૮૭૭)*

## અલ્લામા શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ

હમેશાંથી મુસલમાનોનો આ દસ્તૂર રહ્યો છે કે રબીઉલ અવ્વલના મહિનામાં મીલાદની મેહફિલો કાયમ કરે છે, સદકાઓ, ખૈરાતો તથા ખુશીઓ વ્યક્ત કરવા માટે (ભવ્ય) આયોજન કરે છે. તેમની કોશિશ એ હોય છે કે આ દિવસો માટે વધુથી વધુ નેક કામો કરે. આ જ અવસર પર તેઓ વિલાદતે બાસઆદતના વાકિઆ પણ બયાન કરે છે.''

*(માષબત મિનસ્સુન્નહ, પેજ–૬૦)*

## હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી رحمۃ اللہ علیہ

''આપણા ઉલમા મૌલૂદ શરીફના વિશે ઘણો ઝઘડો કરે છે જ્યારે કે ઉલમા તેના જાઈઝ હોવા તરફ પણ ગયા છે. જ્યારે જાઈઝ હોવાની સ્થિતિ મૌજૂદ છે તો પછી કેમ આવી સખ્તાઈ કરે છે ? અને આપણા માટે હરમૈન (મક્કા મુઅઝ્ઝમા, મદીના તૈયબા)ની પૈરવી કાફી છે. હા ! કયામના સમયે અકીદો તવલ્લુદ (પૈદાઈશ)નો ન કરવો જોઈએ, જો આયોજન આગમન માટે કરવામાં આવે તો કોઈ વાંધો નથી, કેમ કે આલમે ખલ્ક (દુનિય) સમય તથા જગ્યાથી

સંબંધિત છે અને આલમે અમ્ર (રૂહોની દુનિયા) બંનેથી પાક છે, તો પછી ઝાતે બાબરકતનું તશરીફ લાવવું અસંભવ નથી.'' *(શમાઈલે ઈમદાદિયા, ૯૪)*

આ ઉપરાંત અન્ય એક જગ્યાએ પોતાનો મઝહબ બયાન કરતાં લખે છે, ''અને ફકીરનો (હાજી સાહબનો) મઝહબ એ છે કે મેહફિલે મીલાદમાં શરીફ થાઉં છું બલ્કે બરકતોનો સબબ જાણીને દર વરસે આયોજન કરું છું અને કયામમાં (ઊભા થવામાં) આનંદ તથા લિજ્જત પામુ છું.''

*(ફૈસલા હફ્ત મસ્અલા, પેજ-૧૧૧)*

પ્રિય વાંચકો ! અલ્લાહ ﷻનો કરમ અને બારમીવાળા સરકાર ﷺના સદકામાં ૧૨ મહાનતમ ઉલ્મા, ફુકહા તથા મુહદ્દિષીને કિરામના કથનો અત્રે રજૂ કર્યા, હવે ફૈસલો આપના હાથમાં છે કે હક્ક શું છે ? અને બાતિલ શું છે ?

અલ્હમ્દુલિલ્લાહ ! એહલે સુન્નત વલ જમાઅતનો એ જ અકીદો છે કે સરકારે દો આલમ ﷺની મીલાદ મનાવવી જાઈઝ તથા મુસ્તહસન છે, સવાબનું કાર્ય અને બરકતોનું કારણ છે. અને દેવબંદી પેશવાઓના શૈખે તરીકત હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી રહમતુલ્લાહ અલૈહનું કથન આપણે જોયું કે આપ મૌલુદમાં કયામ (ઊભા થવા)ને જાઈઝ સમજતા હતા, પરંતુ આપના નાખલફ (કપૂત) ખલીફાઓ અને મુરીદો પોતાના પીરના કથન અને અમલથી વિરુદ્ધ કહેતા અને કરતા જોવામાં આવે છે અને મેહફિલે મીલાદુન્નબી ﷺને શિર્ક તથા બિદઅત કહે છે. અલ્લાહ તઆલા સુન્ની સહીહુલ અકીદા મુસલમાનોને અંગ્રેજના આવા નમકખોરોથી બચાવે કે જે નબીનો કલ્મો પઢે છે ! અને તેમની જ શાનમાં ગુસ્તાખી અને તૌહીન કરીને પોતે મુસલમાન હોવાના દાવા કરે છે !

હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી રહમતુલ્લાહ અલૈહના બે કથનો આપણે જોયાં, જરા કોઈ વહાબી દેવબંદીને પૂછશો કે હઝરત ઈમ્દાદુલ્લાહ મક્કી કોણ છે ?! આપ સુન્ની સહીહુલ અકીદા આલિમે શરીઅત અને આમિલે તરીકત બુઝુર્ગ હતા, જેમને દેવબંદીઓ, વહાબીઓ પણ પોતાના પીર માને છે. પીરનો અકીદો તો આપણે જોયો, તેના વિરુદ્ધ દેવબંદીઓ, વહાબીઓ બૂમબરાડા પાડીને પોતાના પીરો મુર્શિદના અકીદાને પણ શિર્ક બિદઅત કહેવાથી અચકાતા નથી જણાયું કે શૈતાનના આ શિષ્યો પોતાના પીરના પણ વફાદાર નથી ! એમને તો અંગ્રેજ સરકારની જ ખુશી સૌથી વહાલી છે. કહે છે કે બીજાને ફેંકવા માટે કૂવો ખોદનાર પોતે જ તેમાં પડે છે. એમની સાથે પણ આમ જ બન્યું કે સુન્ની સહીહુલ્ અકીદા મુસલમાનોને ''શિર્ક ! બિદઅત ! શિર્ક ! બિદઅત !'' કહી મુશ્રિક અને બિદઅતી બનાવવાની કોશિશમાં વહાબી, દેવબંદી જહન્નમી કૂતરાઓ પોતે જ જહન્નમના ઊંડા ખાડામાં ખાબકી પડયા ! કઈ રીતે ?! મીલાદ અને કયામને જાઈઝ માનવું એમના નજીક શિર્ક તથા બિઅદત અને જાઈઝ માનનાર મુશ્રિક તથા બિદઅતી થયા, તો પછી હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી રહમતુલ્લાહ અલૈહને પીર બનાવી તેઓ ક્યાંથી મો'મિન રહ્યા ?!

હવે આ અધર્મીઓના એક શૈતાની અકીદાને એક નજરમાં જોતાં જઈએ :-

જનાબ મૌલ્વી રશીદ અહમદ ગંગોહીએ લખી નાખ્યું :-

*''ઈન્એકાદે મજલિસે મૌલૂદ બેહૂને કયામ બરિવાયતે સહીહ હરહાલ નાજાઈઝ હૈ. તદાઈ અમ્રે મંદૂબ કે વાસ્તે મના હૈ.'' (ફતાવા રશીદિયા, ૨/૯૨)*

*(અર્થ) : ''મેહફિલે મીલાદનું આયોજન કરવું જેમાં કયામ ન કરવામાં આવે અને (નબી ﷺની પેદાઈશ સંબંધિત) સહીહ રિવાયતો બયાન કરવામાં આવે તો પણ સંદતર નાજાઈઝ છે. મુસ્તહબ કાર્ય માટે લોકોને આવકારવું મના છે.''*

આ ગુમરાહોના ગુમરાહ મોલ્વી ખલીલ અહમદ અંબેઠવીએ તો એટલે સુધી લખી દીધું :-

*''પસ હર રોઝ ઈઆદહ વિલાદત કા તો મિષ્લ હુનૂદ કે સાંગ કન્નય્યાહ કી વિલાદત કા હર સાલ કરતે હૈં, યા મિષ્લે રવાફિઝ કે નકલે શહાદતે અહલે બૈત હર સાલ બનાતે હૈં. મઆઝલ્લાહ ! સાંગ આપ કી વિલાદત કા ઠહરા ઔર ખૂદ હરકતે કબીહા કાબિલે લવમ વ હરામો ફિસ્ક હૈ. બલ્કે યે લોગ ઈસ કૌમ સે બઢ્હ કર હુવે. વો તો તારીખે મોઅય્યન પર કરતે હૈં ઈન કે યહાં કોઈ કૈદ નહીં જબ ચાહેં યે ખુરાફાતે ફરઝી બનાતે હૈં ઔર ઈસ અમ્ર કી શરઅ મેં કહીં નઝીર નહીં.'' (બરાહીને કાતિઆ, ૧૪૮)*

અલ્લાહની પનાહ ! ક્યાં કનૈયાનું સ્વાંગ અને ક્યાં મીલાદે મુસ્તફા ! ﷺ પોતે ભાતભાતની ખુરાફાત

આચરનારા આ ખુરાફાતીને ઝિક્રે વિલાદતે રસૂલ ﷺ પણ ખુરાફાત દેખાયું. એના અનુસાર અંતમાં એનો પુરાવો નથી એ પણ ખોટુ નથી કારણ કે જ્યારે પોતાનો દીન ધર્મ અને શરમ હયા અંગ્રેજોના હાથે વેચી બેઠા છે તો હવે શરીઅતે મુતહ્હરાના ક઼ાયદા ક઼ાનૂન, કુર્આનો હદીષની રોશન હિદાયતો, બુઝુર્ગાને દીન અને ફક઼ીહો તથા મુહદ્દિષોના સ્પષ્ટ કથનો, ખૂદ પોતાના પીરો મુર્શિદ હાજી ઈમ્દાદુલ્લાહ મક્કી رحمۃ اللہ علیہની વસિયતો તથા નસીહતો પણ આ અભાગ્ય લોકોને યાદ ન રહી તો એમનામાં દીનની સમજ ક્યાંથી હોઈ શકે ?! સાચે જ કહ્યું છે :–

*''ખુદા જબ દીન લેતા હૈ તો અકલેં છીન લેતા હૈ''*

ઉપરની ગંદી ગુસ્તાખી ભરી લીટીઓમાં ''ક઼ૌમ'' શબ્દ વડે અહલે સુન્નત વલ જમાઅતને સંબોધવામાં આવ્યા છે. પોતે તો આ ક઼ૌમ (અહલે સુન્નત)માંથી નથી એટલે રાફઝીઓ, હિંદુઓ તો આ પેટના પૂજારીઓ અને દીન ફરોશોની નજરમાં બરાબર છે, પરંતુ સુન્નીઓ જ્યારે રહમતે આલમ ﷺની મીલાદ મનાવે છે તો એમના પેટમાં કીડા સળવળે છે. અલ્લાહના નેક બંદાઓથી હસદ અને જલનની અગ્નિમાં એમના દિલ ધૂમાડા થાય છે, એટલે સુધી કે આ અક્ક઼લના ઓથમીરોને શરીઅતમાં એનુ કોઈ દષ્ટાંત નથી જડતું ! આવા દીન ફરોશોથી અલ્લાહ તઆલા સુન્નીઓની હિફાઝત ફર્માવે જે પોતાના નબીના નથી થઈ શકતા એ બીજાના કઈ રીતે થઈ શકે ?! હે ભોળા સુન્નીઓ ! આ વાતોને ઘણા જ ધ્યાપૂર્વક વિચારશો.

મુસ્તનદ (ભરોસાપાત્ર) મુહદ્દિષો તથા ફુક઼હાએ કિરામના સ્પષ્ટ તથા રોશન લખાણો તથા હિદાયતો વર્ણવ્યા બાદ હવે ચૌદમી સદીની મહાન શખ્સિયત મુજદ્દિદે આ'ઝમ, આ'લા હઝરત, અશ્શાહ ઈમામ અહમદ રઝા ક઼ાદરી બરકાતી બરેલ્વી رحمۃ اللہ علیہનું ઈમામ અફરોઝ તથા બાતિલસોઝ (બાતિલને ધ્વસ્ત કરનાર) લખાણ વાંચો જે આપણા તમામ મુસ્તનદ (ભરોસાપાત્ર) ઉલમા તથા ફુક઼હાના લખાણોનો નિચોડ છે.

આ'લા હઝરત ફર્માવે છે :–

''મૌલા તઆલા તૌફીક઼ આપે તો અહીંયા (એક) નિષ્પક્ષ લેખક માટે આટલુ કાફી છે. આ બાબરકત કામ એટલે કે હુઝૂર ખૈરુલ અનામ ﷺની વિલાદતના ઝિક્ર સમયે ઊભા થવું સેંકડો વરસોથી ઈસ્લામી આબાદીઓમાં પ્રચલિત તથા મામૂલ (નિયમ) છે. અને અકાબિર ઈમામો તથા ઉલમામાં મક઼બૂલ તથા નિશ્ચિત થયેલ છે. શરીઅતમાં તેનાથી રોકવું જોવા નથી મળતું. અને શરીઅતના મના કર્યા વિના મના કરવું મરદૂદ (અસ્વિકૃત) છે.

અર્થાત : ''બેશક ! હુકમ અલ્લાહનો જ છે, અને બેશક ! હરામ તે જ છે જેને અલ્લાહ તઆલાએ હરામ કર્યું છે. અને જેના વિશે કાંઈ નથી ફર્માવ્યું તે અલ્લાહ તરફથી માફ છે.'' ખાસ કરીને હરમૈન તૈયબૈન (મક્કા મુઅઝ્ઝમા તથા મદીના મુનવ્વરા) કે જે ઈમાન તથા દીનનું કેન્દ્ર તથા મર્કઝ છે, ત્યાંના અકાબિર ઉલમા તથા ચારેવ મઝહબના મુફતીઓ મુદ્દતોથી આ કાર્ય (મીલાદ) કરનારા તથા (જાઈઝ) કહેનારા છે. ભરોસાપાત્ર ઈમામોએ તેને હરામ નથી ફર્માવ્યું બલ્કે નિશ્ચિત રીતે મુસ્તહબ તથા જાઈઝ ઠરાવ્યું છે.'' *(ફતાવા રઝવિય્યા, ભાગ–૧૨, પેજ–૬૦)*

પ્યારા વાંચકો ! કેવા પ્યાર તથા પ્રેમભર્યા લખાણથી ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ સમજાવી રહ્યા છે, તો પણ અમુક લોકો આપને (આ'લા હઝરતને) દીનમાં કટ્ટરવાદી કહે છે ! હા ! આપ (આ'લા હઝરત) અતિ સખત (કટ્ટરવાદી) દીનના દુશ્મનો પર, ખુદા વ રસૂલના દુશ્મનો તથા ગુસ્તાખો ઉપર હતા પરંતુ પોતાનાઓ માટે અદનાથી અદના સુન્ની માટે અતિ મહેરબાન હતા. તેમનું દિલ ઈશ્કે રસૂલ ﷺનો ખજાનો હતું. આપ (આ'લા હઝરત) દરેક વ્યક્તિને આ રંગમાં રંગાયેલા જોવા માંગતા હતા જેમ કે, પોતાના નઅતિયા દીવાના ''હદાઈક઼ે બખ્શિશ''માં ફર્માવે છે :–

*નૂરે ઈલાહ ક્યા હૈ મહબ્બત હ઼બીબ કી*
*જિસ દિલમેં યે ન હો વો જગા ખૂકો ખર કી હૈ*
*બે ઉન કે વાસ્તે ખુદા કુછ અતા કરે*
*હાશા ! ગલત ગલત, યે હવસ બે બસર કી હૈ*

પ્યારા વાંચકો ! હક઼ીક઼તો તથા પુરાવાઓ આપની નજરો સમક્ષ છે, ફેંસલો તમારે જ કરવાનો છે કે શરીઅતની પેરવી ક્યાં છે ? અને નફ્સ તથા તબીઅતની પેરવી ક્યાં છે ? *(જાન્યુ. થી માર્ચ–૨૦૧૦, સુન્ની દા'વતે ઈસ્લામી, ત્રિમાસિક) (બરકાતે ખ્વાજા, ફેબ્રુઆરી–૨૦૧૦)*

# પ્યારા નબી ﷺ નું નામ સાંભળી દુરૂદ શરીફ ન પઢવું કેવું ?!

અઝ : **મૌલાના મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી**
(હાલ સેન્ટ્રલ મસ્જિદ લેસ્ટર, યુ.કે.

તાજદારે રિસાલત ﷺનું ફર્માને આલીશાન છે, "બખીલ છે તે માણસ જેની સામે મારું નામ લેવામાં આવે અને મારા પર દુરૂદ ન મોકલે." *(મિશ્કાત)*

"શિફાઉલ કુલૂબ"માં છે કે એક માણસ મૃત્યુ પામ્યો તેના માટે કબર ખોદવામાં આવી તેમાંથી એક ખતરનાક કાળો સાપ જોવામાં આવ્યો. લોકોએ ગભરાઈને કબર બંધ કરી દીધી અને બીજી કબર ખોદી તો તેમાં પણ તે જ ખતરનાક સાપ હતો, છેવટે ત્રીજી કબર ખોદી તો ત્યાં પણ તે જ કાળો સાપ હતો. લોકો હેરાન થઈ ગયા તો સાપે પોતાનું મોઢું ખોલ્યું અને કહ્યું કે તમે જ્યાં પણ કબર ખોદશો હું ત્યાં પહોંચીશ ! લોકોએ તેને પૂછયું કે આ ગજબ શા માટે છે ?! તો સાપે જવાબ આપ્યો કે આ માણસ જ્યારે પ્યારા નબી ﷺનું નામ સાંભળતો તો દુરૂદ પઢવામાં બખીલી (કંજૂસાઈ) કરતો હતો જેથી હવે હું તેને બખીલીની સજા આપવા માટે આવ્યો છું !

પ્યારા વાંચકો ! જો આ પ્રકારની બખીલી આપણામાં પણ હોય તો ખુદારા સાચી તૌબા કરી લો અને જ્યારે પણ પ્યારા નબી ﷺનું નામ સાંભળો તો અચુક દુરૂદ શરીફ પઢો એટલે કે, "صَلَّى اللهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ" પઢવાની આદત બનાવો.

સામાન્ય રીતે જોવામાં આવ્યું છે કે જ્યારે પણ પ્યારા નબી ﷺનું નામ લેવામાં આવે છે અથવા કોઈ આલિમ સાહબ પોતાના બયાનમાં પ્યારા નબી ﷺનું નામ લે છે તો ઘણા લોકો દુરૂદ શરીફ પઢવામાં સુસ્તી કરે છે. અઝાનમાં પણ જયારે નબી ﷺનું નામ મુબારક આવે તો અંગુઠા ચૂમી દુરૂદ શરીફ પઢી લેવું જોઈએ. આ પ્યારા સહાબી હઝરત સિદીકે અકબર رضی اللہ عنہની સુન્નત છે. સરકારે મદીના ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, **"જે મારા પ્યારાની જેમ કરશે તેના પર મારી શફાઅત વાજિબ થઈ જશે."** *(મક઼ાસિદે હસના)*

વધુ ફર્માવ્યું કે, **"અમે ક઼યામતની સફોમાં તેને શોધી પોતાની પાછળ જન્નતમાં લઈ જઈશું."**

હઝરત ઈમામ હસન رضی اللہ عنہથી રિવાયત છે કે, **જે માણસ અઝાનમાં નબી ﷺનું નામ મુબારક સાંભળી પોતાના અંગુઠા ચૂમી આંખો પર લગાડશે તે કદીયે આંધળો નહીં થાય અને ન તો તેની આંખો દુઃખશે.** *(મક઼ાસિદે હસના)*

હઝરત શૈખ નૂરૂદીન ખુરાસાની علیہ رحمۃ اللہ الرضوانથી મનકૂલ છે કે અઝાનના સમયે અમુક લોકો આપને મળ્યા, જ્યારે મુઅઝ્ઝિને સરકાર ﷺનું નામ મુબારક પુકાર્યું તો આપે પોતાના અંગુઠાને બોસો આપી આંખો પર લગાડયા. લોકોએ આપને કારણ પૂછયું તો આપે ફર્માવ્યું કે, હું પહેલાં અંગુઠા ચૂમતો હતો પછી છોડી દીધું ત્યારે મારી આંખો બીમાર થઈ ગઈ. મેં તાજદારે મદીના ﷺની ખ્વાબમાં ઝિયારત કરી, પ્યારા નબી ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, "તેં અઝાનના સમયે અંગુઠાને આંખો પર લગાડવાનું કેમ છોડી દીધું ? તું આ કામ ફરી શરૂ કર, તારી આંખો સારી થઈ જશે." જ્યારે હું જાગૃત થયો તો ઉપરોક્ત અમલ કરવાનું શરૂ કરી દીધું. ત્યાર પછી મને એવો આરામ થયો કે અત્યાર સુધી તે બીમારી પાછી નથી આવી.

હઝરત આદમ علیہ السلامએ પ્યારા નબી ﷺના નૂરને જોવાની તમન્ના કરી તો તે નૂર મુબારક આપના અંગુઠામાં નખોમાં નાખવામાં આવ્યું. આપે મહોબ્બતના કારણે અંગુઠા ચૂમ્યા અને પોતાની આંખોથી લગાડયા. *(જાઅલ હક઼)*

પ્યારા વાંચકો ! જાણવા મળ્યું કે અઝાનમાં પ્યારા નબી ﷺનું નામ સાંભળી અંગુઠા ચૂમવા મુસ્તહબ અને બરકતનું કારણ છે.

યાદ રાખો કે દુરૂદ શરીફ પઢવા સિવાય લખવાવાળાનો પણ ઘણો જ ઊંચા મર્તબો છે. એ જ રીતે رضی اللہ عنہના બદલે "રદી." رحمۃ اللہ علیہના બદલે "રહ." લખે છે જે ખોટું છે.

પ્યારા વાંચકો ! અત્યંત નાજુક જમાનો છે, ફાલતુ અને ફુઝૂલ લેખો માટે હજારો પાનાંઓ કાળાં કરી દેવામાં આવે છે ! પરંતુ જ્યારે પ્યારા નબી ﷺનું નામ આવે છે તો લેખક ભાઈઓ" صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ" લખવામાં બખીલી કરે છે ! કોઈ **સ.અ.વ.** કે **સલ્અમ** લખે છે તો કોઈ "અલૈહિસ્સલામ"ને બદલે **અલ.** લખે છે !

હઝરત અલ્લામા જલાલુદ્દીન સુયુતી رحمۃ اللہ علیہ ફર્માવે છે, **"પહેલો માણસ જેણે દુરૂદ શરીફ ટૂંકાવ્યું તેના હાથ કાપી નાખવામાં આવ્યા."**

અલ્લાહુ અકબર ! કેટલો અઝીમ જમાનો હતો કે દુરૂદ શરીફને ટૂંકાવનારના હાથ કાપી નાખવામાં આવતા હતા ! અને કેમ નહીં કે માલની ચોરી કરનારના તો હાથ કાપવામાં આવે છે પણ **દુરૂદ શરીફ ટૂંકાવનાર નબી ﷺની અઝમતની ચોરી કરે છે !** અને જેના દિલમાં નબી ﷺની અઝમત છે તે જાણે છે કે **માલની ચોરી કરતાંયે સખત નબી ﷺની અઝમતની ચોરી છે.** ઉપરોક્ત સજા હજુ ઓછી છે. પરંતુ અફસોસ ! કે આજકાલ આ ચોરી સામાન્ય થઈ ગઈ છે. દરેક કિતાબ દરેક ન્યુઝ પેપર **"સ.અ.વ., અલ."** અને **"સલ., રહ."**થી ભરેલાં પડયાં છે. માત્ર લખવા સુધી જ બાકી નથી રહ્યું હવે તો લોકોની જબાનો પર "સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ"ના બદલે "સલઅમ" સાંભળવામાં આવે છે !

યાદ રાખશો ! **'સલ્અમ'** એક નિરર્થક શબ્દ છે જેનો કોઈ મતલબ જ નથી થતો. નબી ﷺની સાચી મહોબ્બત રાખનાર લોકો **"સલ્અમ"** કદીયે ઉપયોગ નહીં કરે બલ્કે આખુ "સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ" બોલવાની, લખવાની આદત રાખશે.

હઝરત અબૂ સુલયમાન رحمۃ اللہ علیہ પોતાનો એક વાક્યો બયાન ફર્માવે છે કે એકવાર મેં પ્યારા નબી ﷺને ખ્વાબમાં જોયા. સરકાર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, હે અબૂ સલમાન ! તું મારું નામ લે છે અને તેના પર દુરૂદ શરીફ પણ પઢે છે, "વ સલ્લમ" શા માટે નથી કહેતો ?! એ ચાર શબ્દો છે અને દરેક શબ્દ પર દસ નેકીઓ મળે છે. (અલ કૂવલુલ બદીઅ) "સલ્લલ્લાહુ અલૈહ" એટલે કે અલ્લાહના દુરૂદ આપના પર નાઝિલ થાય પરંતુ આમાં સલામનો સમાવેશ નથી જ્યારે કે "સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ"માં દુરૂદ તથા સલામ બંનેવ સામેલ છે.

પ્રિય વાંચકો ! જરા ધ્યાન આપો કે માત્ર "વસલ્લમ" શબ્દ છોડવાના કારણે પ્યાર । નબી ﷺ ખ્વાબમાં તશરીફ લાવી નારાજગીનો ઈઝહાર ફર્માવે છે, તો જે ગાફિલ અને સુસ્ત લોકો આખુ "સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ" ગાયબ કરી માત્ર "સલ્અમ" લખી દે છે તો પ્યારા આકા ﷺ તેમનાથી કેટલા નારાજ હશે ?! તેમજ અન્ય નબીઓના નામ સાથે **અલ.** ને બદલે **"અલૈહિસ્સલામ"** કે **"અલૈહિસ્સલાતુ વસ્સલામ"** પૂરું લખવું જોઈએ.

"સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ" તો આખુ લખવાનું જ છે પણ એ જ રીતે સહાબાએ કિરામ તથા ઔલિયાએ કિરામના મુબારક નામો સાથે પણ **"રદી., રહ."** પણ લખવાની મનાઈ છે." "રદિયલ્લાહુ અન્હૂ" અને "રહમતુલ્લાહિ અલૈહ" આખુ લખવું જોઈએ."

અલ્લાહ તઆલા આપણને દુનિયા તથા આખિરતમાં પોતાના મહબૂબ ﷺની નારાજગીથી બચાવે. (આમીન)

# મીલાદુન્નબી ﷺ માં ખુશી મનાવવી એ ઈમાનવાળાઓનો તરીકો

કાર્યાલય

**નિષાર તેરી ચહલ પહલ પર હઝારોં ઈદે રબીઉલ અવ્વલ**
**સિવાયે ઈબ્લીસ કે જહાંમેં સભી તો ખુશિયાં મના રહે હૈં !**

### ★ રબ ફરિશ્તાઓમાં ફખ્ર ફર્માવે છે !! ★

અલ્લાહ તબારક વ તઆલાના એહસાનનો શુક્ર અદા કરવો એ સહાબાએ કિરામની સુન્નત છે. સહીહ મુસ્લિમ શરીફ (કિતાબુઝ્ ઝિક્ર વ દુઆઅ)માં છે : હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہથી રિવાયત છે કે હઝરત રિસાલત મઆબ ﷺ દૌલતખાનામાંથી પોતાના યારોની મજલિસમાં તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, આ શાની મજલિસ છે ? અર્ઝ કરી, એ વાતની કે ખુદાનો ઝિક્ર કરીએ અને તેની એ નેઅમત પર કે અમને ઈસ્લામની હિદાયત ફર્માવી અને એની સાથે અમારા પર એહસાન કર્યું તેનો શુક્ર અદા કરીએ. ફર્માવ્યું, તમને ખુદાની કસમ ! શું કેવળ આ જ કામની મજલિસ કરી છે ? અર્ઝ કરી, ખુદાની કસમ ! કેવળ એ જ કામની મજલિસ કરી ! ફર્માવ્યું, ખબરદાર થઈ જાવ ! મેં તમારા પર આક્ષેપ કરવા તમારાથી કસમ નથી લીધી બલ્કે થયું એવું કે જિબ્રઈલ علیہ السلام મારી પાસે આવ્યા અને મને ખબર આપી કે અલ્લાહ તઆલા તમારી સાથે ફરિશ્તાઓ સાથે ફખ્ર ફર્માવે છે.'' આવો ! હવે જુઓ કુર્આનમાં રબ તઆલા ફર્માવે છે :

لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ اِذْ بَعَثَ فِيْهِمْ رَسُوْلًا

''બેશક ! અલ્લાહનો મહાન એહસાન થયો મુસલમાનો ઉપર કે એમનામાં એમનામાંથી જ એક રસૂલ મોકલ્યા.'' *(સૂરએ આલિ ઈમરાન, પારા : ૪, રુકૂઅ : ૮, આયત : ૧૬૪)*

વિચારો ! રબ તઆલાએ માનવીને દુનિયાની અસંખ્ય નેઅમતો માલ, દૌલત, સૂરજ, ચાંદ તથા શરીરમાં તંદુરસ્તી, ખૂબસૂરતી, આંખ, કાન...વગેરે આપીને એહસાન કર્યાનું નથી ફર્માવ્યું પણ હુઝૂર ﷺની જાતને મોકલવા પર ફર્માવ્યું, ''અલ્લાહે મુસલમાનો પર એહસાન ફર્માવ્યું.'' સારાંશ કે નબી ﷺની જાત એ સૌથી શ્રેષ્ઠ નેઅમત છે, તો આ શ્રેષ્ઠ નેઅમત મળવા પર ખુદા વ રસૂલના ઝિક્રની મેહફિલ સજાવીએ તો તેની ફઝીલત તો હદીષથી સાબિત છે કે રબ તઆલા એના પર ફરિશ્તાઓમાં ફખ્ર ફર્માવે છે, તો જે દિલના આંધળાઓ એને બિદઅત તથા હરામ કહે છે તેઓ જાતે જ પોતાની ગુમરાહીનું તથા તેમને નબીથી અદાવત હોવાનું એલાન કરી રહ્યા છે કે નહીં ?!

### ★ દુરૂદ પઢતાં મજલિસેથી પાકીઝા ખુશ્બુ ઉઠે છે ★

વળી મીલાદુન્નબી ﷺની મેહફિલમાં ખૂબ જ પ્રમાણમાં દુરૂદે પાક પઢવા પઢાવવામાં આવે છે તો એની ફઝીલતમાં ''દલાઈલુલ ખૈરાત શરીફ''માં ફર્માવ્યું, કેટલાક સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી મરવી થયું કે જે મજલિસમાં મુહમ્મદ ﷺ પર દુરૂદ શરીફ પઢવામાં આવે છે એનાથી પાકીઝા ખુશ્બુ ઉઠે છે ત્યાં સુધી કે આસ્માન સુધી પહોંચે છે. ફરિશ્તા કહે છે, આ તે મજલિસ છે જેમાં રસૂલુલ્લાહ ﷺ પર દુરૂદ પઢવામાં આવ્યું.'' (સુબ્હાનલ્લાહ !)

### ★ નબીઓના વિલાદતનો ઝિક્ર ખુદાની સુન્નત ★

ખૂદ રબ તઆલાએ કુર્આન મજીદમાં હઝરત મરયમ તથા હઝરત ઈસા તથા હઝરત યહ્યા તથા હઝરત આદમ علیہم السلامની વિલાદતે પાકનું વર્ણન કુર્આન મજીદમાં બયાન ફર્માવ્યું છે અને હઝરત મૂસા علیہ السلامની

વિલાદત, રઝાઅત, નિકાહ, મો'જિઝાઓ, હિજરત તથા કોહે તૂર પર ખુદાથી હમકલામી અને રિસાલત તથા નબુવ્વતનું હાંસલ થવું, ફિરઔન પાસે જવું તથા અન્ય હાલતની વિગતો પોતાના પવિત્ર કલામમાં ઠેક ઠેકાણે વારંવાર વર્ણન કરી. હવે જે શખ્સ આ આયતોની તફસીર તથા એ વાકૃયાઓની આયતો પર વઅઝ થશે અને એકબીજાને એ વઅઝમાં બોલાવે અને લોકોને જમા કરવાની કોશિશ કરવામાં આવે, તો એવી મજલિસને બિદઅત તથા ગુમરાહી કહીશું કે હિદાયતની કહીશું ?

સુબ્હાનલ્લાહ ! આગલા અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامના વિલાદતનું વર્ણન એ ઈબાદત તથા હિદાયત ઠરે અને ખૂદ પરવરદિગાર કુર્આને પાકમાં વર્ણન કરે, અને સૈયદુલ અંબિયા ﷺની વિલાદતનું વર્ણન એ જ અંદાઝમાં બિદઅત તથા ગુમરાહી ઠરે ?! (અલ્અયાઝુ બિલ્લાહ !) વાહ ! શું ઈમાન તથા ઈન્સાફ છે ?!

### ★ મીલાદુન્નબી ﷺ વિશે મહાન ઈમામોના કૌલ ★

ઈમામ હાફિઝ ઈબ્ને હજર رحمة الله عليه ફર્માવે છે : "એ પણ આપણા હક્કમાં મુસ્તહબ છે કે વિલાદતે નબી ﷺનો શુક્ર મજમો કરીને ખાવા ખવડાવીને અથવા એના જેમ કુર્બત તથા ખુશી પ્રદર્શિત કરતા અમલો થકી બજાવી લાવીએ." *(અલ્હાવી લિલ્ ફતાવા)*

ઈમામ મુહક્કિક્ હાફિઝ અબૂ ઝરઆ વલીયુદ્દીન ઈરાકી رحمة الله عليه ફર્માવે છે : "ખુશીના પ્રસંગે મુસલમાનોને દા'વત આપવી, ખાવા ખવડાવવું દરેક વખતે મુસ્તહબ છે. તો પછી એ સ્થિતિનું શું કહેવું જ્યારે એની સાથે માહે મુબારકમાં નૂરે નબુવ્વતના ઝહૂરની ખુશી મળી જાય...."

ઈમામ કસ્તલાની મવાહિબમાં લખે છે : "જ્યારે જુમ્આના દિવસે આદમ ﷺની વિલાદતના સબબે એવી ઘડીથી ખાસ થયું કે જે મુસલમાન એ વખતે કોઈ ભલાઈ માગે તો ખુદા તઆલા તેને આપે છે. તો એ ઘડીનું શું કહેવું જેમાં પયગંબરોના સરદાર પેદા થયા ?! ﷺ"

ઈમામ હાફિઝ અબુલ ખૈર બિન જઝરી અબૂ લહબનો કિસ્સો વર્ણવે છે કે અબૂ લહબે પોતાના ભાઈ હઝરત અબ્દુલ્લાહને ત્યાં ભત્રીજા (મુહમ્મદ ﷺ)ની પેદાઈશની ખુશીમાં પુત્ર જન્મની ખબર આપનાર લોંડીને આઝાદ કરી દીધી હતી. તો મીલાદુન્નબી ﷺની રાત્રે તેના અઝાબમાં રબ કમી ફર્માવે છે એવું એણે ખ્વાબમાં દર્શાવ્યું. ત્યાર બાદ ફર્માવે છે, "જ્યારે અબૂ લહબ જેવો કાફિર જેની બુરાઈમાં કુર્આન નાઝિલ થયું તેવો સખત કાફિર જ્યારે નબી ﷺની વિલાદત પર ખુશી પ્રદર્શિત કરવામાં મીલાદની રાત્રે અઝાબમાં કમી પામે, તો શો હાલ છે એ મુસલમાનનો, મુહમ્મદ ﷺના ઉમ્મતીનો જે હુઝૂર ﷺની વિલાદત પર ખુશ થયો અને શક્તિ અનુસાર હુઝૂર ﷺની મહોબ્બતમાં પોતાનો માલ ખર્ચ કર્યો ? કસમ છે મારી જિંદગીની કે એનો બદલો ખુદા કરીમથી એ જ છે કે પોતાના ફઝ્લે અમીમથી તેને જન્નાતે નઈમમાં દાખલ ફર્માવે."

ઈમામ કસ્તલાની મવાહિબમાં ઈમામ ઈબ્ને જઝરીથી નકલ કરે છે : "એ શખ્સ પર અલ્લાહ ﷻની રહમત થાય જે માહે મુબારક વિલાદતે અક્દસ ﷺની રાતોને ઈદ ઠરાવે, જેથી કરીને જેના દિલમાં બીમારી તથા કીનો છે તેના પર સખત તથા ભારે ગુજરે."

### ★ દેવબંદી મોલ્વીઓના પીરો મુર્શિદ મીલાદની મેહફિલમાં ?! ★

દેવબંદી પેશવાઓ થાનવી વગેરેના પીર શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمة الله عليه "ફુયૂઝુલ હરમૈન"માં લખે છે : "હું એ મજલિસમાં જે મીલાદુન્નબી ﷺના દિવસે મક્કા શરીફમાં યોજાયી હતી તેમાં હાજર હતો. લોકો દુરૂદ પઢતા હતા અને હુઝૂરે અક્દસ ﷺનો ઝિક્રે ખૈર કરતા હતા. એકાએક મેં કેટલાક અન્વાર જોયા કે એકદમ

બુલંદ થયા. હું નથી કહેતો કે મેં એને શરીરની આંખ વડે નથી જોયા, ન એવું કહીશ કે કેવળ રૂહાની નજરથી જોયા છે, ખુદાને જ ખબર છે કે શું કૈફિયત હતી એની ! અને એ દરમ્યાન મેં એ અન્વાર જોયા તો એ અન્વાર તે ફરિશ્તાઓની તરફથી પામ્યા જેઓ આવી મજલિસો પર નિયુક્ત છે, અને અન્વારે મલાઈકાને અન્વારે ઈલાહી સાથે મળેલા જોયા.'' સારાંશ કે **નજદી વહાબીના જુલ્મથી થયેલા કબજા પહેલાં અરબસ્તાનમાં મક્કા મદીનામાં મીલાદુન્નબી ﷺની મેહફિલો થતી હતી. તેમજ દેવબંદી એને બિદઅત કહેતા હોય તો શાહ વલીયુલ્લાહ رحمۃ اللہ علیہને પણ બિદઅતી જાહેર કરે !** તેમજ કિતાબ ''ઈન્તેબાહ'' તથા ''દુર્રે ષમીન'' વગેરેમાં પોતાના વાલિદ શાહ અબ્દુર્રહીમ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہથી નક્લ કરે છે : ''હું મૌલૂદ શરીફના દિવસોમાં નબી ﷺની નિયાઝનું ખાણુ કર્યા કરતો હતો. એક વરસે શેકેલા ચણા સિવાય કાંઈ ઉપલબ્ધ ન હતું તો મેં એ જ લોકોમાં વહેંચી આપ્યા. હુઝૂરે અક્દસ ﷺની ઝિયારતથી મુશર્રફ થયો અને જોયું કે તે ચણા હુઝૂર ﷺની સમક્ષ રાખેલા છે અને હુઝૂર ખુશ છે. ﷺ

આ સિવાય અસંખ્ય બુઝુર્ગો મીલાદુન્નબી ﷺ મનાવતા હતા જેના માટે મહાન બુઝુર્ગોની કિતાબો સાક્ષી છે. અને બુઝુર્ગાને દીનનો માર્ગ જ સીરાતે મુસ્તકીમ છે અને જેની દુઆ દરેક નમાઝમાં આપણે માગીએ છીએ કે :–

اِهۡدِ نَا الصِّرَاطَ الۡمُسۡتَقِيۡمَ ۝ صِرَاطَ الَّذِيۡنَ اَنۡعَمۡتَ عَلَيۡهِمۡ ۝ غَيۡرِ الۡمَغۡضُوۡبِ عَلَيۡهِمۡ وَ لَا الضَّآلِّيۡنَ ۝

''અમને સીધા માર્ગે ચલાવ ! એમના માર્ગે જેમના પર તેં ઈનામ ફર્માવ્યું ન એમનો રસ્તો જેમના પર તેં ગઝબ કર્યો તથા ન ગુમરાહોના માર્ગ.'' *(પારા : ૧, આયત : ૫, ૬, ૭)* તો ઉપર જે વર્ણન થયા તે બુઝુર્ગોના સીધા માર્ગે હોવા વિશે વિરોધીઓને પણ યકીન છે, તો સમજવું જોઈએ કે એમનો માર્ગ એ હતો કે મીલાદુન્નબી ﷺ પર ખુશી મનાવવી, ઝિક્રે નબી ﷺની મેહફિલો કરવી અને દરેક જાઈઝ તરીકાથી મીલાદુન્નબી ﷺમાં ખુશી પ્રદર્શિત કરવી. છતાં જેઓ એ કામોને બિદઅત, હરામ કે ગુમરાહી કહે તો જાહેર છે કે બુઝુર્ગાને દીનના માર્ગને ગુમરાહી કહેનાર ખૂદ અલ્લાહના ગઝબમાં પડનાર અને ગુમરાહ છે. *(કિતાબ : મીલાદો કિયામ, અઝ : હઝરત નકી અલીખાં رحمۃ اللہ علیہના આધારે)*

## ★ મીલાદુન્નબી ﷺમાં શું જાઈઝ શું નાજાઈઝ ?! ★

હવે મારા સુન્ની ભાઈઓને એક નમ્ર વિનંતિ સાથે અપીલ છે કે જે તરીકો મીલાદુન્નબી ﷺમાં ખુશી મનાવવાનો ઉપરોક્ત બુઝુર્ગોએ વર્ણવ્યો તેના પર અમલ કરી બરકતો તથા સવાબ અને ખુદા વ રસૂલની ખુશ્નુદી પ્રાપ્ત કરે, જેમ કે ઝિક્રની, દુરૂદની, હુઝૂર ﷺની વિલાદત વિશે, મોજિઝાઓ વિશે વગેરે બયાનની, લોકોને શીરીની કે ખાણુ ખવડાવીને, ગરીબોને બેવાઓ, યતીમોને મદદ કરીને, રોઝા રાખીને, તિલાવત ઈબાદત કરીને ખુશી પ્રદર્શિત કરે, નઅતની સલામની મેહફિલો, જુલૂસો કાઢીને, ઘરો મહોલ્લાઓને રોશની કરી સજાવીને ખુશી પ્રદર્શિત કરે. પણ **જે ચીજો ઈસ્લામમાં સ્પષ્ટ નાજાઈઝ તથા હરામ છે તે કામો કે બેન્ડ બાજા, વાજિંત્રો, ઢોલ, ત્રાંસા ન વગાડે, ગૈરો જેમ ફટાકડા ફોડી કે હવાઈઓ ઉડાડી ફુઝૂલ ખર્ચીનું હરામ કામ ન કરે, નઅત વગેરે સાથે મ્યુઝિક કે ડાન્સ ન રચે કે જે કાફિરો ફાસિકોનો તરીકો છે તેનાથી દૂર રહે, જુલૂસોમાં સ્ત્રીઓની ભેળસેળ ન થવા દે, બલ્કે ઔરતો પર્દામાં રહે અને આવા પવિત્ર જુલૂસમાં શરીઅતના હુકમો પર ચાલીને તેની હુર્મતને જાળવે.** બસ ! અલ્લાહ આપણને જે હેતુ માટે નબી ﷺનું દુનિયામાં આગમન થયું તેના પર એટલે શરીઅતની પાબંદી કરવા તથા શરીઅત પર ચાલવાની અને જીવનની દરેક પળોમાં હરામ કામોથી બચવાની તૌફીક બખ્શે. (આમીન)

(કાર્યાલય)

મુનાફિક઼ત તે આનુ નામ !

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

## કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !

*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી–પુકારવું, મદદ કરવા તસર્રુફ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* **અલ્લાહના અતા કરવાથી પણ** *માનવું* **શિર્ક** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* **તૌહીદના ઠેકેદારો** *ભૂલી જાય છે ! તેમની* **દોરંગી પોલીસી***ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : અહીં મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લે. હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી છે.) –તંત્રી*

### થાનવીની અનેક સ્થળે એક જ સમયે હાજરી !

ખ્વાજા અઝીઝુલ હસન સાહબે "અશ્રફુસ્સવાનેહ" નામની એક કિતાબ ત્રણ જિલ્દોમાં (થાન્વી સાહબનું જીવન વૃત્તાંત) લખી છે જેને ખાનક઼ાહે ઈમ્દાદિયહ થાનાભવન (જિલ્લા મુઝફ્ફરનગર)એ પ્રકાશિત કરી છે. તેમણે પોતાની એ કિતાબમાં દેવબંદી પેશવા થાન્વીનો એક વિચિત્ર કિસ્સો નક઼લ કર્યો છે. જેમાં લખ્યું છે કે :

*"લાંબો સમય થયો એક શ્રીમાને ખૂદ મુઝ નાચીઝને અહીં ખાનક઼ાહમાં એક બનાવ કહી સંભળાવ્યો હતો કે, જાણે આપણને એમ લાગે છે કે હઝરતેવાલા (થાન્વી) અહીં બેઠા છે, પરંતુ શું ખબર અત્યારે તેઓ ક્યાં હોય ! કેમ કે હું એક વખત ખૂદ હઝરતેવાલા (થાન્વી)ને થાણા ભવનમાં હાજર હોવા છતાં અલીગઢમાં જોઈ ચૂક્યો છું ! અલીગઢ ખાતે ત્યારે પ્રદર્શન હતું અને તેની અંદર ભયાનક આગ ફાટી નીકળી હતી. હું પણ પ્રદર્શનમાં મારી પોતાની દુકાન લગાવવા ગયો હતો. જે દિવસે આગ લાગવાની હતી તે દિવસે રોજના નિયમ વિરુદ્ધ અસરની નમાઝ પહેલાંથી જ મારા દિલમાં ગભરાહટ પેદા થવા લાગી હતી, જેની એ અસર થઈ કે એ માલના વેચાણનો પણ સમય હતો, છતાં હું મારી દુકાનનો બધો માલસામાન સમયથી પહેલાં સમેટીને બોકસોમાં ભરવા લાગ્યો. જ્યારે મગરિબ પછી આગ લાગવાના અવાજો શરૂ થયા ત્યારે હું એકલો હતો, અને બોકસ પણ ભારી હતાં, એટલે હું એકદમ પરેશાન થયો કે, યા અલ્લાહ ! દુકાનથી બહાર કેવી રીતે લઈ જાઉં ! એટલામાં શું જોઉં છું કે, અચાનક હઝરતેવાલા (થાન્વી) જાહેર થયા અને એક એક બોકસ પાસે જઈને ફર્માવ્યું કે, જલ્દી ઉઠાવો ! એટલે એક તરફ તો મેં બોકસોને ઉઠાવ્યાં અને બીજી તરફથી તેમણે ઉઠાવ્યાં, આમ થોડીવારમાં એક એક કરીને બધા બોકસો બહાર રખાવી દીધાં. આ આગથી બીજા દુકાનદારોનું ખૂબ જ નુકસાન થયું પરંતુ અલ્લાહની મહેરબાનીથી મારો સામાન બચી ગયો. આ સાંભળ્યા પછી નાચીઝે (લેખકે) તેમને પૂછયું કે, તમે હઝરતેવાલા (થાન્વી સાહબ)ને એ કેમ ન પૂછયું કે, તમે અહીં ક્યાંથી ? તેના જવાબમાં તેણે કહ્યું કે, અરે ! પૂછવાનો મને ત્યારે હોશ પણ ક્યાં હતો ?! હું તો પોતે જ મારી પરેશાનીમાં સપડાયેલો હતો !" (અશ્રફુસ્સવાનેહ, ભાગ : ૩, પેજ : ૭૧)*

કિસ્સો વાંચીને દિગ્મુઢ ન થઈ ગયા હોય તો એક વખત ફરી વાર તેને બરાબર વાંચી જુઓ, **એક માનવીનું એક જ સમયે એકથી વધુ સ્થળે મૌજૂદ હોવું તેમાં સ્પષ્ટ રીતે જાહેર છે,** ક્યાંય તેમાં પ્રતીકથી કામ લેવાયું નથી, સ્પષ્ટ રીતે લખેલું છે. આ એ મંઝિલ છે જ્યાં દિલ ચાહે છે કે મીલાદની મેહફિલોમાં હુઝૂરે અન્વર ﷺની પધરામણીની શક્યતા સંબંધે મૌલ્વી અશ્રફઅલી થાન્વીનો જ સવાલ દોહરાવી દઉં, જેમાં લખ્યું છે કે :–

*"અગર એક જ સમયે એકથી વધુ સ્થળે મીલાદની મેહફિલો થાય તો તમામ સ્થળે આપ તશરીફ લઈ જશે અથવા એક સ્થળે ? એ તો દલીલ વિનાની વાત છે કે, ક્યાંક જાય અને ક્યાંક ન જાય, અને અગર તમામ સ્થળે જાય તો વજૂદ આપનો એક જ છે, હજાર જગા પર કઈ રીતે જઈ શકે છે ?! (ફતાવા ઈમ્દાદિયહ્, ભાગ : ૪, પેજ : ૫૮)*

"કઈ રીતે જઈ શકે છે ?" હવે એ સવાલનો જવાબ આપણે આપવાની જરૂરત બાકી રહે છે ખરી ? જો કે આપણી એ ફર્ઝ પણ નથી અને આપણી માન્યતા પણ નથી કે, હુઝૂર ﷺ દરેક મીલાદની મેહફિલમાં તશરીફ લઈ જાય છે, અલબત્ત કોઈ તટસ્થ માનવી થાન્વીના ઉપરોક્ત બનાવ સંબંધે આ સવાલોનો સામનો કર્યા વિના રહી શકતો નથી જે અચાનક માનસપટ પર ઉભરી આવે છે.

પ્રથમ તો એ છે કે, દેવબંદી શ્રીમાનોને ત્યાં ખરા અને ખોટાને પારખવાનાં તોલ માપ જુદાં જુદાં કેમ છે ? વાત જો જૂઠી છે તો દરેક સ્થળે જૂઠી હોવી જોઈએ, જો સાચી છે, તો બીજાના સંબંધે તેની સચ્ચાઈનો સ્વીકાર શા માટે કરવામાં આવતો નથી ?! **એવું શા માટે કે, એક જ વાત રસૂલે અકરમ ﷺની બાબતમાં કુફ્ર, શિર્ક અને અશક્ય છે, પરંતુ પોતાના ઘરના બુઝુર્ગોને સંબંધે ઈસ્લામ, ઈમાન અને શક્ય કેવી રીતે બની જાય છે ?!**

બીજો સવાલ એ કે, **થાનાભવનમાં મૌજૂદ રહીને અલીગઢમાં બનનારા અકસ્માતને સમયથી પહેલાં જાણી લેવું શું ગયબના ઈલ્મની એ શક્તિ નથી જેનો પયગંબરે આ'ઝમ ﷺને સંબંધે દેવબંદી શ્રીમાનો લગાતાર ઈન્કાર કરતા ચાલ્યા આવે છે અને એ જ ઈન્કારની બુનિયાદ પર તેઓ પોતાની જમાઅત મુવહ્હિદીન (તૌહીદ પરસ્તો)ની જમાઅત કહેવડાવે છે !** જેમ કે એક તરફ દેવબંદી મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી પોતાની કિતાબમાં "તસર્રુફમાં શિર્ક"ની યાદીમાં લખે છે કે :–

*"મુસીબતો ટાળવી, સંકટ સમયે મદદે પહોંચવું અને વખત આવ્યે મદદ કરવી એ **ખુદાની જ શાન છે, અલ્લાહ સિવાય કોઈની આ શાન નથી,** ચાહે ગમે તેટલો મહાન ઈન્સાન (નબી, વલી વગેરે) કે ફરિશ્તો કેમ ન હોય, જો કોઈ માણસ અલ્લાહ સિવાય કોઈનામાં આવી શક્તિ સાબિત કરે..........તો આવો માણસ **મુશ્રિક** થઈ જાય છે અને **શિર્ક ફિત્તસર્રુફ** કહે છે........ (તક્વિયતુલ ઈમાન–ગુજરાતી, પેજ–૩૯, પ્રકાશન નંબર : ૯૬, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

હવે ત્રીજો પ્રશ્ન એ ઉઠે છે કે, **શું મૌલ્વી થાન્વી મહાશયને ઈલ્મે ગયબથી પેલા આગમાં સપડાનાર વિશે ખબર થવી અને પછી તેની મદદે પહોંચી તેની મુસીબતને ટાળવી એને પણ કેવળ "ખુદાની જ શાન !" હોવું કંથારવી, મનુબરી, ભડકોદ્રવી તથા અન્ય દેવબંદીઓ કહેશે ?! કે પછી આ ઘરના શિર્કને હજમ કરી જશે ?! થાન્વીને શું તેઓ ખુદા માને છે કે ચુપ બેઠા છે ?!** *–(બરકાતે ખ્વાજા મંથલી, જાન્યુઆરી–૨૦૧૨)*



# નબી ﷺ ના જીવનનું સામાજિક પાસુ

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરવી**

હાદીએ કુલ ખત્મે રુસુલ ﷺની ઝાતે અક્દસ હિદાયતનો શ્રોત છે અને આપના પવિત્ર જીવનની એક એક પળ બંને જહાનમાં કામ્યાબી અને સફળતાની જામિન છે. આપના પવિત્ર જીવનના દરેક પ્રકરણમાં ઈન્સાની જિંદગીના દરેક ક્ષેત્રની સફળતાનો ભેદ છુપાયેલ છે. આપનું મુબારક જીવન ઈન્સાનો માટે એક ઉત્તમ નમૂનો છે જેને અનુસરીને વ્યક્તિગત જીવન જીવવાનો તરીકો, ખાનદાની તથા પારાવારિક જીવનશૈલી મુલ્યો, સામાજિક અને સામૂહિક જિંદગીના માપદંડને અપનાવી એક પવિત્ર, ઉજ્જવળ અને સુખદ સમાજની રચના કરી શકાય છે, સીરતે રસૂલ علیہ الصلوٰۃ والسلامના એ જ વ્યક્તિગત તથા સામૂહિક અને ખાનદાની તથા સામાજિક સુનેહરા પાસાંઓ વિશે જાણીએ અને તેના પર અમલ કરી અને સુખમય અને સફળ જીવન જીવવાની કોશિશ કરીએ.

## ★ પોતાનું કામ પોતે કરવું ★

અલ્લાહ તબારક વ તઆલા પછી આપ ﷺનો મર્તબો સૌથી મહાન અને ઉચ્ચ હતો તેમ છતાં આપ ﷺએ શાહી ઠાઠ અને દુનિયાના બાદશાહોની જેમ શાનો શૌકતની સાથે રહેવાનું પસંદ ન કર્યું અને સાદગીને પસંદ ફર્માવી. આપ ﷺ પોતાના કામ પોતે જ કરતા. અસંખ્ય સહાબાએ કિરામ આપની ખિદમતમાં હાજર રહેતા અને એક ઈશારા પર પોતાની જાન પણ ન્યોછાવર કરવા તત્પર રહેતા તેમ છતાં આપ ﷺ પોતાના કામ પોતે જ કરતા. ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ પોતાના લિબાસ મુબારક પોતે સિવતા, નઅલૈન પોતે જ બરાબર કરતા, પાણીની જરૂરત હોતી તો પોતે જ ડોલ વડે પાણી ખેંચી લેતા, બકરીનું દૂધ દોહતા, સારાંશ કે પોતાને જરૂરી કામો પોતે જ કામ કરતા. *(સીરતે ઝિયાઉન્નબી, ભાગ : ૫, પેજ ૩૪૫)*

આપ ﷺની શાન તો એ હતી કે આપ ચાહતા તો આપની સાથે સાથે સોના ચાંદીના પહાડ ચાલત પરંતુ તેમ છતાં આપે આવું સાદગીભર્યું જીવન પસંદ ફર્માવ્યું, એનો હેતુ એ જ હતો કે સામાન્ય ઈન્સાન આપ علیہ الصلوٰۃ والسلامની સીરતે પાકના આ બેઐબ નમૂના જોઈ તેને અપનાવે.

## ★ પરિવારિક જીવન ★

આપ علیہ الصلوٰۃ والسلام અઝવાજે મુતહ્હરાતની સાથે હમેશાં નરમી ફર્માવતા, મહોબ્બતની સાથે બોલતા, દરેક રીતે એમનો ખ્યાલ રાખતા, ક્રોધિત ન થતા, કોઈ એવું કામ થઈ જતું તો નરમી સાથે સમજાવતા, એમને ખુશ કરવા માટે કદીક હસી, મઝાક પણ ફર્માવતા. હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا બયાન ફર્માવે છે, એક સફરમાં હું આપ ﷺ સાથે હતી, આપે કાફલાવાળાઓને આગળ નીકળી જવાનો હુકમ આપ્યો, પછી મને કહ્યું, ચાલો ! મારો સાથે દોડની સ્પર્ધા કરો ! હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે, તે સમયે હું પાતળી હલકી હતી માટે હું દોડમાં આગળ નીકળી ગઈ. અમુક વરસો પછી રસૂલુલ્લાહ ﷺએ ફરી દોડનો મુક઼ાબલો કર્યો, આ સમયે રસૂલુલ્લાહ ﷺ મુક઼ાબલો જીતી ગયા અને ફર્માવ્યું, ''આ પહેલી દોડનો બદલો છે !'' *(અસ્સીરતુન્ નબવિયા, ભાગ : ૩, પેજ : ૪૪,)*

આપ ﷺની અજોડ સહનશક્તિનું અદ્ભૂત

ઉદાહરણ જોઈએ. રહમતે આલમ ﷺ હુજૂરએ આઈશામાં હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاના પ્યાલામાં જમી રહ્યા હતા, સહાબાએ કિરામ પણ જમવામાં સામેલ હતા. હઝરત આઈશા رضی اللہ عنہاને આ ન ગમ્યું. તેમણે આપ ﷺની સામેથી પ્યાલો લઈ એટલા જોરથી જમીન પર ફેંકી દીધો કે પ્યાલો તૂટી ગયો. ત્યાર પછી પોતે ખાણુ પકાવી પોતાના પ્યાલામાં પીરસી દીધું. આપ علیہ الصلوٰۃ والسلامએ હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہاને એક શબ્દ પણ ન કહ્યો, બલ્કે સ્મિત સાથે સહાબાએ કિરામને ફર્માવ્યું, "તમારી મા અત્યંત બાગૈરત છે !" હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا આપનુ વર્તન જોઈ શરમિંદા થયાં અને માફી માંગી. *(ઝિયાઉન્નબી, ભાગ ૫, પેજ : ૩૫૩)*

સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینને પણ આપ علیہ الصلوٰۃ والسلام બીવીઓ સાથે સદ્વર્તનની તાકીદ ફર્માવતા. હદીષ શરીફમાં છે : અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **"મો'મિનોમાં કામિલ મો'મિન એ છે જેના અખ્લાક સારા હોય અને તમારામાં સૌથી સારો એ છે જે પોતાની પત્નીઓ માટે સારો હોય."** *(તિર્મિઝી શરીફ, બહવાલા અન્વારુલ હદીષ, પેજ : ૩૩૬)*

નિકાહ અને વિવાહનો હેતુ પણ પાકીઝા સમાજનું ઘડતર છે. પરંતુ પતિ, પત્ની બંનેવના સ્વભાવ એક સરખા હોય એ જરૂરી નથી. બંનેવના સ્વભાવ ક્યારેક એકબીજાથી બિલ્કુલ અલગ પણ હોય છે. આવી સ્થિતિમાં પતિની સમજદારી અને સહનશક્તિથી જ ઘરના માહોલ અને દાંપત્ય જીવનમાં સંતુલન જળવાઈ શકે છે, નહીં તો પતિ પત્નીના સ્વભાવમાં મતભેદ હોવાના કારણે આજે પણ અસંખ્ય ઘરો જહન્નમ બનેલ છે જેની ભયાનક લપેટો સમાજમાં પણ અનુભવાય છે. આવા સંજોગોમાં રહમતે આલમ ﷺનું જીવન ચારિત્ર પરિવારિક ઝઘડાઓની આગમાં સળગતા ખાનદાનો માટે ઉત્તમ નમૂનો અને ઘરને જન્નત જેમ બનાવવા માટે દીવાદાંડી છે.

### ★ પડોશીઓનો ખ્યાલ ★

આપ ﷺ પડોશીઓનો ઘણો જ ખયાલ ફર્માવતા, તેમની સાથે દરેક રીતે સદ્વર્તન કરતા, પરેશાનીમાં મદદ ફર્માવતા, ઘરમાં કાંઈ રાંધવામાં આવતુ તો જરૂર પડોશીઓને ત્યાં મોકલતા. એકવાર આપ ﷺ કાશાનએ નબુવ્વત પર તશરીફ લાવ્યા તો સાલન બની રહ્યું હતું, આપે ફર્માવ્યું, "સાલનમાં રસો વધારે કરી લો, પોતાના પડોશીઓનો ખયાલ રાખો."

### ★ બીજાઓની ભૂલો માફ કરવી ★

આપ ﷺ ઘણા રહમ દિલ અને આજીજીવાળા હતા. કોઈનાથી ભૂલ થઈ જતી તો આપ તેને માફ ફર્માવી દેતા. કોઈ આપની શાનમાં અપશબ્દો ઉચ્ચારતો અથવા કોઈ તકલીફ પહોચાડતું તો એનાથી બદલો ન લેતા, બલ્કે માફ ફર્માવી દેતા.

હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا ફર્માવે છે, "મેં કદી ન જોયું કે આપ ﷺ પર કોઈએ જુલ્મ ઝયાદતી કરી હોય અને આપે તેનો બદલો લીધો હોય, આપ ﷺએ ન કદી ખાદિમને માર્યો ન કોઈ ઔરતને." *(અશ્શિફા, ભાગ : ૧, પેજ ૧૪૦)*

આપ ﷺ એક ખરબચડી ચાદર ઓઢી જલ્વા અફરોઝ હતા કે એવામાં એક એઅરાબી (ગામડીયો) આવ્યો અને એટલા જોરથી ચાદર ખેંચી કે ગરદન મુબારક પર નિશાન પડી ગયાં અને બેહયાઈથી કહેવા લાગ્યો, હે મુહમ્મદ ! આપની પાસે અલ્લાહ તઆલાનો જે માલ છે એનાથી મારા આ બંને ઊંટો ભરી દો, (મારા ઊંટો પર એ માલ ચઢાવી દો !) વધુ બેશરમી દાખવતાં બોલ્યો, "એટલા માટે કે એ માલ આપનો કે આપના પિતાનો નથી."

અને આ બદ્અખ્લાકી પર આપે સહેજ નારાઝગી વ્યક્ત ન ફર્માવી, બલ્કે જ્યારે આપ ﷺએ એને કહ્યું કે ચાદર ખેંચી તેં મને જે તકલીફ પહોંચાડી છે તેનો બદલો હું લઈશ. તે અઅરાબી કહેવા લાગ્યો, "આપ હરગિઝ આમ નહીં કરી શકો !" આપે ફર્માવ્યું : કેમ ?! કહેવા લાગ્યો : એટલા માટે કે આપ બુરાઈનો બદલો બુરાઈથી નથી આપતા." આ સાંભળી આપ علیہ الصلوٰۃ والسلامએ સ્મિત ફર્માવ્યું અને કિસાસ લેવાના બદલે ફર્માવ્યું કે, "એની માંગ પૂરી કરવામાં આવે." *(ઝિયાઉન્નબી, ભાગ : ૫, પેજ : ૩૧૦)*

અબૂ સુફયાન ઈસ્લામ લાવતા પહેલાં આપ علیہ الصلوٰۃ والسلامના જાની દુશ્મન હતા, આપને તકલીફ

પહોંચાડવાનો કોઈ મોકો ન છોડતા. પરંતુ જ્યારે ફત્હે મક્કા થઈ તો આપે એમને એ રીતે માફ ફર્માવી દીધું કે જાણે એમણે કશુય કર્યું જ ન હોય. અબૂ સુફયાન આપની રહમદિલી જોઈ પોકારી ઉઠયા, "યા રસૂલલ્લાહ ! ﷺ અમારા મા બાપ આપના પર કુર્બાન ! આપ કેટલા સહનશીલ છો, આપ કેટલા સિલાએ રહમી કરવાવાળા છો, આપ કેટલા કૃપાળુ છો!" *(અસ્સીરતુન્નબ્વિયહ્, ભાગ : ૩, પેજ : ૨૩૬)*

એકબીજાની ખૈરખ્વાહી, ભલાઈ અને માફ કરવાનો જઝબો આપણામાં પેદા થઈ જાય તો સમાજમાં કોઈ એવી ઘટના ન ઘટે, પરંતુ આજે ઈંટનો જવાબ પથ્થરથી આપવામાં આવે છે. બીજા તરફથી પહોંચેલી તકલીફ પર સબ્ર અથવા તેને માફ કરી દેવાનો વિચાર સુદ્ધાં આપણા દિલમાં નથી આવતો. રહમતે આલમ ﷺ લોકોના જુલ્મ ઝયાદતી પર સબ્ર કરી દુશ્મનોને પણ માફ કરી દીધું. જો આપણે પણ એના પર અમલ કરી જીવન ગુજારીએ તો કદમ કદમ પર સુકૂન અને ઈત્મિનાનની દૌલત નસીબ થાય અને સમાજ જન્નતનો નમૂનો બની જાય.

### ★ બીજા લોકોની ગીબત અને બુરાઈ પસંદ ન કરવી ★

મનુષ્યને પોતાના વખાણ અને બીજા લોકોની બુરાઈ સારી લાગે છે. ચાર લોકોની મેહફિલમાં પાંચમાની અવશ્ય ગીબત અને બુરાઈ થાય છે. આપણી કોઈ મેહફિલ ગીબત વગેરેથી ખાલી નથી હોતી ઈલ્લામાશા અલ્લાહ ! અને એનાથી જ સમાજમાં નફરત ફેલાઈ છે. સરકારે દો આલમ ﷺએ એની મનાઈ ફર્માવી. કોઈની નિંદા ન કરતા, કોઈના ઐબ કોઈના સમક્ષ ન બયાન કરતા અને કોઈ આપના સમક્ષ કોઈની ગીબત કરતું તો આપ સખ્તી સાથે મના ફર્માવતા.

હદીષે પાકમાં છે : એકવાર હઝરત સફિય્યા બારગાહે રિસાલતમાં આવ્યાં. આપ નીચા કદના હતાં. તેમના ગયા પછી હઝરત આઈશા رضی اللہ عنہاએ કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ સફિય્યા તો આવાં છે ! તેવાં છે ! (નીચા કદનાં છે !) આપે ફર્માવ્યું, "હે આઈશા ! તેં એવી વાત કરી છે કે તેને દરિયા પર નાખવામાં આવે તો દરિયા પર છવાઈ આવી જાય. *(ઈસ્લામી અખ્લાકો આદાબ, પેજ : ૧૭૯)*

સારાંશ કે નબીએ કરીમ ﷺ ન પોતે કોઈની ગીબત કે બુરાઈ કરતા, ન બીજાથી કોઈની ગીબત અને બુરાઈ સાંભળવાનું પસંદ ફર્માવતા અને એનાથી બચવાની તાકીદ ફર્માવતા. આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું : "ગીબત ઝિનાથી પણ બદ્તર છે." સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ગીબત ઝિનાથી કઈ રીતે બદ્તર છે ?! ફર્માવ્યું, "ઈન્સાન ઝિના કરે છે પછી તૌબા કરી લે છે તો અલ્લાહ તઆલા તેને માફ ફર્માવી દે છે. પરંતુ ગીબત કરનારને ત્યાં સુધી અલ્લાહ તઆલા માફ નથી કરતો જ્યાં સુધી જેની ગીબત કરી છે એ માફ ન કરી દે." *(મિશ્કાત શરીફ, બાબો હિફઝુલ્ લિસાન, પેજ : ૪૧૫)*

### ★ બીમારની ઈયાદત (ખબરગીરી) માટે જવું ★

કોઈ બીમાર થતું તો સરકાર علیہ الصلوٰۃ والسلام જરૂર તેની ઈયાદત માટે તશરીફ લઈ જતા. તે બીમારના હક્કમાં શિફાયાબીની દુઆ ફર્માવતા. હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا ફર્માવે છે : જ્યારે અમારામાંથી કોઈ બીમાર થઈ જતું તો આપ હાથ ફેરવતા અને દુઆ ફર્માવતા, "હે રબ ! આ બીમારીને દૂર ફર્માવ, શિફા અતા ફર્માવ, તું જ શિફા આપનાર છે." *(મિશ્કાત શરીફ, બાબો ઈયાદતિલ મરીઝ, પેજ : ૧૩૪)*

### ★ તા'ઝિયત માટે જવું ★

કોઈનો ઈન્તેકાલ થઈ જતો તો આપ علیہ الصلوٰۃ والسلام જનાઝામાં શરીક થતા, પોતે જ નમાઝે જનાઝા પઢાવતા, મૈયત માટે મગફિરતની દુઆ ફર્માવતા. કોઈ કારણસર જાણ કરવામાં ન આવતી તો ફર્માવતા કે મને જાણ કર્યા કરો. અને તેનું કારણ પણ આપ બયાન ફર્માવે છે : "આ કબ્રો ઝુલ્મત (અંધકાર)થી ભરપૂર હોય છે, અલ્લાહ તઆલા મારી નમાઝના સદકામાં તેમને નૂરથી ભરી દે છે." *(મિશ્કાત શરીફ, બાબુલ મશિય્યી બિલ્ જનાઝતિ, પેજ : ૧૪૫)*

રસૂલુલ્લાહ ﷺએ જનાઝાની નમાઝ પઢાવી પછી કબ્રની પાસે આવી માથા તરફથી ત્રણવાર માટી નાખી. *(મિશ્કાત શરીફ, પેજ : ૧૪૯)*

આ બધા કામો પૂર્ણ કર્યા બાદ ઘરવાળાઓની

મુલાકાત (આશ્વાસન માટે) માટે તશરીફ લઈ જતા, તેઓને સબ્ર તથા શુક્ર અદા કરવાની સલાહ આપતા અને તેમના દિલના દુ:ખનો ખયાલ કરી ઘરવાળાઓને ખાવાનુ મોકલવાનો હુકમ ફર્માવતા જેથી ગમના કારણે ઘરવાળા ભૂખ્યાં ન રહી જાય.

હદીષમાં છે : જ્યારે હઝરત જઅફરની શહાદત થઈ આપ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, જઅફરના ઘરવાળાઓ માટે ખાવાનુ રાંધો, એટલા માટે કે તેઓને તે મુસીબત પહોંચી છે જે ખાવાનું રાંધવાથી રોકી રાખે છે.

## ★ સલામ તથા મુસાફામાં પહેલ કરવી ★

સલામ કરવું જાહેરમાં બહુ નાનો અમલ છે, પરંતું ફાયદાની દષ્ટિએ તેનું વર્તુળ બહુ વિશાળ છે, એકબીજા વચ્ચે મહોબ્બત વધારવા તથા એકબીજા વચ્ચે ઈજ્જત પેદા કરવાનો આનાથી શ્રેષ્ઠ બીજો કોઈ અમલ નથી. એટલા જ માટે સરકારે દો આલમ ﷺ તેનું બહુ ધ્યાન રાખતા, સલામ કરવામાં પહેલ કરતા.

મોટા ભાગે સહાબાથી પહેલાં આપ સલામ ફર્માવી દેતા, અને ફક્ત સહાબી જ નહીં બલ્કે જ્યારે નાના બાળકો ક્યાંક મળતાં તેમની સાથે પણ સલામમાં પહેલ ફર્માવતા, જેવું કે હદીષે પાકમાં છે : કેટલાક બાળકો રમી રહ્યા હતા. સરકાર તશરીફ લાવ્યા અને તે બાળકોને સલામ ફર્માવી.

અને જો ક્યારેક સ્ત્રીઓ પાસેથી પસાર થતા તો આકા علیہ الصلوٰۃ والسلام તેમને પણ સલામથી નવાઝતા. હઝરત અસ્મા બિન્તે યઝીદ ફર્માવે છે : સરકાર અમારી પાસેથી પસાર થયા, અમે (હું) સ્ત્રીઓના ટોળામાં હતા, સરકારે અમને સલામ ફર્માવી.

મુલાકાત સમયે સલામ બાદ (મર્દો સાથે) આપ મુસાફો પણ ફર્માવતા હતા કેમ કે તે મહોબ્બતને વધારે છે, જેમ કે હદીષે પાકમાં છે : એક વ્યક્તિએ હઝરત અબૂઝરને પૂછયું, શું રસૂલુલ્લાહ ﷺ મુલાકાત સમયે તમારાથી મુસાફો કરતા હતા? હઝરત અબૂઝર ફર્માવે છે, હા ! જ્યારે પણ મેં આપનાથી મુલાકાત કરી સરકાર علیہ الصلوٰۃ والسلام એ મારાથી મુસાફો ફર્માવ્યો.

આકા ﷺ નું સલામ તથા મુસાફાને રિવાજ આપવાનો મકસદ (હેતુ) એ હતો કે મુસલમાનો દરમિયાન મહોબ્બત તથા ભાઈચારો હમેશાં રહે, પરંતુ આજે આ મહત્વનું કામ તથા મહત્વની સુન્નત આપણામાંથી લુપ્ત થઈ રહી છે, ન મોટાઓને વિચાર, ન નાનાઓને ફિક્ર ! એટલા જ માટે દિલોનું અંતર દિવસે દિવસે વધી રહ્યું છે. કાશ ! આપણે સરકાર ﷺ ની સીરત પર અમલ કરતા.

## ★ સરકાર ﷺ નુ મઝાક ફર્માવવું ★

મઝાક (મઝાક જેમાં જૂઠ ન હોય) ઈન્સાનની ફિતરત છે, જેના વગર તેનું જીવન સૂનુ જણાય છે. પરંતુ આ વાત પણ અનુભવથી સાબિત છે કે મઝાક પર મઝાકનો ક્રમ દુશ્મની તથા દૂરી પર જઈ તૂટે છે, આખરે લડાઈ ઝઘડા અને મારામારી સુધી વાત પહોંચી જાય છે. તેનું કારણ એ છે કે મઝાક કરતી વખતે આપણે બીજાની ઈજ્જતનો ખ્યાલ ન કરી, એકબીજાને બેઈજ્જત કરવા તથા તેની હસી ઉડાડવા લાગીએ છીએ, જે પાછળથી લડાઈમાં ફેરવાઈ જાય છે. સરકારે અકદસ ﷺ બંદગી તથા તકવાના શ્રેષ્ઠ મર્તબા પર હતા, પરંતુ ત્યાં ફક્ત બંદગીની વાત ન હતી, આપ પણ પોતાના સહાબા સાથે મઝાક ફર્માવતા પણ જૂઠ તથા ફુઝૂલ વાતોથી પાક, બિલકુલ સાફ તથા સ્પષ્ટ વાતો પર હોતું.

જેમ કે હદીષ શરીફમાં છે : એક સહાબીએ બારગાહે રિસાલતમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને સવારી માટે ઊંટ અતા ફર્માવો. આકા علیہ الصلوٰۃ والسلام એ મઝાકની રીતે ફર્માવ્યું, હું તમને ઊંટણીના બચ્ચા પર બેસાડીશ ! તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તે તો મારો ભાર નથી ઊંચકી શકતું ! તો બચ્ચા પર કેવી રીતે સવારી કરીશ ?! આકા علیہ الصلوٰۃ والسلام એ ઈર્શાદ ફર્માવ્યો, શું ઊંટ ઊંટણીનું બચ્ચુ નથી હોતું ?!

એવી જ રીતે બીજી હદીષે પાકમાં છે : એક વૃદ્ધ સ્ત્રીને આપે ફર્માવ્યું, વૃદ્ધ સ્ત્રીઓ જન્નતમાં નહીં જાય ! આ સાંભળી તે ગભરાઈ ગયા. આપે સ્મિત કરી ફર્માવ્યું, ગભરાવો નહીં ! જન્નતમાં દાખલ થતા પહેલાં ઘરડી સ્ત્રીઓને જવાન કરી દેવામાં આવશે.

# સબસે અવલા વ આ'લા હમારા નબી ! ﷺ

કાર્યાલય

**વહ જો ન થે તો કુછ ન થા વહ જો ન હોં તો કુછ ન હો**
**જાન હૈં વહ જહાન કી જાન હૈ તો જહાન હૈ**

સર્વ વખાણો એક અલ્લાહના માટે જે સર્વ જહાનોનો પાલનહાર છે, જેણે સર્વ મખ્લૂક઼ (સૃષ્ટિ)માંથી આપણા આક઼ા વ મૌલા મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺને મહાનતાવાળા કર્યા અને તેમને સર્વ જહાનોના માટે રહમત બનાવીને મોકલ્યા. અને અંબિયા તથા મુરસલીન (નબીઓ તથા રસૂલો) સુદ્ધાંને તેમની ઉમ્મતના ગિરોહમાં સામેલ કર્યા. કેમ કે સર્વ અંબિયાએ કિરામથી (યૌમે મીષાક઼) તેમના પર ઈમાન લાવવા અને તેમની મદદ કરવાનો પાકો વાયદો લીધો અને ફર્માવ્યું કે એકબીજા પર ગવાહ બની જાવ અને હું તમારા પર ગવાહ છું ! અલ્લાહ તઆલા પોતાના મહબૂબ ﷺ પર ક઼યામત સુધી દુરૂદો સલામ મોકલે, અને સર્વ અંબિયા પર અને તેમની સર્વ આલ ઔલાદ પર, અને જેમણે ખૂબીપૂર્વક તેમનું અનુસરણ કર્યું.

**★ ન ખુદા કહો ન ખુદાના બેટા ! બાકી જે ચાહો શાને મુસ્તફા ﷺમાં કહો ! ★**

અલ્લાહના હબીબ ﷺના ફઝાઈલ તથા કમાલાત તથા મહાનતાને બયાન કરવું એ કોઈ ઈન્સાનના વશની વાત નથી. નબીઓ બાદ સર્વ ઉમ્મતોમાં શ્રેષ્ઠ ઈન્સાન ખલીફાએ અવ્વલ હઝરત સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہને જ્યારે ખૂદ નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે, "હે અબૂબક્ર ! તારા નબીની હક઼ીક઼તને અલ્લાહ સિવાય કોઈ જ જાણતુ નથી !" તો તેમના (અબૂબક્ર) પછી કયા માનવી પાસે તાક઼ાત છે કે મહબૂબે રબ્બુલ આલમીન ﷺની અઝમત તથા ફઝીલતને વર્ણવી શકે. બસ ! આ તો બે શબ્દો બુઝુર્ગાને દીનના અનુસરણમાં અહીં લખી દેવામાં આવી રહ્યા છે કે જેથી હુઝૂર ﷺની પ્રશંસા કરનારાઓમાં આપણુ પણ નામ આવી જાય કે જે આપણી નજાતનો સબબ બને. અલ્લાહ તઆલા ઈમામ બુસૈરી رحمۃ اللہ علیہની ક઼બ્રે અન્વર પર ક઼યામત સુધી રહમતોનાં ફૂલ વરસાવે જેમણે આ હક઼ીક઼તને આ પ્રમાણે વર્ણવી છે કે :–

**(અર્થ)** : "નસારા (ઈસાઈઓ)એ પોતાના નબીના સંબંધે જે દાવો (ખુદાઈ)નો કર્યો તેને છોડીને જે ચાહે હુઝૂરની પ્રશંસા કર અને સાંભળ. જે મહાનતાની ચાહે એ જાતની પ્રતિ નિસ્બત કર અને તેમની શાનને જે અઝમત પ્રતિ ચાહે સંબંધિત કર, કેમ કે ફઝાઈલે સૈયદુલ મુરસલીન ﷺની એવી હદ નથી જેને કોઈ વર્ણવી શકે."

જેમ કે મહાન બુઝુર્ગ મુહક્કિ઼કે઼ અલલ ઈત્લાક઼ હઝરત શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ પ્રશંસા કરતાં કરતાં છેવટે ફર્માવ્યું કે **બઅદ અઝ ખુદા બુઝુર્ગ તૂઈ કિસ્સા મુખ્તસર** સારાંશ કે *"ખુદા પછી સૌથી મહાન નબી ﷺની જાત છે."* અને એ જ રીતે આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું :–

***લેકિન 'રઝા'ને ખત્મે સુખન ઈસ પે કર દિયા***
***ખાલિક઼ કા બંદા ખલ્ક઼ કા આક઼ા કહૂં તુઝે***

## ★ ખુદાએ કુર્આનમાં પોતાના મહબૂબ ﷺની શું પ્રશંસા કરી ?! ★

કુર્આન પર ઈમાનના દાવેદારો ! રબના મહબૂબ ﷺની શાન શું છે તેને રબના કલામમાં જુઓ ! તે પહેલાં આ એક રિવાયત પણ વાંચી જાવ ! : ઈમામ તિર્મિઝીએ હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત કરી કે શબે અસ્રા (મેઅરાજની રાતે) નબી કરીમ ﷺની પાસે લગામ તથા ઝીનવાળુ બુર્રાક લાવવામાં આવ્યું જે સવારીના સમયે ઉછળવા લાગ્યું, તો **જિબ્રઈલ** علیہ السلام**એ ફર્માવ્યું** કે તું સરવરે કાઈનાત ﷺની હાજરીમાં આવી હરકત કરે છે ?! જ્યારે કે **આનાથી પહેલાં તારા પર કોઈ એવો શખ્સ સવાર નથી થયો જે રબ તઆલાની નજીક સૌથી અધિક ઈજ્જતદાર હોય !** આ સાંભળીને બુર્રાક પસીનો પસીનો થઈ ગયું ! *(શિફા શરીફ)*

કુર્આને પાકમાં ખૂદ અલ્લાહ તબારક વ તઆલા શાને મુસ્તફા ﷺ આ રીતે જાહેર ફર્માવે છે :–

اَللّٰهُ نُوْرُ السَّمٰوٰتِ وَ الْاَرْضِؕ مَثَلُ نُوْرِهٖ كَمِشْكٰوةٍ فِیْهَا مِصْبَاحٌؕ

"અલ્લાહ નૂર છે આસ્માનો તથા જમીનનું, એના નૂરનું દૃષ્ટાંત એવું છે જેમ કે એક તાક઼ (તાખલો) કે એમાં ચિરાગ છે." *(સૂરએ નૂર, આયત : ૩૫)* શિફા શરીફમાં ક઼ાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે : "ઉપરોક્ત આયતમાં બીજા નૂરથી મુરાદ મુહમ્મદ ﷺ છે. અલ્લાહનો ઈર્શાદ છે : **مَثَلُ نُوْرِهٖ** એટલે "નૂરે મુહમ્મદ"ﷺ. અને આ આયત ઉપરાંત અલ્લાહ તઆલાએ અન્ય સ્થળોએ પોતાના મહબૂબને "નૂર" તથા "સિરાજે મુનીર" જેવાં નામોથી સંબોધન કરેલ છે." જેમ કે ફર્માને બારી તઆલા છે : **قَدْ جَآءَكُمْ مِّنَ اللّٰهِ نُوْرٌ وَّ كِتٰبٌ مُّبِیْنٌ** ○ "બેશક ! તમારી પાસે અલ્લાહના તરફથી એક નૂર આવ્યું અને રોશન કિતાબ." *(સૂરએ માઈદહ્, આયત : ૧૫)*

બીજા ઠેકાણે ફર્માવ્યું :

اِنَّاۤ اَرْسَلْنٰكَ شَاهِدًا وَّ مُبَشِّرًا وَّ نَذِیْرًاۙ وَّ دَاعِیًا اِلَى اللّٰهِ بِاِذْنِهٖ وَ سِرَاجًا مُّنِیْرًا

**"બેશક ! અમે તમને મોકલ્યા હાઝિરો નાઝિર, ખુશખબરી અને ડર સંભળાવતા અને અલ્લાહની તરફ તેના હુકમથી બોલાવતા અને ચમકાવી દેનાર સૂરજ."**

*(સૂરએ અહઝાબ, આયત : ૪૬)*

એક સ્થળે એના અનુસંધાનમાં ફર્માવ્યું : **اَلَمْ نَشْرَحْ لَكَ صَدْرَكَ** "શું અમે તમારો સીનો વિશાળ ન કર્યો ?!" *(સૂરએ અલમ નશ્રહ, આયત : ૧)* અહીં સીના (છાતી)થી મુરાદ દિલ છે. ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું, આપના સીનાની વિશાળતા ઈસ્લામની સાથે થઈ છે. સહલ رضی اللہ عنہએ ફર્માવ્યું કે રિસાલતના નૂરની સાથે, અને હઝરત હસન رضی اللہ عنہ ફર્માવે છે કે પવિત્ર દિલ (ક઼લ્બે અત્હર)ને ઈલ્મ તથા હિકમત વડે ભરી દેવામાં આવ્યું.

ઉપરોક્ત વર્ણન બાદ ક઼ાઝી અયાઝ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે, "એનાથી સાબિત થાય છે કે અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના હબીબ ﷺને મહાન નેઅમતોથી નવાઝયા છે અને બારગાહે ખુદાવંદીમાં આપને ઘણી જ કુદરત તથા મર્તબા હાંસલ છે. કેમ કે આપના દિલ મુબારકને ઈમાન તથા હિદાયતના માટે ખોલી આપ્યું છે, તેમજ ઈલ્મને મેહફૂઝ રાખવા તથા હિકમત સમાવવા માટે વિશાળ કરી દેવામાં આવ્યું અને ઈસ્લામને તમામ દીનો પર ગાલિબ કરીને જાહિલિયતની બાબતો વગેરેનો બોજ આપનાથી દૂર કરી આપ્યો, અને રિસાલત તથા નબુવ્વતના મન્સબ (સ્થાન)ની જિમ્મેદારીથી આપને સારી રીતે નિભાવનાર કરી આપ્યા, કેમ કે આપે અલ્લાહના હુકમો સંપૂર્ણપણે લોકો સુધી પહોંચાડયા હતા. એની જ સાથે અલ્લાહ عزوجلએ

આપને મહાન મન્સબ અને મહાન રુત્બાથી વિશિષ્ટ કર્યા, અને આપના ઝિક્રને એટલી કક્ષાએ બુલંદ કર્યું કે આપના નામને પોતાના નામની સાથે મિલાવ્યું.

**★ હુઝૂર ﷺ સિવાય કોણ છે જેનું ઝિક્ર સતત રબના સાથે થાય છે ?! ★**

હઝરત કતાદા رضی اللہ عنہ ફર્માવે છે કે અલ્લાહ તબારક વ તઆલાએ સરવરે કોનો મકાં ﷺના ઝિક્રને દુનિયા તથા આખેરતમાં એ રીતે બુલંદ ફર્માવ્યું કે કોઈ ખતીબ, ગવાહી આપનાર તથા નમાઝી એવો નથી જે એવું ન કહે કે, "હું ગવાહી આપુ છું એ વાતની કે અલ્લાહ તઆલાના સિવાય કોઈ સાચો મઅબૂદ નથી અને ગવાહી આપુ છું કે હઝરત મુહમ્મદ ﷺ અલ્લાહ તઆલાના સાચા તથા અંતિમ રસૂલ છે."

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ અકરમ, નૂરે મુજસ્સમ, ફખ્રે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જિબ્રઈલ علیہ السلامએ મારી પાસે હાજર થઈને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! મારો તેમજ આપનો રબ ફર્માવે છે કે શું આપ જાણો છો કે આપના ઝિક્રને કઈ રીતે બુલંદ કરવામાં આવેલ છે ?! આપે ફર્માવ્યું, અલ્લાહ તઆલા જ બેહતર જાણે છે. જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કર્યું, **ખુદા તઆલાનો ઈર્શાદ છે કે, જ્યાં આગળ મારો ઝિક્ર થશે ત્યાં તમારો પણ ઝિક્ર થશે.** એટલે પરવરદિગારે આલમે પોતાના ઝિક્રની સાથે આપના ઝિક્રને, પોતાની ઈતાઅત (આજ્ઞાપાલન)ની સાથે આપની ઈતાઅતને અને પોતાના નામની સાથે આપના નામ મુબારકને મિલાવ્યું છે." રબ તઆલાનો ઈર્શાદ છે : **اَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ** "અલ્લાહનો હુકમ અને તેના રસૂલનો હુકમ માનો." *(સૂરએ મુહમ્મદ, આયત : ૩૩)* બીજી આયતમાં છે : **وَ اٰمِنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ** "અને ઈમાન રાખો અલ્લાહ અને અલ્લાહના રસૂલ પર." *(સૂરએ નિસાઅ, આયત : ૧૩૬)* વળી એ બંનેવ મુબારક નામોને બાબે આતિફાથી મિલાવ્યાં છે જે સંયુક્તપણા (ઈશ્તિરાક)ને ચાહે છે અને આવું કલામ હબીબે ખુદા ﷺ સિવાય કોઈના માટે જાઈઝ નથી.

**★ હુઝૂર ﷺ સિવાય કોણ છે જેની આ પ્રમાણે નવાઝિશ થઈ ?! ★**

**اِنَّآ اَعْطَيْنٰكَ الْكَوْثَرَ** "હે મહબૂબ ! બેશક ! અમે તમને અગણિત ખૂબીઓ અર્પણ કરી...." *(સૂરએ કૌષર, આ. ૧)* સૂરએ કૌષરની આ આયતોમાં અલ્લાહ તબારક વ તઆલા પોતાના હબીબ ﷺને જણાવે છે કે તમને શું શું અતા ફર્માવ્યું છે. કૌષર જન્નતમાં એક નહેર છે અને આ શબ્દની તફસીરમાં અન્ય પણ અકવાલ (કથનો) છે. પોતાના ખાસ ઈનામોનો ઉલ્લેખ કર્યા બાદ રબ તઆલાએ મુસ્તફા ﷺના દુશ્મનોની અયોગ્ય વાતનો જવાબ આપ્યો અને પોતાના હબીબ ﷺને તસલ્લી આપતાં ફર્માવ્યું કે તમારો દુશ્મન જ વંશ કપાયેલો છે. એટલે કે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺથી અદાવત તથા કીનો રાખનારનો નસલ (વંશ) કટ થઈ જાય છે, તે બેઈજ્જતીની એવી ખાઈમાં ગરક થઈ જાય છે કે ત્યાંથી કોઈ કાઢનાર નથી હોતું. વધુમાં રબ્બે કરીમ પોતાના મહબૂબ ﷺની અજોડ શાન વર્ણવતાં ફર્માવે છે : **وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا كَآفَّةً لِّلنَّاسِ بَشِيْرًا وَّنَذِيْرًا** "અને હે મહબૂબ ! (ﷺ) અમે તમને ન મોકલ્યા પણ એવી રિસાલતની સાથે જે તમામ લોકોને સમાવનારી છે, ખુશખબરી તથા ડર સંભળાવતા.

*(સૂ. સબા, આ : ૨૮)*

અને રબ તઆલા પોતાના મહબૂબ ﷺને જાહેરાત કરવા હુકમ ફર્માવે છે કે :–

**قُلْ يٰٓاَيُّهَا النَّاسُ اِنِّىْ رَسُوْلُ اللّٰهِ...** "તમે ફર્માવો, હે લોકો ! હું તમારા સૌની તરફ અલ્લાહનો

રસૂલ છું....." *(સૂરએ અઅ્રાફ, આયત : ૧૫૮)* આ આપણા નબી કરીમ ﷺની જ વિશિષ્ટતા છે, કેમ કે ઈર્શાદે ખુદાવંદી છે :

وَمَآ اَرْسَلْنَا مِنْ رَّسُوْلٍ اِلَّا بِلِسَانِ قَوْمِهٖ لِيُبَيِّنَ لَهُمْ۔

"અને અમે દરેક રસૂલ તેમની કૌમની જ ઝબાન (ભાષા)માં મોકલ્યા કે તેમને સાફ બતાવે."

*(સૂ. ઈબ્રાહીમ, આયત–૪)*

આ આયતથી નિર્દેશ મળે છે કે નબી ﷺને રબ તઆલાએ સર્વ ભાષાઓ શીખવાડી, કેમ કે દરેક નબી પોતાની કૌમ જેમના તરફ મોકલવામાં આવ્યા તેમની ભાષા જાણતા હોય છે અને દુનિયાની સર્વ કૌમો હુઝૂર ﷺની ઉમ્મતમાં છે, દુનિયાની સર્વ કૌમો તરફ આપને મોકલેલ છે, જેથી હુઝૂર સર્વની ભાષાઓ જાણે છે. હદીષો પરથી જાણવા મળે છે કે ઊંટ, હરણ, પક્ષીઓ, લાકડીઓ હુઝૂર સાથે વાત કરતાં હતાં અને હુઝૂર સમજી લેતા હતા. અને કેમ ન જાણે કે હુઝૂર સર્વ અંબિયા કરતાં અધિક આલિમ છે. હઝરત આદમ علیہ السلامને દરેક ભાષા જણાવવામાં આવી, સુલૈમાન علیہ السلامને પક્ષીઓની બોલીનો ઈલ્મ આપવામાં આવ્યો જે કુર્આનથી સાબિત છે. *(કન્ઝુલ ઈમાન વ નૂરુલ ઈર્ફાન, પેજ–૪૦૭)*

## ★ નબી ﷺ મુસલમાનોના તેમની જાન કરતાં અધિક માલિક છે ! ★

રબ તઆલા ફર્માવે છે :

اَلنَّبِيُّ اَوْلٰى بِالْمُؤْمِنِيْنَ مِنْ اَنْفُسِهِمْ وَ اَزْوَاجُهٗۤ اُمَّهٰتُهُمْ

"આ નબી મુસલમાનોના તેમની જાન કરતાં અધિક માલિક છે અને આપની બીવીઓ તેમની માઓ છે." *(સૂરએ અહઝાબ, આયત : ૬)*

اَوْلٰى بِالْمُؤْمِنِيْنَની તફસીરમાં મુફસ્સિરો ફર્માવે છે કે ફખ્રે દો આલમ ﷺનું ફર્માન (આદેશ) મુસલમાનોમાં એ રીતે લાગુ થયેલ છે કે જેવી રીતે એક આકા (માલિક)નો હુકમ ગુલામ પર લાગુ થાય છે. કેટલાક મુફસ્સિરોએ લખ્યું છે કે સરવરે કૌનો મકાં ﷺના આદેશનું પાલન કરવું પોતાના નફ્સની મરજી પૂરી કરવા કરતાં કેટલાય ઘણુ અધિક બેહતર છે. હુઝૂર ﷺની પુનિત પત્નીઓ (رضی اللہ تعالیٰ عنھن)ને હુર્મતમાં માઓની જેમ ઠરાવવામાં આવી, અને આપ ﷺના પર્દો ફર્માવ્યા બાદ મુસલમાનો પર એમનાથી નિકાહ હરામ ઠરાવવામાં આવ્યો, કેમ કે અન્યનું તેણીઓ સાથે નિકાહ કરવું શાને મુસ્તફાની વિરુદ્ધ છે. તેમજ આખેરતમાં તેઓ મહબૂબે ખુદા ﷺની બીવીઓ હશે, અને આ આપની જ વિશિષ્ટતા છે. સારાંશ એ છે કે જે નબી કરીમ ﷺનો પોતાને ગુલામ સમજે તે જ હકીકતમાં મો'મિન છે. રબ તઆલા પોતાના મહબૂબ ﷺની શાન જાહેર કરતાં ફર્માવે છે કે :–

وَ اَنْزَلَ اللّٰهُ عَلَيْكَ الْكِتٰبَ وَ الْحِكْمَةَ وَ عَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ ؕ وَ كَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا۝

"અને અલ્લાહે તમારા પર કિતાબ તથા હિકમત ઉતારી અને તમને શીખવાડી આપ્યું જે કાંઈ તમે ન જાણતા ન હતા અને અલ્લાહનો તમારા પર મહાન ફઝ્લ છે." *(સૂરએ નિસાઅ, આ. : ૧૧૩)*

જે રબ તઆલા આપણને આટલી મહાન જણાતી દુનિયા માટે જ્યારે ફર્માવે છે કે, "દુનિયાની સર્વ સંપત્તિ ખૂબ જ થોડી છે." તે જ્યારે પોતાના ફઝ્લના બારામાં કહે છે કે, "મહાન ફઝ્લ !" તો તે કેટલો મહાન ફઝ્લ હશે ?!

મુફસ્સિરો ફર્માવે છે કે "ફઝ્લે અઝીમ"થી નબુવ્વતનો હોદ્દો મુરાદ છે. અમુક કહે છે કે જે પ્રથમ દિવસે આપને અર્પણ કરવામાં આવ્યું તે મુરાદ છે. અલ્લામા વાસેતી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે અલ્લાહ તઆલાનો એમાં પોતાની રૂયત (દીદાર કરાવવા)ની તરફ નિર્દેશ છે જેને મૂસા علیہ السلام સહન કરી શક્તા ન હતા. *(બહવાલા ફઝાઈલુન્નબી ﷺ તર્જમા જવાહિરુલ બિહાર)*

ક્યાં સુધી વર્ણન કરવામાં આવે ?! અને મારા જેવા અજ્ઞાનીની શું હૈસિયત ! પણ ખરેખર કુર્આને પાકમાં નબી કરીમ ﷺની શાને પાક દર્શાવતી અનેક આયતો છે, રબ તઆલાએ પોતાના મહબૂબ ﷺની શાન એ રીતે વર્ણવી છે કે ઈશ્કવાળા બુઝુર્ગો ત્યાં સુધી ફર્માવે છે કે :–

***આગાઝ સે અખીર તક કુર્આં હૈ નઅતે મુસ્તફા***
***મહબૂબ કે બયાન કા કૈસા અનોખા ઢંગ હૈ***

## ★ હદીષોથી નબી ﷺના ઈખ્તિયારોની સાબિતી ★

✪ મિશ્કાત, સૈયદુલ મુર્સલીનના ફઝાઈલવાળા પ્રકરણમાં છે : હુઝૂર ﷺ ફર્માવે છે કે, મારી પાસે જમીનના ખજાનાઓની કૂંચીઓ લાવવામાં આવી અને મને સોંપવામાં આવી. જણાયું કે રબ તઆલાએ હુઝૂરને જમીનના બધા ખજાનાઓની કૂંચીઓ અતા ફર્માવી અને કૂંચી માલિકને જ આપવામાં આવે છે.

✪ મિશ્કાત શરીફ નબીના અખલાકના પ્રકરણમાં છે : **જો અમે ઈચ્છીએ તો અમારી સાથે સોનાના પહાડ ચાલ્યા કરે.** જણાયું કે હુઝૂર ﷺ દરેક રીતે માલિક અને મુખ્તાર છે પણ જાહેર કરવું માન્ય નથી.

✪ મિશ્કાત શરીફ કિતાબુલઈલ્મમાં છે : હુઝૂર ﷺ ફર્માવે છે, **ઈન્નમા અનાકાસિમુન વલ્લાહુ યુઅ્તી.** એટલે કે અલ્લાહ આપે છે અને હું વહેંચું છું.

આનાથી જણાયું કે જે ચીજ જ્યારે પણ કોઈને ખુદા આપે છે તે હુઝૂરની જ વહેંચણીથી મળે છે. એમાં અલ્લાહ તઆલાનું આપવાનું (દૈન) અને હુઝૂરના વહેંચવાને અસીમિત દર્શાવવામાં આવેલું છે. એટલે કે હુઝૂર ﷺ શું વહેંચે છે તે એ કે જે ખુદા આપે છે અને ખુદા દરેક ચીજ આપે છે, માટે હુઝૂર દરેક ચીજ વહેંચે છે. અને દરેક ચીજ વહેંચશે તે જ જેને માલિકે દરેક ચીજ આપી હોય. આનાથી હુઝૂરની માલિકી અને કબજો સાબિત થયો.

✪ મિશ્કાત શરીફ બાબુસ્સુજૂદે વ ફઝલેહીમાં છે કે, એકવાર હુઝૂર ﷺએ રબિયહ ઈબ્ને અબી કઅબ અસ્લમીથી ખુશ થઈને ફર્માવ્યું, **''સલ !''** કંઈક માંગ ! તો તેમણે અર્ઝ કરી, **અસ્અલુક મરાફકતકફિલ જન્નહ.** એટલે હું તમારાથી એ માંગુ છું કે, જન્નતમાં તમારી સાથે રહું. ઈર્શાદ ફર્માવ્યું, **''અવગયરઝાલિક''** કાંઈ વધુ માગવું છે ? અર્ઝ કર્યું, બસ આ જ !

આ હદીષથી ત્રણ રીતે હુઝૂરની બાદશાહત સાબિત થઈ. પ્રથમ એ રીતે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, કાંઈક માંગો ! એવું નથી ફર્માવ્યું કે ફલાણી ચીજ માંગો. અને આવું તે જ કહી શકે છે જેના કબજામાં બધું હોય. પછી રબિયહ્ رضی اللہ عنہ એ પણ ખૂબ વિચારીને એવી ચીજ માંગી જે બેમિષાલ છે. એટલે કે જન્નત અને જન્નતનો સદર મકામ આલા ઈલ્લીય્યીન કે જ્યાં હુઝૂરનો કયામ હોય. બીજી એ રીતે કે હઝરત રબિયહ્ رضی اللہ عنہ એ અર્ઝ કરી, **અસ્અલુક** ''હું તમારાથી માંગું છું !'' અને હુઝૂર ﷺએ પણ એવું ન ફર્માવ્યું કે, તમે મુશ્રિક થઈ ગયા ! અને સ્પષ્ટ વાત છે કે ચીજ માલિકથી માંગવામાં આવે છે. સાબિત થયું કે, હુઝૂર ﷺ અલ્લાહ તઆલાની દરેક ચીજના માલિક છે. ફર્માવ્યું કે, કાંઈક વધુ માંગી લો ! એનાથી જણાયું કે, જન્નત સિવાય કાંઈ વધુ આપવા માટે પણ શકિતમાન છે. પણ હઝરત રબિઅહ્એ સમજી લીધું કે જ્યારે આ દુનિયાના બાગનું ફૂલ મળી ગયું તો પાંદડાઓની શું જરૂરિયાત છે ? ભલે હઝરત રબિઅહ્ ન માંગે તે તેમની ખુશી પણ આપવામાં તો ત્યાં કોઈ નકાર નથી.

***કૌન દેતા હય દેનેકો મુંહ ચાહિએ***
***દેનેવાલા હય સચ્ચા હમારા નબી ! (ﷺ)***

## ★ ખુદાએ પોતાના મહબૂબને આપેલ મો'જિઝાઓની એક ઝલક ! ★

મહબૂબે રબ ﷺની શાન તો અતિ નિરાલી છે કે રબ્બે કરીમે પોતાના મહબૂબને અગણિત મો'જિઝાઓ અતા ફર્માવ્યા હતા જેના વર્ણન માટે દફતરોના દફતરો જોઈએ. અત્રે સંક્ષિપ્તમાં રજૂઆત કરીએ છીએ જેના વિશે હદીસો તથા અખ્બાર ખૂબ જ પ્રમાણમાં છે જે સહીહ કિતાબોમાં મૌજૂદ છે :–

✪ મક્કા મુકર્રમામાં આપે આંગળીના ઈશારે ચાંદના બે ટુકડા ફર્માવ્યા. જ્યારે કુરૈશીઓએ આપની પાસે નબુવ્વતની નિશાની તથા દલીલ માગી. ✪ હઝરત જાબિર رضی اللہ عنہના ઘરે થોડાક જ ખોરાકમાં માણસોની ઘણી જ મોટી સંખ્યાએ ખાધુ. ✪ એવો જ મો'જિઝો હઝરત અબૂ તલ્હાના ઘરે અને ગઝવએ ખંદકના દિવસે પણ જાહેર થયો. ✪ એકવાર આપ ﷺએ ચાર મુદ (એક માપિયુ) અનાજ અને એક બકરીના બચ્ચાના સાલનથી એંસી લોકોને ભરપેટ ખાવા ખવડાવ્યું. આવા અનેક મો'જિઝા છે. ✪ આપ ﷺએ માટી ભરેલી મુટ્ઠી દુશ્મનની ફોજ તરફ ફેંકી તો તે સૌની આંખો આંધળી થઈ ગઈ. ✪ મિમ્બર બની જતાં જુદાઈ થતાં ખજૂરના સૂકાઈ ગયેલ ઝાડે રડી રડીને ફરિયાદ કરી જેને ટેકો લગાડીને આપ ખુત્બો આપ્યા કરતા હતા. એ અવાજ સર્વ સહાબાએ સાંભળ્યો જે ઊંટના અવાજને મળતો જુલતો હતો. હુઝૂર ﷺએ તે ઝાડને સીનાથી લગાડયું તો તે શાંત થઈ ગયું !

હુઝૂર ﷺએ ઘણી ગયબની ખબરો આપી. હઝરત ઉષ્માનગની رضی اللہ عنہને જણાવ્યું કે તમારી કિસ્મતમાં બલ્વો લખ્યો છે જેના પછી **તમે શહીદ થઈને જન્નતમાં જશો.** ✪ હઝરત અમ્માર رضی اللہ عنہને જણાવ્યું કે **તમને** એક બાગી ગિરોહ **શહીદ કરશે.** ✪ હઝરત હસન رضی اللہ عنہને જણાવ્યું કે **તમારા થકી અલ્લાહ તઆલા** મુસલમાનોમાં બે મોટી જમાઅતોમાં **સુલેહ કરાવશે.** ✪ હુઝૂર ﷺએ એક શખ્સના બારામાં ફર્માવ્યું કે જે એ સમયે જેહાદ ફી સબી લિલ્લાહમાં વ્યસ્ત હતો કે એ દોઝખી છે, તો એવું જ થયું કે તેણે છેવટમાં આત્મહત્યા કરી લીધી.

✪ હુઝૂર ﷺ હિજરતના વખતે મદીના મુનવ્વરા તરફ જઈ રહ્યા હતા તો તો સુરાકા બિન માલિકે આપનો પીછો કર્યો. નજીક પહોંચતાં ઘોડાની ટાંગો જમીનમાં ખૂપી ગઈ. *(આ ઈખ્તિયારે નબી કહેવાય!)* લાચાર થઈને તેમણે મદદ માગી, આપે દુઆ કરી તો ઘોડો મુક્ત થઈ ગયો. આપે સુરાકાને ખુશ ખબર આપી કે **તમારા હાથમાં કિસ્રાના કંગન હશે, પછી એવું જ થયું.** (આને ઈલ્મે ગયબ કહેવાય !) ✪ હુઝૂર ﷺની બારગાહમાં ઊંટ ફરિયાદી બન્યુ. ✪ આપ ﷺ એ **બે ઝાડને બોલાવ્યાં તો બંનેવ ખિદમતમાં હાજર થયાં** અને એકબીજાથી મળીને બેસી ગયાં. આપે બીજીવાર હુકમ કર્યો તો પોત **પોતાની જગાએ જતાં રહ્યાં.** ✪ આપે ખબર આપી કે આપનાં સાહબઝાદી હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہا **મારા ઈન્તેકાલ બાદ સૌથી પહેલાં ઈન્તેકાલ કરશે** તો એવું જ થયું. *(આને "કોણ ક્યારે મરશે"નો ઈલ્મ કહેવાય !)* ✪ એ જ પ્રમાણે આપની પાક બીવીઓને ખબર આપી કે તમારામાંથી જેના હાથ સૌથી લાંબા છે તે સર્વ પ્રથમ ઈન્તેકાલ કરશે, તો એવું જ થયું કે સૈયદા બિન્તે જહશ رضی اللہ عنہاનો સૌ પ્રથમ ઈન્તેકાલ થયો કે સદકા ખૈરાતમાં અન્ય પાક બીવીઓ કરતાં આપના હાથ લાંબા રહેતા હતા. ✪ આપે એક સૂકા બાવલાવાળી બકરીને હાથ લગાડયો તો તે દૂધથી ભરાઈ ગયાં. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہના ઈસ્લામ સ્વીકારનો સબબ આ જ મો'જિઝો બન્યો. ✪ એક સહાબીની આંખનો બહાર નીકળી ગયેલ ડોળો ફરી બેસાડી આપ્યો, તો તે આંખ અધિક તેજ થઈ ગઈ. (આને નફો–નુકસાન પહોંચાડવું કહે છે !) સૂરજનું પલ્ટી આવવું, આંગળીઓથી પાણીનાં ઝરણા વહેવાં, અસંખ્ય મો'જિઝાઓ આપ ﷺ થકી જાહેર થયા છે જે આપની મહાન શાનને પ્રદર્શિત કરી રહ્યા છે.

## ★ શું આવા અક઼ીદા કોઈ મુસલમાનના હોય શકે છે ?! ★

અલ્હમ્દુલિલ્લાહ ! ટૂંકમાં પણ અમુક જ કુર્આની આયતો હદીષો દ્વારા રબની નજીક આપણા પ્યારા નબી મહબૂબે રબ્બુલ આલમીન ﷺની શું ઈજ્જત છે તે આપ લોકોની સમજમાં આવી ગયું હશે, પણ અફસોસ કે પોતે જે નબીનો કલ્મો પઢે છે અને જેમને અલ્લાહના રસૂલ માનતા હોવાનો દાવો કરે છે તેવા વહાબી દેવબંદીઓના કુફ્રી અક઼ીદા પણ જોતા ચાલો, અને તેમના ગુસ્તાખીપૂર્ણ અક઼ીદાઓની લપેટથી બચવા માટે પોતે પણ અને પોતાની ઔલાદને તેમની સોહબતથી દૂર રાખો, તેમનાથી સગાઈઓને કટ કરો.

*"દરેક મખ્લૂક઼ ચાહે તે નાનો હોય (આમ લોકો) કે મોટો (નબી) અલ્લાહની શાનની સામે ઢેડ ચમારથી પણ અપમાનિત છે." –(તક઼વિયતુલ ઈમાન–ગુજરાતી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૫૧, મૂળ લેખકઃ ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

શું કુર્આને પાકમાં તથા હદીષમાં તૌહીદ શીખવાડવાનો તથા શિર્કથી બચવાની તા'લીમનો આ અંદાઝ છે ?! શું આવા શબ્દથી નબી પાક ﷺની તૌહીન જાહેર નથી થતી ?! એક ઠેકાણે લખે છે :–

*"અલ્લાહ તઆલાએ આપને જ આ હુકમ ફર્માવ્યો કે લોકોની સામે પોતાની વિસાત વર્ણવી દો કે **મને કાંઈ જ કુદરત પ્રાપ્ત નથી** અને **હું ગૈબ પણ જાણતો નથી.** મારી કુદરતનો અંદાજો આટલેથી જ લગાડી લો કે **હું સ્વજાત માટેય નફા–નુકસાનનો માલિક નથી. તો બીજાઓને શું લાભ–નુકસાન પહોંચાડી શકવાનો હતો ?"***

*(હવાલો ઉપર મુજબ, પેજ : ૭૪)*

વિચારો ! અલ્લાહ પોતાના મહબૂબ ﷺને ઈખ્તિયાર તથા મર્તબા આપી રહ્યો છે જેમ કે કુર્આન એના માટે સાક્ષી છે જ્યારે વહાબી દેવબંદીના દુર્ગંધ મારતા અક઼ીદા આવા છે ?! ખબરદાર ! તમારા ઈમાનની સલામતી ચાહતા હોઉં તો આ નબી પાક ﷺના બાગી ગુસ્તાખોથી દૂર રહો ! તેમનાથી સગાઈ–દોસ્તી ખત્મ કરો ! વળી એક ઠેકાણે લખ્યું છે :

*અલ્લાહ તઆલા પોતાના **બંદાઓની સાથે દુનિયામાં કે કબરમાં કે આખિરતમાં જે વર્તાવ કરશે એની હક઼ીક઼ત** અલ્લાહ તઆલા સિવાય કોઈ જાણતુ નથી. **ન કોઈ નબી અને ન તો કોઈ વલી બુઝુર્ગ આ હક઼ીક઼ત જાણે છે.** તેઓ જ્યારે **પોતાની હાલત જાણતા નથી તો બીજાઓની હાલત કેવી રીતે જાણી શકવાના હતા ?** (હવાલો ઉપર મુજબ, પેજ : ૮૦)*

વળી એક જગાએ છે :–

*"અને આ બાબતમાં (ગયબ ન જાણવામાં) અવલિયા, અંબિયા અને જિન્નાત તથા શૈતાન અને ભૂત તથા પરીમાં કાંઈ જ ફરક નથી. ગયબનો ઈલ્મ કોઈને જ નથી." (તક઼વિયતુલ ઈમાન)*

વિચારો ! "નબી"નો અર્થ "ગયબની ખબરો બતાવનાર" થાય છે છતાં **આ વહાબી દેવબંદીઓના સ્પષ્ટ અક઼ીદા છે કે નબી ﷺને પોતાની સાથે દુનિયામાં, ક઼બરમાં તથા આખેરતમાં શું થશે તેની ખબર નથી !** ગંભીરતાથી વિચારો ! કુર્આન હદીષના મુજબ તથા સહાબા, તાબઈન તથા પૂર્વજ બુઝુર્ગોના આ જ અક઼ીદા હતા ? શું આ કુર્આની તા'લીમ છે ?! તમારા દિલોમાં ખરેખર જો નબી પાક ﷺની મહોબ્બતનો ચિરાગ રોશન હોય તો આવા નબી પાક ﷺની શાનને ઘટાડવા મથતા વહાબી, દેવબંદીઓથી સગાઈ સંબંધોને તથા તેમની સાથે ઉઠક બેઠક, દોસ્તી ખત્મ કરો અને તમારા તથા તમારી આવનારી ઔલાદના ઈમાનની રક્ષા કરી લો.

*(બરકાતે ખ્વાજા મંથલી, જાન્યુઆરી–૨૦૧૪)*

# સીરતે નબવીની ﷺ

## ૪ મહત્વપૂર્ણ બાબતો

**રજૂકર્તા : મૌલાના મુહમ્મદ રઉફ રઝવી**
*(પેશ ઈમામ : ફયઝાને નૂરી મસ્જિદ–પાલેજ)*

વર્તમાન જગતમાં સીરતે નબવીની ચાર બાબતો મુસ્લિમો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

### હકારાત્મક (Positive) વિચારસરણી

હુઝૂર علیہ الصلوٰۃ والسلام ના વિરુદ્ધ જેટલા પણ કાવતરાં કરવામાં આવ્યાં, રસ્તામાં કાંટા બિછાવવામાં આવ્યા, ઊંટની હોજરી નાખવામાં આવી, પથ્થર ફેંકવામાં આવ્યા, કચરો નાખવામાં આવ્યો અને આપને અપશબ્દો બોલવામાં આવ્યા, પરંતુ આપે ક્યારેય સમાજની સુધારણા અને ભલાઈ ન છોડી, ત્યાં સુધી કે પોતાના સાથીઓને બદ્દુઆથી પણ મના ફર્માવ્યું. કાફિરો, મુશ્રિકો, મુનાફિક઼ો, યહૂદીઓ અને ઈસાઈઓએ આપને તકલીફ આપવાની દરેક પદ્ધતિ અપનાવી, આપે ક્યારેય તેમનાથી બદલો ન લીધો, વાસ્તવમાં જીવનની મુશ્કેલીઓ એક સાલેહ ઈન્સાનને પોતાના મક઼સદથી દૂર કરવા માટે આવે છે, પણ હકારાત્મક લોકો હમેશાં તે વિચાર, વર્તન અને કાર્યવાહીથી દૂર રહે છે જે એમને પોતાની મંઝિલથી દૂર કરી દે. હું હિજરતની રાતનો ઉલ્લેખ જરૂર કરીશ જ્યારે કાફિરો અને મુશ્રિકોએ આપ (ﷺ)ના ક઼તલનો નિર્ણય કરી લીધો. તો આપે હઝરત અલી رضی اللہ عنہ ને બોલાવીને ફર્માવ્યું, "મારી જવાબદારીમાં ઘણી બધી અમાનતો છે, તમે મારી જગાએ સૂઈ જાવ અને અમાનતો આપીને મદીના પહોંચી જાવ." અનુમાન લગાડો આપના વિરોધીઓ હોવા છતાં તે લોકોને આપની સચ્ચાઈ પર કેટલો વિશ્વાસ હતો કે પોતાની અમાનતો આપના પાસે રાખતા હતા ! હકારાત્મક કાર્યનું પરિણામ હમેશાં સારું જ આવે છે, દુશ્મની અને અદાવત રાખતા હોવા છતાં આપે પોતાના દુશ્મનોનું ભલુ જ વિચાર્યું, તેઓને દુનિયામાં નુકસાન ન પહોંચાડયું અને હમેશાં એમના માટે ઈમાનની દુઆ ફર્માવી, રિએક્શન નહીં ફક્ત એકશન !

હુઝૂર ﷺ ની સીરત આપણને બતાવે છે કે જીવનની બુનિયાદ અમલ (કામ) પર રાખવી જોઈએ. મેં પહેલી વાત જે વર્ણવી એ બીજી વાતથી બિલકુલ અલગ છે. પ્રતિક્રિયા (રિએક્શન)ની સોચ સામૂહિક કાર્યને વાંઝીયુ કરી દે છે, ક઼ોમ પ્રતિક્રિયા માટે કોઈ મોટી અઘટિત બનાવની રાહ જુએ છે. જ્યારે કોઈ અઘટિત ઘટના બની તો ક઼ોમ ઉઠે છે અને પ્રતિક્રિયાનું પ્રદર્શન કરે છે અને પછી પાછી સૂઈ જાય છે, અને આ ગફલતની નિદ્રાથી ફરી બીજો કોઈ અઘટિત બનાવ જ તેમને ઉઠાડી શકે છે. પ્રતિક્રિયાનું ચલણ ક઼ોમના ઈરાદાઓને કમજોર કરી નાખે છે. હુઝૂર ﷺ એક ખુદાઈ પ્રોગ્રામના પ્રમાણે સર્વશ્રેષ્ઠ પદ્ધતિથી પોતાના લક્ષ્યની તરફ વધતા રહ્યા, આપ કામ કરતા રહ્યા, વિરોધીઓ પ્રતિક્રિયા કરતા રહ્યા, આપે કુર્આન મજીદ સંભળાવ્યું, તેઓએ પ્રતિક્રિયામાં શાઈરી (કવિતા)નો આરોપ લગાવ્યો. આપે તૌહીદની તા'લીમ આપી, તેઓએ શિર્કનો પ્રચાર કર્યો. આપે ઈસ્લામની દા'વત આપી, કાફિરોએ દા'વતનો રદ કર્યો. મુસલમાનોએ હિજરત કરી, તેઓએ પીછો કર્યો. મુસલમાનોએ જાહેરમાં તિલાવત કરી, કાફિરોએ તકલીફ આપી. આપ علیہ الصلوٰۃ والسلام એ ક઼રાર કર્યા, તેઓએ ક઼રાર ભંગ કર્યા, ઈસ્લામ ફેલાતો રહ્યો, તેઓ રોકવાની કોશિશમાં લાગેલા રહ્યા. પૈગંબરે ખુદા અને મુસલમાન કામ

કરતા રહ્યા, કાફિરો અને મુશ્રિકો પ્રતિક્રિયામાં લાગેલા રહ્યા. સમયે સાબિત કરી આપ્યું કે જીત કામ કરવાવાળાઓની થાય છે, પ્રતિક્રિયા આપવાવાળા નાકામ રહે છે. કેમ કે તેઓને જાગૃત રાખવા માટે હમેશાં ઈમરજન્સી પરિસ્થિતિઓની જરૂરત છે અને એવી પરિસ્થિતિ હમેશાં રહેતી નથી.

## વર્તણૂંકમાં જઝબાતથી પરહેઝ

રસૂલુલ્લાહ ﷺએ મુસલમાનોની છુપી કાબેલિયતોને જાગૃત કરીને તેઓને બાઅમલ ઈન્સાન બનાવ્યા, તેઓને તે સોચ આપી જે અમલ પર આધારિત હતી. આ સંદર્ભે ઘણા બનાવો આપણી રહનુમાઈ કરે છે. કોઈ કાફિર, મુનાફિક઼ અથવા મુશ્રિકે આપની શાનમાં ગુસ્તાખી કરી, સહાબાએ કિરામ رضوان الله تعالیٰ علیہم اجمعینએ અર્ઝ કરી, અમને હુકમ આપો ! અમો એ ગુસ્તાખની ગરદન સરથી જુદા કરી દઈએ ! પરંતુ આપે મના ફર્માવ્યું અને માફ કરવાને પ્રાથમિક્તા આપી. કેમ કે આ પ્રતિક્રિયાનું પરિણામ હતું જેથી આપે એનાથી મના ફર્માવ્યું અને આપણને તા'લીમ આપી કે પ્રતિકૂળ સંજોગોમાં પ્રતિક્રિયા નહીં પણ કામની બુનિયાદ પર વિચારો, ક્યાંક એવું ન થઈ જાય કે તમારા કામને કામચલાઉ ગુસ્સો, અનિશ્ચિત ચર્ચા અને ભાવનાત્મક સ્થિતિ ખતમ કરી દે, તમે પોતાની શક્તિ અને યોગ્યતાને અમલ (કામ) માટે એક સાથે રાખો, એ દુનિયવી અને આખેરતની પ્રગતિ માટે માધ્યમ બનશે. હઝરત અલી رضی اللہ عنہ જંગ દરમિયાન એક કાફિર કમાન્ડરના સીના પર કત્લ કરવા ચડી ગયા તો તેણે તરત જ થૂંકી દીધું. આપ એ જ સમયે તેના સીના પરથી ઉતરી ગયા. તેણે કહ્યું, હું ખુદાનો દુશ્મન છું અને મેં આપની પણ ગુસ્તાખી કરી, આપ મને દર્દનાક રીતે કત્લ કરી દેતા, પરંતુ તમે મને છોડી દીધો ! આપે ફર્માવ્યું, હું એટલા માટે ઉભો થઈ ગયો કે મારી દુશ્મનીનું કારણ એ છે કે તું દુશ્મને ખુદા છે પરંતુ જ્યારે તું થૂંક્યો તો મારી અંગત દુશ્મની પણ તેમાં સામેલ થઈ ગઈ. આ નિખાલસતા તથા લિલ્લાહિયતને જોતાં તે મુસલમાન થઈ ગયો. આ બનાવ હઝરત અલી رضی اللہ عنہના સંદર્ભમાં છે, પરંતુ એનાથી હુઝૂર ﷺની સીરતની એ બાબત ઉજાગર થાય છે કે આપ علیہ الصلوٰۃ والسلامએ સહાબાની તા'લીમ અને તર્બિયત કેવી કરી હતી ? હુઝૂર ﷺએ તેઓને અમલ (કામ) કરવાનું શીખવ્યું હતું. મુસ્લિમ ઉમ્મતે સીરતથી બોધ લેવાનો છે કે આંતરરાષ્ટ્રીય સમસ્યાઓ હોય અથવા રાષ્ટ્રીય, રાજનૈતિક હોય અથવા ધાર્મિક, પ્રતિક્રિયાની નીતિ ન હોવી જોઈએ અને ન આપણી સોચ અને વર્તનને આધિન થવા દેવું, બસ આપણે કામ કરતા રહેવાનું છે કેમ કે કામમાં ઓરીજનાલીટી છે, પ્રતિક્રિયા ભડકાઉ અને ઉત્તેજક છે, એનું પરિણામ સમય અને કાબેલિયતની બર્બાદી સિવાય કાંઈ નથી.

## અથડામણથી પરહેઝ

આપ علیہ الصلوٰۃ والسلام અથડામણ અને ટકરાવથી દૂર રહ્યા. મક્કી જિંદગી હોય અથવા મદની જિંદગી, આપે કોઈ પણ ભેદભાવ વગર દરેકથી સમાધાનનો રસ્તો અપનાવ્યો, વિરોધી પક્ષની શરતો માન્ય રાખી, ભલે તે ખુદ આપની અને આપના સહાબાની ખિલાફ હતી. આપે આ હદ સુધી જઈને પણ એ બતાવી આપ્યું કે હું કોઈ કિંમતે અથડામણ નથી ચાહતો. જેમ કે સુલહે હુદૈબિયાના મોક઼ા પર જે શરતો લખવામાં આવી તે દેખીતી રીતે મુસલમાનોના હિતમાં ન હતી, પરંતુ અલ્લાહ તઆલાએ એનાથી જ ખૈર (ભલાઈ) પેદા ફર્માવી દીધી. આપે હમેશાં શાંતિ અને સલામતી માટેની તમન્ના ફર્માવી. Confrontation (અથડામણ)થી હમેશાં દૂર રહ્યા. જ્યાં સુધી જંગોનો સવાલ છે તે પણ મુસલમાનો પર લાદી દેવામાં આવી. જ્યારે કાફિરો, મુશ્રિકોએ મુસલમાનોને

ધરતી પરથી નાબૂદ કરવાનો નિર્ણય કરી લીધો તો મુસલમાનોને જંગની પરવાનગી આપવામાં આવી. રબ તઆલાના તરફથી મદની દૌરમાં જંગની પરવાનગી આપવી આ એ વાતની સાબિતી છે કે આ ઈજાઝત દુશ્મનોની જંગી તૈયારીઓ અને તેઓના તરફથી કરવામાં આવતા ધાર્મિક દમનના કારણે આપવામાં આવી. હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ હમેશાં અલ્લાહ તઆલાથી આફિયત (ખૈરિયત)નો સવાલ કર્યો અને એ જ વાતની હિદાયત ફર્માવી. ફતહે મક્કાના દિવસે પણ જ્યારે કોઈએ એ ફતહના દિવસને જંગ અને સજાનો દિવસ જાહેર કર્યું તો આપે ફર્માવ્યું, નહીં ! આ રહ્મતનો દિવસ છે. જો કે ફતહે મક્કાના દિવસે કાફિરો આપની સામે સજાને પાત્ર કૌમની સ્થિતિમાં હતા, પરંતુ તે દિવસે પણ અથડામણથી દૂર રહ્યા બલ્કે સૌને માફ કર્યા. મુસલમાનની સ્થિતિ ગમે તેવી હોય પણ એને દરેક રીતે જાની, માલી નુકસાનથી પોતાને બચાવવું છે, પોતાની જાતને બિનજરૂરી મુશ્કેલી અને કસોટીમાં નાખવું ખુદા અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ ને પસંદ નથી. જેથી હુઝૂર ﷺ ની સામે બે રસ્તાના અધિકાર હોતો તો આપ બંનેમાંથી તે રસ્તો અપનાવતા જે ખૂબ જ સરળ હતો. આપે ફર્માવ્યું :–

يسروا ولاتعسروا بشروا ولاتنفروا "આસાનીઓ પેદા કરો, તંગી પેદા ન કરો, બશારતો આપો નિરાશ ન કરો."

જ્યાં સુધી થઈ શકે ગૈર મુસ્લિમ કૌમો સાથે અથડામણથી બચવું એ સીરતે રસૂલ ﷺ ની તા'લીમ છે. અથડામણથી દૂર રહેવું એ જ દા'વતે ઈસ્લામની સંભાવનાઓને વધારે છે, ટકરાવથી બચવું એ જ ગૈરોના દિલોમાં જગા બનાવવાનો સબબ છે, ઈસ્લામ મહોબ્બતથી ફેલાયો છે અને હજી પણ ફેલાશે.

## સામાજિક બંધારણ

રસૂલુલ્લાહ ﷺ એ મક્કા મદીનાના સામાજિક બંધારણને એકાએક નથી બદલ્યું. આપે એક જ સમયમાં દરેક મોરચા નથી ઉભા કર્યા. આપે મક્કામાં લોકોને તૌહીદની દા'વત આપી તેઓને ખુદાની તરફ બોલાવ્યા, જે ચાલ ચલણ પાયાના હક્કોથી વિરુદ્ધ હતું તેનો નિર્દેશ ફર્માવ્યો અને અમુક વ્યક્તિ એવા તૈયાર કર્યા જે "પાયાના હક્કો"નો ખયાલ રાખવાવાળા અને ગૈર ઈન્સાની ચાલચલણથી પાક હતા, તેઓની રાજનૈતિક વ્યવસ્થાને જે કૌટુંબિક વ્યવસ્થા પર આધારિત હતી તેને ગૈર ઈસ્લામી ન ઠરાવી કે તે વ્યવસ્થામાં ખૂબીઓ પણ હતી. તેણે લોકોને એક જૂથ રાખ્યા હતા. આ વ્યવસ્થામાં સરદાર અને કબીલાની કલ્પના હતી, લોકો વડીલોના ફેંસલા સાંભળતા અને માનતા હતા. તે કૌમ રણના માહોલમાં પરવરિશ પામતી અને જવાન થતી, તેઓની આદતો તથા ખાસિયતોમાં એ જ વિશાળતા તથા ક્રૂરતા ઉપસ્થિત હતી. રસૂલુલ્લાહ ﷺ એ તેમની પ્રતિભાનો ઈસ્લામના માટે ઉપયોગ કર્યો. એવી પદ્ધતિને ન અપનાવી અને ન પોતાના માનવાવાળાઓને અપનાવવા દીધી જે સામાજિક બંધારણના વિરુદ્ધ હોય, જેનાથી કાંઈક કરવાના મોકા ઓછા અને બિનજરૂરી સમસ્યાઓમાં વધારાની સંભાવનાઓ વધારે હોય.

એ વાત આ સંદર્ભે ખૂબ જ મહત્વપૂર્ણ છે કે આપણા સુધારકો અને મુબલ્લિગો સમાજને અખ્લાકી બુનિયાદો પર કાયમ નથી કરતા અને ન તો લોકોની ઈસ્લાહનું કામ કરે છે. પરંતુ સામાજિક બંધારણ જે પોતાની અત્યંત ખામીઓ, ખૂબીઓની સાથે કામ રહ્યું છે તેને બદલવા માટે એક એવી જંગ છેડી દે છે જેનાથી ખરાબીઓમાં વધારો કરે છે અને તેઓ પોતાની પ્રતિભા અને સમય વ્યર્થ કરતી જંગમાં બરબાદ કરે છે. હુઝૂર ﷺ એ સૌથી પહેલાં

લોકોની અખ્લાક઼ી ઉચ્ચતાના આધાર પર ઈસ્લાહનું કામ કર્યું. આ વાતને એ રીતે પણ સમજી શકાય છે કે આપ એક એવા સમાજમાં રહે છે જ્યાં ભ્રષ્ટાચાર, જૂઠ, ધોકા, દગાબાજી, ઝિનાકારી, શરાબ, અન્યાય, જુલ્મ, માનવધિકારોનું ઉલ્લંઘન, જમીનો પર કબ્જો, માલ પચાવી પાડવો, મિલાવટ, રિશ્વત અને સંગ્રહખોરી જેવી બુરાઈઓ છે. લોકો વ્યવહારમાં કમજોર છે, લોકોની માત્ર સંસ્કારિક હાલત જ નહીં બલ્કે ઈલ્મી, વૈચારિક ક્ષમતા પણ કાટ ખાઈ ગઈ છે, યોગ્ય અભિપ્રાય અને વિશાળ વિચારધારા લુપ્ત થઈ ગયાં છે, જ્યાં લોકોની ભૂમિકા (કિરદાર)નો આ હાલ હોય તો સૌ પ્રથમ એક મુફક્કિ઼ર, સુધારક અથવા ક્રાંતિકારી વ્યક્તિએ શું કરવું જોઈએ ? સાફ વાત છે દરેક વ્યક્તિ એ જ કહેશે કે તેણે સમાજની ઈસ્લાહ કરવી જોઈએ, એ ઈસ્લાહ સુધારણા ઈલ્મ, અખ્લાક઼ અને ચિંતનની બુનિયાદ પર થવી જોઈએ, જ્યારે સુધારકો આ કર્તવ્ય નિભાવે છે, આગળના તબક્કા માટે સમાજ જાતે જ તૈયાર થઈ જાય છે. રસૂલુલ્લાહ ﷺએ પણ એવું જ કર્યું કે સૌ પ્રથમ વ્યક્તિના ઘડતરની જવાબદારી હાથ ધરી, વ્યક્તિના ઘડતર પછી સમાજના સામાજિક બંધારણમાં જે ખરાબીઓ હતી તેનો ઈલાજ પણ આપોઆપ થતો ગયો. આપણા મુસ્લિમ દેશોમાં પ્રાથમિક્તાઓ (જે કામ પ્રથમ કરવાં જોઈએ એનાથી) વિપરિત છે. જે કામ આપણે સૌ પ્રથમ કરવું જોઈએ તેની નિશાનીઓ દૂર દૂર સુધી જણાતી જ નથી અને જે કામ પરિણામ રૂપે આપોઆપ થઈ જાય છે, તેના માટે આપણે આપણુ બધુ જ બર્બાદ કરી દઈએ છીએ. સૌથી પહેલાં આપણે બંધારણને ચેલેંજ કરીએ છીએ જેના કારણે મુસ્લિમ દેશોમાં બિનજરૂરી સમસ્યાઓ ઉભી થઈ ગઈ છે, ધાર્મિક માર્ગદર્શક ઈસ્લામના નામ પર શાસકોને લલકારે છે અને બંધારણ બદલવાની વાત કરે છે જ્યારે કે જે વ્યવસ્થાને બદલવાની વાત કરે છે તેના માટે બ્રેઈન વોશિંગ અને વ્યક્તિનું ઘડતર ખૂબ જ જરૂરી છે.

હુઝૂર علیہ الصلوٰۃ والسلامની સીરત રહ્નુમાઈ કરે છે કે સૌથી પહેલાં વ્યવસ્થા નહીં વ્યક્તિનું ઘડતર બદલવામાં આવે, એવી વ્યક્તિઓ તૈયાર કરવામાં આવે જે સામાજિક બંધારણમાં બદલાવ લાવે, તેની ખૂબીઓને બાકી રાખે અને ખામીઓને દૂર કરે. એવા લોકોને તૈયાર કરવામાં આવે જે બંધારણ આપે. રસૂલુલ્લાહ ﷺની સીરત બતાવે છે કે જો અબૂ જહલ, અબૂ લહબના હોવા છતાં બંધારણ બદલવાની ચળવળ પણ ચલાવવામાં આવે તો ફાયદામંદ સાબિત નહીં થાય, ફાયદો ત્યારે થશે કે જ્યારે પહેલાં અબૂ બક્ર, ઉમર, ઉષ્માન અને અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین જેવા લોકો તૈયાર કરી લેવામાં આવે.

મેં સીરતની આ ચાર મહત્વની બાબતો વર્તમાન જગતની રોશનીમાં નક઼લ કરી છે. તમે એ ચાર બાબતોનો અભ્યાસ કરી લીધો, હવે તમારું કામ એ છે કે તમે એના પર ચિંતન કરો અને કોશિશ કરો. તે વ્યવહારથી પરહેઝ કરો જે આપણને સીરતે નબી ﷺના વિરુદ્ધ જોવા મળે. પૂર્વગ્રહ ભલે રાજનૈતિક હોય અથવા મઝહબી, ગૃપબંદીમાં હોય કે અંગત, એ સૌની સીરતના પ્રકરણમાં કોઈ જગા નથી, આપણે એવા નબી علیہ الصلوٰۃ والسلامની ઉમ્મત છીએ જેમણે પૂર્વગ્રહથી ઉપર ઉઠીને માત્ર દીનના પ્રચાર અને દા'વતના માટે જિંદગી બસર કરી. આપણી ઉપર પણ જરૂરી છે કે આપણે પણ એવા મુસલમાન બનીએ જે આપણા માહોલ અને હાલાતથી ઉપર ઉઠીને વિચારીએ, લખીએ અને અમલ કરીએ. اھدنا الصراط المستقیم

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ફેબ્રુ. ૨૦૧૭)*

# ઈસ્લામના પયગંબર ﷺની નમ્રતા

રજૂકર્તા : કડુ સોહેલ ઈકબાલ માંગરોલવી

નમ્રતા જેને અરબીમાં તવાઝોઅ જે બાબે તફાઉલનો મસ્દર (ક્રિયાપદ) છે, તેનો અર્થ નમ્રતા થાય છે, અને ગરદન નમાવવી. અરબવાળાઓ તેનો તે સમયે ઉપયોગ કરે છે જ્યારે ઊંટની ગરદન નીચી કરી તેના પર પગ મૂકીને સવાર થતા. નમ્રતાવાળો પોતાના સ્થાન અને દરજ્જાથી નીચે ઉતરે છે એટલા માટે તેને મુતવાઝેઅ (નમ્રતાથી પેશ આવનાર) કહેવામાં આવે છે.

નમ્રતા એક એવી ખૂબી (ગુણ) છે જેને અખ્લાકે હસના (સુસંસ્કાર)માં મહત્વનું સ્થાન મળેલ છે. નમ્રતા કરવાવાળો ભલે આપણી દષ્ટિમાં કોઈ હૈસિયત અને ઈજ્જત ધરાવતો નથી પરંતુ હક્કવાળાઓની નજરમાં તે ખૂબ જ મોટો બુઝુર્ગ હોય છે અને સાચા અર્થમાં તે પોતાની નમ્રતાના કારણે લોકોના દિલોમાં સ્થાન મેળવી લે છે.

અને તેનાથી ઉલ્ટુ જે માણસ ઘમંડ અને અભિમાનના ધોકેબાઝ ફંદામાં જકડાયેલ હોય છે તે પોતે પોતાની નજરમાં સારો, બુઝુર્ગ અને ઈજ્જતવાળો હોય શકે છે, પરંતુ મખ્લૂકે ખુદા તેનાથી નફરત કરે છે અને નજરોથી પડી જાય છે. અને વધુ ઊંડાણની દષ્ટિએ જોવામાં આવે તો ઘમંડી અને અભિમાની જાણે કે અલ્લાહ તઆલાનો હરીફ હોય છે, એટલા માટે કે દરેક બડાઈ તથા મોટાઈ તેની અજોડ ઝાતનો મર્તબો છે. જે પોતે જ ફર્માવે છે :–

''અને તેના માટે જ મોટાઈ અને બડાઈ છે આસ્માનોમાં અને જમીનોમાં અને તેજ જબરદસ્ત અને હિકમતવાળો.'' *(સૂ. જાસીયહ, સિ. ૨૫, આ ૩૭)* તો પછી અલ્લાહની મખ્લૂકને અભિમાન કઈ રીતે લાયક થઈ શકે છે.

ઈસ્લામ જ એક એવો ધર્મ છે જેની દરેક તા'લીમમાં ઈન્સાનિયતની સફળતાનું રહસ્ય છુપાયેલ છે. કુર્આનમાં જ્યાં નમ્રતાનો આદેશ આપવામાં આવ્યો છે અથવા રસૂલે અકરમ ﷺએ નમ્રતા અપનાવવા પર જોર આપ્યું છે, તેનો મકસદ માત્ર આ જ છે કે કોઈ માણસ પોતાની શક્તિ અને માલો દૌલતનો ગેર ઉપયોગ ન કરે જેનાથી ગરીબો અને દુઃખીઓનું દિલ નારાજ થાય. નમ્રતાનો પ્રાથમિક મકસદ સામાજીક જીવનમાં મનપસંદ પાકીઝગી પેદા કરવાનો છે.

રસૂલે અકરમ ﷺની પાકીઝા સીરતનું દરેક પાસુ પોતાના સ્થાને એક ચમકતા સૂર્યની જેમ છે જેનાથી અંધકારમય દિલોને પ્રકાશમાં લાવી શકાય છે. માનવ જીવનનો એ કયો વિભાગ છે જેના માટે રસૂલે પાક ﷺની પાકીઝા સિરત નમૂનએ અમલ ન હોય. એટલા માટે જ કુર્આનમાં રબ તબારક વતઆલા ફર્માવે છે :–

નિઃશંક ! તમારા માટે રસૂલે અકરમ ﷺની જિંદગી નમૂનએ અમલ છે. (સૂ. અહઝાબ, સિ. ૨૧)

સરવરે કોનૈન ﷺના અન્ય પાસા પર ચર્ચા કરતાં માત્ર આપની નમ્રતાને જ લેવામાં આવે તો દુનિયાની કામયાબી અને છૂટકારા અને એક ઉમદા સમાજની તસ્વીર માટે આપની આ સિફત (ગુણ) કાફી છે. અને આપ એવું કહેવા પર મજબૂર થઈ જશો કે આજના આ સડી ગયેલ માહોલ તથા બદબૂદાર સમાજની સુધારણા અને અમીરી ગરીબીના તફાવતનો નાશ કરવા માટે રસૂલે અકરમ ﷺની ઉચ્ચ નમ્રતાને અપનાવવાની સખ્ત જરૂરત છે. મેહબૂબે રબ્બુલ આલમીન ﷺની સીરતે પાકનો અભ્યાસ કરો તો આ સચ્ચાઈ સમજમાં આવી જશે.

અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના હબીબ ﷺને જે ઉચ્ચ અને બુલંદ દરજ્જા પર સ્થાન આપ્યું તે કોઈનાથી છુપાયેલ નથી. રબ તબારક વ તઆલાની બારગાહમાં આટલો મોટો મરતબો પ્રાપ્ત હોવા છતાં આપનામાં ઘમંડ અને અભિમાન જેવી કોઈ વસ્તુ ન હતી. પરંતુ મદની તાજદાર પોતાના દરેક અમલમાં અને દરેક વાતચીતમાં નમ્રતાનો ઈઝહાર કરતા હતા. સહાબીએ રસૂલ હઝરત અનસ رضي الله عنه જેમણે દસ વર્ષ મેહબૂબે કિબ્રીયા ﷺની ખિદમતમાં પસાર કરી આપ્યાં, આપના જીવનની સવાર સાંજનો અભ્યાસ ઘણી ઝીણવટપૂર્વક કર્યો તે હુઝૂરની નમ્રતાભરી જિંદગીની ચર્ચા કરતાં કહે છે.

સરકારે દો આલમ જમીન પર બેસી જતા હતા તેના પર ખોરાક પણ ખાઈ લેતા, બકરીના પગો બાંધી

તેને દોહી લેતા, જો કોઈ ગુલામ દા'વત માટે અરજ કરે તો કબૂલ ફર્માવતા, નબીઓના સરદાર ﷺની આદતોમાંથી છે કે હુઝૂર ગધેડા પર સવાર થતા, બીમારોની બીમારપુર્સી (ખબર અંતર) કરતા, જનાઝામાં સામેલ થતા, જે દિવસે યહૂદીઓના કુટુંબ 'બનૂ કુરૈઝા' પર ચઢાઈ કરવામાં આવી તે સમયે હુઝૂર એવા ગધેડા પર સવાર હતા જેના મોઢામાં એવી લગામ હતી જે ખજૂરોના પાંદડાંથી બનાવવામાં આવી હતી, અને તેના પર જે જીનની ગાદલી હતી તે પણ ખજૂરના પાંદડાંથી બનાવવામાં આવેલી હતી. *(ઝિયાઉન્નબી, ભાગ–૫, પેજ–૩૪૭)*

આજે જો આદમી ધનવાન, તવંગર થઈ જાય તો અથવા દુનિયવી કોઈ દરજ્જો મળી જાય તો આરામ પરસ્તી તથા આનંદ, ચેન, રાહતની સાથે સાથે દેખાવની એવી આદત પડી જાય છે કે બીજાઓનું કામ કરવું તો દૂરની વાત પોતાની જાતની જરૂરિયાત પૂરી કરવામાં પણ આડ અનુભવે છે. પરંતુ કુર્બાન તે સરવરે કૌનેન ﷺ પર કે જે બંનેવ જહાનના સરદાર હોવા છતાં પોતાનું દરેક કામ પોતાની જાતથી જ કરતા. આપની રફીકએ હયાત (જીવન સાથી) હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا પોતાના સરતાજની આદતોની ચર્ચા કરતાં ફર્માવે છે :–

આપણા સરકાર ﷺ પોતાનાં કપડાં જાતે જ સીવતા, નઅલેન પાક (પગરખાં) જાતે જ દુરૂસ્ત કરતા, ડોલને દુરૂસ્ત કરતા, પોતાની બકરીનું દૂધ જાતે જ દોહતા હતા અને પોતાનું કામ પણ જાતે જ કરતા હતા.

હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا રસૂલે મકબૂલ ﷺ ના સારા અખ્લાક અને અજોડ નમ્રતાના બાબતે શબ્દોનાં મોતી આ રીતે વિખેરે છે. કોઈપણ માણસ હુઝૂર પૂરનૂર ﷺને બૂમ પાડતો તે સહાબાથી અથવા એહલે બૈતમાંથી કોઈપણ પણ હોય હુઝૂર હમેશાં તેના જવાબમાં લબ્બૈક (હું હાજર છું) ફર્માવતા.

હઝરત ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہ સરકારે દો આલમ ﷺની મુબારક આદતો આ રીતે બયાન કરે છે : સરવરે દો આલમ ﷺ જ્યારે ઘરમાં પ્રવેશ કરતા તો બેકાર ન રહેતા, જો કોઈ કપડાં ફાટેલ હોય તો એની સીવી લેતા, પોતાની જૂતીઓને દુરુસ્ત કરતા, કૂવામાંથી ડોલ કાઢી એને દુરૂસ્ત કરતા, પોતાની બકરી જાતે દોહતા, પોતાના અંગત કામો કરતા, ક્યારેક કાશાનાએ અકદસ (રૂમ)ની સફાઈ કરતા, પોતાની ઊંટણીને ઘાસચારો નાખતા, ગુલામની સાથે બેસીને ખાવાનુ જમતા. હઝરત આઈશા رضی اللہ عنہاની સાથે લોટ બાંધતા, બજારમાંથી પોતાની વસ્તુ પોતે જ ઉઠાવીને લાવતા.

અલ્લામા પીર કરમશાહ અઝહરી આ રિવાયતને નકલ કર્યા પછી લખે છે : આ દરેક કામ તાજદારે અરબો અજમ એટલા માટે કરતા હતા કે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینને નમ્રતાની રીત શિખવાડે અને અભિમાન તથા ઘમંડથી દૂર રહેવા માટેની તલ્કીન પોતાના કાર્યોથી કરે. *(ઝિયાઉન્નબી, જિલ્દ : ૫, સફા : ૩૪૬)*

દુનિયવી શાનો શૌકત રૂઆબ દબદબો માણસને અભિમાન અને ઘમંડમાં પરોવી નાખે છે અને ઘણી વખતે તેનો નશો માણસને આ બધી નેઅમતોને પ્રાપ્ત કર્યા બાદ રબ તબારક વ તઆલાનો શુક્ર કરવાને બદલે જુલ્મ અને સિતમ તથા સરકશી કરવા પર ઉત્તેજીત કરે છે, જેને આજે તમે ખુલ્લી આંખો વડે નિહારી શકો છો તથા તેનો અનુભવ કરી શકો છો. પરંતુ આ મામલામાં રસૂલે અકરમ ﷺની પવિત્ર જાત સરાપા (માથાથી પગ સુધી તમામ અંગથી) નમ્ર બનીને દુનિયાને નમ્રતાનો પાઠ શિખવાડે છે. તમોને યાદ હશે કે સરકારે દો આલમ ﷺ હજ્જતુલ વિદાઅ (છેલ્લી હજ્જ)ના માટે તશરીફ લઈ ગયા તે સમયે આપની કયાદતમાં લગભગ એક લાખ નુફૂસે કુદસિયા આપના દર્શન અને હજ્જના માટે ભેગા થયા હતા અને આ એવો ઈજતેમાઅ હતો જે મદની તાજદાર ﷺના ઈશારા પર પોતાના પ્રાણ દેવાને ગર્વ સમજતો હતો. જો રસૂલે અકરમ ﷺ ઈચ્છતા તો મોટામાં મોટી સલ્તનતનો નાશ કરી શકતા હતા, દુશ્મનો સાથે બદલો લઈ શકતા હતા, પરંતુ આટલી મોટી સેનાની સુકાની કરનાર સિપેહસાલારની શું હાલત હતી ? આપની સિરત જોવાવાળા લખે છે :–

"તે સમયે હુઝૂર ﷺ જે ઊંટ પર સવાર હતા તે સમયે તેના પર જે સાદ (દરી) હતી તે જૂની અને ફાટેલી તૂટેલી હતી, અને જે ચાદર તેના પર નાખેલી હતી તેની કિંમત માત્ર ચાર દિરહમ હતી. આવી અદ્‌ભૂત નમ્રતા સાથે હુઝૂર ﷺ સંપૂર્ણ નમ્ર બનીને પોતાના રબની બારગાહમાં અરજ કરી રહ્યા હતા, યા

અલ્લાહ ! આ હજજને હજજે મબરૂર (મક્બૂલ) બનાવી આપ જેમાં કોઈ રિયાકારી (દેખાવ) અને નામના ન હોય. *(ઝિયાઉન્નબી, પેજ–૩૪૧)*

દુનિયાનો કોઈ બાદશાહ પોતાની ઝાતી અને સૈનિકી શક્તિ વડે કમજોર, લાચાર, મજબૂર અને અશક્ત પ્રજા પર જુલ્મના પહાડો તોડી કોઈ વિસ્તાર તથા કોઈ દેશ પર કબ્જો કરી નાખે છે તો ઘમંડ તથા અભિમાનથી છાતી ફૂલાવી માથુ ઊંચુ કરી ફરે છે, પરંતુ ફાતેહે મક્કા (મક્કા પર વિજય મેળવનાર)ની ફત્હે મક્કાના દિવસે શું પરિસ્થિતિ હતી ? મદારિજુન્નબુવ્વતમાં શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વીની જુબાન વડે સાંભળો :–

જે દિવસે મક્કા મુકર્રમા પર વિજય મેળ્યો તે સમયે ફાતેહે મક્કા ﷺએ સો ઊંટોની કુર્બાની કરી અને જ્યારે આપ મુસલમાનોના લશ્કરની સાથે મક્કામાં પ્રવેશ્યા તો નમ્રતાની એ શાન હતી કે આપનું માથુ મુબારક સાદ (જિન)ના આગલા કિનારાની લાકડીના નજીક નમેલુ હતું. જ્યારે કે બાદશાહો જીતના સમયે માથુ ઊંચુ કરી અકડી અકડીને ચાલે છે.

*(મદારિજુન્નબુવ્વત, ભાગ–૧, પેજ–૮૨)*

રસૂલે અકરમ ﷺની નમ્રતા આમ હતી કે નાનો હોય કે મોટો, અમીર હોય કે ગરીબ, રાજા હોય કે પ્રજા દરેકની સાથે ખૂબ જ નમ્ર સ્વભાવથી વર્તન કરતા, ત્યાં સુધી કે એક છોકરો પણ આપને જ્યાં ઈચ્છતો આંગળી પકડી લઈ જતો. હઝરત અનસ رضی اللہ عنہ રિવાયત કરે છે :–

એક દિવસ સરકારે દો આલમ ﷺ પોતાના ઘણા અક્રીદતમંદોની સાથે એક માર્ગ પર તશરીફ લઈ જઈ રહ્યા હતા, સામેથી એક વૃદ્ધાએ આવીને કહ્યું, હે અલ્લાહના પ્યારા રસૂલ ! ﷺ હું એક જરૂરતથી આપની ખિદમતમાં હાજર થઈ છું, પરેશાનોને પરેશાનીથી મુક્ત કરનાર આક્રા ﷺએ ફર્માવ્યું, હે માં ! તમે તે જગ્યાએ કે જ્યાં તમે ચાહો બેસો, હું તમારી પાસે બેસીશ. તો એક સ્થળે તે બેસી ગઈ. હુઝૂર ﷺ ત્યાં બેસી ગયા અને ત્યાં સુધી બેસી રહ્યા જ્યાં સુધી તે સ્ત્રી પોતાની આપવીતી સંભળાવવાથી ફારિગ ન થઈ.

રસૂલે મક્બૂલની નમ્રતાનો કમાલ જોવો હોય તો આ વાક્યો જરૂર વાંચો : એક વખતે રસૂલે અકરમ ﷺને ત્યાં થોડાક મહેમાન આવ્યા. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તમારામાંથી દરેક એક એક મહેમાનને પસંદ કરી લે અને પોતાના ઘરે લઈ જઈ દા'વત કરે. તેમાંથી એક પોતાની શરારત (બદ્માશી)થી જાણીતો હતો એટલા માટે તેને કોઈએ પણ પસંદ ન કર્યો. તો બેસહારાઓનો સહારો બનીને તશરીફ લાવેલ નબીએ આખિરુઝ્ઝમાં ﷺ તેને પોતાના ઘરે લઈ ગયા અને જમાડયું. તેણે આમ વિચારીને કે ઘરના બીજા સભ્યો ભૂખ્યા રહે બધુ જ ખાવાનુ ખાઈ ગયો. હુઝૂર ﷺ તેને એક અલગ ઓરડામાં આરામદાયક બિસ્તર પાથરી આપી. પરંતુ તે ખાવાનુ પાચન ન કરી શક્યો અને આખી રાત તે જ ઓરડામાં પેશાબ પાખાનુ કરતો રહ્યો, ત્યાં સુધી કે બિસ્તર પણ ખરાબ થઈ ગયો. તે તોફાની સવારની પરોઢીએ જ નીકળી ગયો. હુઝૂર ﷺ જ્યારે તેની ખબર અંતર પૂછવા આવ્યા તો તે ત્યાં ન હતો જ્યાં તેને સૂવાડયો હતો. તાજદારે મદીના ﷺ અફસોસ કરવા લાગ્યા અને તેના ખરાબ કરેલ બિસ્તરને પોતે જ ધોવા માટે બેસી ગયા. એટલામાં બીજા સહાબા આવ્યા, હાલત માલૂમ કર્યા પછી ખૂબ જ ગુસ્સે થઈ ગયા તો હુઝૂર ﷺએ તેઓના ગુસ્સાની આગને ઠંડી કરી. આ તરફ તે તોફાનીને માર્ગમાં યાદ આવ્યું કે તે પોતાની કિંમતી તલ્વાર ત્યાં છોડી આવ્યો છે, તેને લેવા માટે જ્યારે તે પાછો ફર્યો તો શું જુએ છે કે ફાતેહે મક્કા પોતાના ખરાબ કરેલા બિસ્તરને પોતે જ પોતાના મુક્દસ હાથો વડે ધોઈ રહ્યા છે અને પોતાના સહાબાએ કિરામને ગુસ્સો કરવાથી રોકી રહ્યા છે ! રસૂલે અકરમ ﷺએ તેને જોઈને ખુશીથી તેની ખબર પૂછી અને તલવાર કાઢી તેને આપી. રસૂલે અકરમ ﷺની આ મુજબની મહેરબાની જોઈ અને નમ્રતાની શાનને જોઈને તેના હોશ ઠેકાણે ન રહ્યા અને તે એકદમ કલ્મએ તૈયબા પઢી મુસલમાન થઈ ગયો. *(અખ્લાકે હસના, સ. ૯૪)*

અલ્લાહ તબારક વ તઆલાની બારગાહમાં દુઆ છે કે તેના પ્યારા રસૂલની નમ્રતાના સદક્રામાં આપણને તમામને નમ્રતા સાથે જીવન જીવવાની નેક તૌફીક્ આપે અને અભિમાન તથા ઘમંડ જેવા મનહૂસ ગુનાહોથી દરેક મુસલમાનની હિફાઝત કરે. (આમીન) યા રબ્બલ આલમીન. *(બરકાતે ખ્વાજા મંથલી, ઓકટોબર–૨૦૦૯)*

## એક વહાબી ગૈર ઈસ્લામી અક઼ીદાનું કુર્આન-હદીષની રૂએ ખંડન !

# નમાઝમાં રસૂલનો ખયાલ શું 'શિર્ક' પ્રતિ લઈ જશે ?!

તંત્રી

અત્રે હું દરેક કલ્મા ગો ભાઈ બહેનોને નિષ્પક્ષપણે વિચારવાની દા'વત આપુ છું કે આ લેખ વાંચી તમે જાતે જ નિર્ણય કરી લો કે, "તૌહીદની આડમાં નબીની તૌહીન" કરવી એ વહાબી દેવબંદી ધર્મનો પાયો છે કે નહીં ? **નબી કરીમ ﷺની તા'ઝીમની જ્યાં વાત આવે છે ત્યાં એમને શિર્કની ગંધ આવવા માંડે છે !** જેમ કે દેવબંદી પેશ્વા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી પોતાની કિતાબ *"સિરાતે મુસ્તક઼ીમ"*માં નમાઝમાં રસૂલે પાક ﷺના ખયાલના બારામાં લખે છે કે :–

> *"ઝિનાના વસવસા કરતાં પોતાની પત્નીથી સંભોગનો ખયાલ બેહતર છે, અને શયખ અથવા એના જેવા બુઝુર્ગોની તરફ ચાહે* **જનાબ રિસાલત મઆબ (અલ્લાહના રસૂલ) જ કેમ ન હોય** *તેમના પ્રતિ પોતાના ધ્યાનને લગાડવું એ* **પોતાના બળદ તથા ગધેડાંના ખયાલોમાં ખોવાઈ જવા કરતાંય બુરુ છે.** *કેમ કે શયખનો ખયાલ તો તા'ઝીમ અને બુઝુર્ગી સાથે માણસના દિલમાં ચોંટી જાય છે, અને બળદ તથા ગધેડાંનો ખયાલ તો એ રીતે ચોંટે છે અને ન તા'ઝીમ સાથે, બલ્કે નીચ તથા ઝલીલ હોય છે, અને* **ગૈરની આ તા'ઝીમ** *તથા* **બુઝુર્ગી** *જે નમાઝમાં બાકી રહે તે* **શિર્ક તરફ ખેંચીને લઈ જાય છે."** *(સીરાતે મુસ્તક઼ીમ, લેખક : દેવબંદી પેશ્વા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી)*

અહીં નમાઝમાં "ઝિનાના વસવસા" કરતાં પોતાની પત્ની સાથેના સંભોગના ખયાલને તો બેહતર કહ્યો ! અને પીર તથા બુઝુર્ગોનો ખયાલ ચાહે અલ્લાહના રસૂલ ﷺનો જ ખયાલ કેમ ન હોય, તેને લાવવો એ પોતાના બળદ તથા ગધેડાંના ખયાલો કરતાંય બુરો છે" એવું દર્શાવ્યું.

### ★ દેવબંદીઓ નજીક નબીની હૈસિયત શું છે ?! ★

હવે તમે નિષ્પક્ષ બનીને વિચારો કે શું **ઝિના** તથા **સંભોગ** અને **બળદ** તથા **ગધેડાં** જેવી હલકી ચીજો સાથે નબી કરીમ સૈયદુલ અંબિયા ﷺનો ઉલ્લેખ કરવો **એમાં કોઈ બેઅદબી નથી ?!** વળી આ લખાણમાં ન કેવળ એ નીચ ચીજો સાથે રસૂલે પાક ﷺનો ઉલ્લેખ છે બલ્કે સ્પષ્ટ શબ્દોમાં **નમાઝમાં હુઝૂર ﷺના ખયાલને બળદ તથા ગધેડાંના ખયાલ કરતાંય બુરો કહ્યો છે.**

એટલું જ નહીં દેવબંદી ધર્મમાં જે કિતાબને પાયો ગણવામાં આવે છે અને કુર્આને પાક કરતાં તેમને ત્યાં અધિક મહત્વની ગણાય છે ! તે કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' (લેખક : મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી)માં નબી કરીમ ﷺની હૈસિયત દેવબંદીઓની દષ્ટિમાં શું છે તે પણ જોતા ચાલો :–

☞ દરેક મખ્લૂક઼ મોટો હોય કે નાનો (વલી હોય કે નબી) તે અલ્લાહની શાન સમક્ષ ચમાર (મોચી–ખાલ્પા)થી પણ અધિક નીચ છે.

☞ જેનું નામ મુહમ્મદ કે અલી છે તે કશી ચીજના મુખ્તાર નથી.

☞ અંબિયા તથા અવલિયા તુચ્છ રજકણથી પણ હલકા છે.

☞ (હુઝૂર ﷺ) ગમારની વાત સાંભળીને ડરના માર્યા બેહોશ થઈ ગયા.

☞ માણસ આપસમાં ભાઈ ભાઈ છે, જે મોટો બુઝુર્ગ (નબી–વલી) હોય તે મોટો ભાઈ છે, જેથી તેની **"મોટા ભાઈ જેટલી તા'ઝીમ"** કરવામાં આવે.

☞ લખે છે કે નબીએ ફર્માવ્યું, હું પણ એક દિવસ મરીને માટીમાં ભળી જનાર છું.

☞ રસૂલના ઈચ્છવાથી કશું થતું નથી !...ગૈબની વાત અલ્લાહ જ જાણે છે, રસૂલને એની શી ખબર ?!

☞ લખે છે કે, "અલ્લાહે આપને જ હુકમ આપ્યો કે લોકો સામે તમારી વિસાત (હેસિયત) વર્ણવી દો કે **મને કાંઈ જ કુદરત પ્રાપ્ત નથી** અને હું ગૈબ પણ જાણતો નથી, મારી કુદરતનો અંદાઝો આટલેથી જ લગાડી લો કે **હું સ્વજાત માટે પણ નફા નુકસાનનો માલિક નથી !** તો બીજાઓને તો શું નફો નુકસાન પહોંચાડી શકવાનો હતો ?!........ *(તક્વિયતુલ ઈમાન)*

આ છે વહાબી દેવબંદી ધર્મનો પાયો અને તેમની પાયાની માન્યતાઓ ! એને વારંવાર વાંચો અને વિચારો કે **અલ્લાહે પોતાના રસૂલ બનાવી જેમને મોકલ્યા તેમની આ જ શાન છે ?! શું અલ્લાહે કોઈ ઈખ્તિયાર કે કમાલો એમને આપ્યા જ નથી ?! શું કુર્આન હદીષમાં આવું બધું ફર્માવ્યું છે જેવું કે દેવબંદી પેશ્વા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ લખ્યું છે ?!** એનો ખુલાસો તો આગળ જતાં થશે પણ અત્યારે દેવબંદી અક્રીદો કે, "નમાઝમાં રસૂલનો ખયાલ લાવવું એ પોતાના બળદ તથા ગધેડાંના ખયાલોમાં ખોવાઈ જવાં કરતાંય બુરુ છે. તા'ઝીમ સાથે નબીનો ખયાલ શિર્ક તરફ ખેંચીને લઈ જાય છે." એના પર ચર્ચા કરીએ.

## ★ એવી કોઈ નમાઝ ખરી જેમાં હુઝૂરનો ખયાલ ન આવે ?! ★

સૌ પ્રથમ વાત તો એ છે કે હુઝૂરે અકરમ ﷺએ ખૂદ ફર્માવ્યું : **صلّوا كما رأيتموني اصلى** **"નમાઝની અદાયગીમાં મારી અદાયગીનો ખયાલ રાખો."** આ હદીષમાં તો હુઝૂર ﷺની પ્રતિ ખયાલને ખૂદ હુઝૂરે અનિવાર્ય ઠરાવ્યો છે કે જેવી રીતે હું પઢું છું એવી રીતે ક્યામ, રુકૂઅ, સિજદા કરતી વખતે ખયાલ રાખીને તે પ્રમાણે નમાઝ પઢો. એટલે જેવી રીતે હુઝૂરે ક્યામ કર્યો તેવો આપણે કરવાનો, રુકૂઅ, સિજદા, ક્રાયદો વગેરે આપે કર્યો એ રીતે કરવાનો છે, **તો શું જેનો તરીક્રો ખયાલમાં રાખીશું તથા અપનાવશું તેનો ખયાલ દિલમાં નહીં આવે ?** અને નમાઝમાં તસ્બીહો જેવી રસૂલે પઢી તેવી આપણે પઢવાની છે, તો તે પઢતાં તેમનો ખયાલ નહીં આવે ? વળી અસંખ્ય આયતો કુર્આને પાકમાં નબી કરીમ ﷺનો ઉલ્લેખ કરતી આવે છે, તો શું તેને પઢતાં નબી કરીમ ﷺનો ખયાલ નહીં આવે ? અને જેવો ખયાલ આવ્યો તો સમજો કે, **"દેવબંદી ધર્મના ક્રાયદા" પ્રમાણે** એ ખયાલ **બળદ** તથા **ગધેડાંના ખયાલ કરતાંય બુરો ગણાશે** ! અને **શિર્ક** પ્રતિ દોરી જશે ! કેમ કે નબીનો ખયાલ તો તા'ઝીમની સાથે જ આવશે ! અને દેવબંદી ધર્મમાં આ તા'ઝીમ ગયરુલ્લાહની તા'ઝીમ ગણાશે જે તેમના ધર્મમાં "શિર્ક" છે. અને એ પણ યાદ રાખશો કે નબી પાક ﷺનો ખયાલ તા'ઝીમની સાથે જ આવે છે અને **જે પોતે દિલમાં નબીનો ખયાલ તુચ્છકાર સાથે લાવે તે તો ઈસ્લામથી જ નીકળી જશે !** તો હવે નમાઝ પઢવી કેવી રીતે ?! કઈ યુક્તિ કરવી કે નબીનો ખયાલ ન આવે ?!

ચાલો માની લો કે તકબીરે તહરીમાથી ક્રાયદા સુધીની નમાઝમાં નબીનો ખયાલ ન આવ્યો, પણ ક્રાયદામાં **આખી અત્તહિય્યાત** પઢવી તો વાજિબ છે અને અત્તહિય્યાતમાં તો સ્પષ્ટપણે નબી ﷺ પર સલામ કરવામાં આવે છે કે, "અસ્સલામુ અલૈક ઐયુહન્નબી" (હે નબી ! આપ પર સલામ !) કહીશું ત્યારે કોનો ખયાલ આવશે ? કોઈ હજી કહે કે

નબીનો ખયાલ નહીં જ આવે, તો આશ્ચર્યની વાત છે કે, **"જેને સલામ કહો તેનો ખયાલ પણ દિલમાં ન હોય !"** વળી ક઼ાયદામાં અત્તહિય્યાત બાદ દુરૂદ શરીફ પઢવું પણ સુન્નત છે તો તેમાં તો "અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના મુહમ્મદ...." "હે અલ્લાહ મુહમ્મદ ﷺ પર સલામતી મોકલ !" તો શું નબી કરીમ ﷺનું નામ લેવા છતાં ખયાલ નહીં આવે ?

## ★ નમાઝમાં રસૂલના ખયાલ વિશે ફક઼ીહો બુઝુર્ગોનાં ફ઼ર્માનો ★

સાંભળો ! **દુર્રે મુખ્તાર**, ભાગ–૧, પ્રકરણ કૈફિયતુસ્સલાતમાં છે : "અત્તહિય્યાતના શબ્દોમાં જાતે કહેવાની નિય્યત કરે. એનો અર્થ થયો, જાણે નમાઝી રબ્બને 'તહય્યિહ' અને ખૂદ નબી કરીમ ﷺને સલામ અર્ઝ કરે છે."

તથા **શામી**માં આ જ લખાણ હેઠળ છે : "અત્તહિય્યાતમાં 'મેઅરાજ'ના એ સંવાદના કિસ્સાની નિય્યત ન કરે જે હુઝૂર ﷺ અને રબ તઆલા તથા ફરિશ્તાઓ વચ્ચે થયો હતો." એટલે કે **અત્તહિય્યાતમાં હુઝૂરને હાઝિર નાઝિર જાણી–માનીને સલામ અર્ઝ કરવી જોઈએ.**

**"અશ્અતુલ લમ્આત"** નામની મશ્હૂર કિતાબમાં 'અત્તહિય્યાત' (તશહહુદ)ના પ્રકરણમાં તથા **"મદારિજુન્નબવ્વત"**માં ભાગ–૧, પેજ–૧૩૫ પર હુઝૂરે અન્વરે ﷺના ઝિક્રની ફઝીલતોના વર્ણનમાં હઝરત **અલ્લામા શૈખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "અમુક આરિફોએ કહ્યું કે અત્તહિય્યાતમાં "અસ્સલામુ અલૈક ઐયુહન્નબી"નું સંબોધન એટલા માટે છે કે હક઼ીક઼તે મુહમ્મદિયહ્ જે મૌજૂદ છે એ બધામાં અને જે મુમ્કિન છે એ સઘળામાં દરેકે દરેક વસ્તુમાં પ્રવાહ પેઠે વહે છે. આથી હુઝૂર પુરનૂર નમાઝીઓની ઝાતમાં મૌજૂદ તથા હાઝિર છે. એટલે **નમાઝીઓએ આ અર્થથી માહિતગાર રહેવું જરૂરી છે....**

જગમશ્હૂર કિતાબ **"અહયાઉલ ઉલૂમ"** ભાગ–૧, "નમાઝની આંત્રિક શરતો"માં **હઝરત ઈમામ ગિઝાલી** رحمۃ اللہ علیہ ફર્માવે છે, **"અને પોતાના દિલમાં નબીએ કરીમ ﷺ અને આપની પાક ઝાતને હાઝિર જાણો અને કહો, "અસ્સલામુ અલૈક અય્યહુન્નબિય્યુ વ રહ્મતુલ્લાહિ વ બરકાતુહુ......"** એ જ પ્રમાણે મિર્ક઼ાતમાં તશહહુદના પ્રકરણમાં લખેલું છે.

એટલે સુધી કે 'મુશ્કલ ખેતામ'માં વહાબી મોલ્વી નવાબ સિદ્દીક઼ હસનખાન ભોપાલી ૨૪૩ પેજ ઉપર લખે છે : "નમાઝીએ નમાઝમાં હુઝૂરને હાઝિર નાઝિર જાણીને અત્તહિય્યાતમાં સલામ કરવી જોઈએ." *(હવાલો : સુન્ની કોણ ?)*

સારાંશ કે દેવબંદી પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીનો ધર્મ ઉપર જે દર્શાવ્યો તે કે, **"નમાઝમાં રસૂલનો ખયાલ બળદ તથા ગધેડાંના ખયાલ કરતાં બુરો છે."** એ મહાન ફક઼ીહો તથા બુઝુર્ગોથી વિરુદ્ધનો છે જેથી પુરવાર થાય છે કે એમનો મઝહબ **બાતિલ** તથા **ગુમરાહ કરનાર** છે. હવે આવો નમાઝમાં પઢાતી કુર્આની આયતોની નમાઝી પર શું અસર પડશે તેનો અભ્યાસ કરીએ.

## ★ નમાઝમાં રસૂલનો ખયાલ અને તા'ઝીમવાળી કુર્આની આયતોની તિલાવત ★

દરેક મુસલમાન જાણે છે કે, **નમાઝમાં ક઼િરાઅત** એટલે કુર્આનમાંથી કોઈ આયતો, સૂરતો પઢવી **ફર્ઝ** છે. અને આખા કુર્આનમાંથી કોઈપણ આયત પઢવામાં આવી શકે છે. હવે માનો કે કોઈ આ આયતો પઢે :–

لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ اِذْ بَعَثَ فِيْهِمْ رَسُوْلًا مِّنْ اَنْفُسِهِمْ ــ ــ ــ قَبْلُ لَفِىْ ضَلٰلٍ مُّبِيْنٍ۔

"બેશક ! અલ્લાહનો 'મહાન એહસાન' થયો મુસલમાનો પર કે એમનામાં એમનામાંથી જ એક 'રસૂલ' મોકલ્યા." *(સૂરએ આલે ઈમરાન, પારા–૪, રુકુઅ–૧૭)* જાણવા મળ્યું કે નબી ﷺનું આગમન એ સર્વ નેઅમતો કરતાં મહાન નેઅમત છે ત્યારે જ

તો રબે એહસાન કર્યાનું જણાવ્યું બાકી કોઈ નેઅમત આપવા પર એહસાન કર્યાનું નથી ફર્માવ્યું.

تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ مِنْهُمْ مَنْ كَلَّمَ اللّٰه وَرَفَعَ بَعْضَهُمْ دَرَجٰتٍ۔

"આ રસૂલો છે કે એમનામાં અમે એકને બીજા પર અફઝલ કર્યા. એમનામાંથી કોઈની સાથે અલ્લાહે વાત કરી અને કોઈ એ છે જેને સર્વના ઉપર દરજજામાં બુલંદ કર્યા.

*(પારા–૨, સૂરએ બક઼રહ, રુકૂઅ–૧૩)*

તફસીરકારો કહે છે કે આ આયતમાં સ્પષ્ટ અર્થ એ છે કે અન્ય નબીઓને પણ દરજજા આપવામાં આવ્યા છે પણ હુઝૂર ﷺને એવા એવા દરજજા અર્પણ થયા છે જેની કોઈ કલ્પના પણ નથી કરી શકતું. *(શાને હબીબુર્રહમાન, અઝ : મુફતી અહમદ યારખાં رحمۃ اللہ علیہ)*

مَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰه وَمَنْ تَوَلّٰى فَمَا اَرْسَلْنٰكَ عَلَيْهِمْ حَفِيْظًا۔

"જેણે રસૂલનો હુકમ માન્યો તેણે અલ્લાહનો હુકમ માન્યો." *(પારા–૫, સૂ. નિસાઅ, રુકૂઅ–૧)*

આ આયતનું શાને નુઝૂલ (ઉતરાણનું કારણ) એ છે કે એકવાર હુઝૂરે અક઼દસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : "જેણે મારી ઈતાઅત (આજ્ઞાપાલન) કરી તેણે રબની ઈબાદત કરી." આ સાંભળી **કેટલાક મુનાફિક઼ો બોલ્યા, હુઝૂર એવું ઈચ્છે છે કે આપણે તેમને રબ માની લઈએ !** જેમ કે ઈસાઈઓએ હઝરત ઈસા علیہ السلامને રબ માની લીધા હતા. એના પર આ આયત ઉતરી અને અલ્લાહે હુઝૂર ﷺના કથનને સમર્થન આપી દીધું.

આ પરથી ઘણા લાભ મળ્યા જેમાંથી એક તો એ કે **હુઝૂર ﷺની તા'ઝીમ (માન આપવા)ને શિર્ક સમજવું એ મુનાફિક઼ોનું કામ છે.** તા'ઝીમ અલગ ચીજ છે અને ઈબાદત અલગ ચીજ છે. દરેક તા'ઝીમ ઈબાદત નથી. *(શાને હબીબુર્રહમાન)*

وَاَطِيْعُوا اللّٰه وَ اَطِيْعُوا الرَّسُوْلَ وَاحْذَرُوْا فَاِنْ تَوَلَّيْتُمْ فَاعْلَمُوْا اَنَّمَا عَلٰى رَسُوْلِنَا الْبَلٰغُ الْمُبِيْنُ۔

"અને હુકમ માનો અલ્લાહનો અને હુકમ માનો રસૂલનો અને સાવધાન રહો, પછી જો તમે ફરી જાવ, તો જાણી લો કે અમારા રસૂલ પર સ્પષ્ટ હુકમ પહોંચાડી દેવાનું છે." *(પારા–૭, સૂ. માઈદા, રુકૂઅ–૧૨)*

قُلْ يٰاَيُّهَا النَّاسُ اِنِّىْ رَسُوْلُ اللّٰهِ اِلَيْكُمْ جَمِيْعًا "તમે ફર્માવો કે હે લોકો ! હું તમારા સૌની તરફ અલ્લાહનો રસૂલ છું." *(પારા–૯, સૂરએ અઅ્રાફ, રુકૂઅ–૨૦)*

يٰاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَجِيْبُوْا لِلّٰهِ وَلِلرَّسُوْلِ اِذَا دَعَاكُمْ لِمَا يُحْيِيْكُمْ

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહ અને એના રસૂલના બોલાવવા પર હાજર થાવ, જ્યારે રસૂલ તમને એ વસ્તુ માટે બોલાવે જે તમને જિંદગી બખ્શે." *(પારા–૯, સૂ. અન્ફાલ, રુકૂઅ–૩)*

હઝરત ઉબય બિન કઅબ નમાઝ પઢી રહ્યા હતા એવામાં હુઝૂર ﷺએ અવાજ આપ્યો તો જલ્દીથી નમાઝ પૂરી કરીને આપ હાજર થયા. આપે ઈર્શાદ ફર્માવ્યો કે તમને હાજર થવું મોડુ કેમ થયું ! અરજ કરી, નમાઝમાં હતો ! ફર્માવ્યું, **"તમે આ આયત (ઉપરોક્ત) નથી પઢી ?!"** જેનાથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺ બોલાવે તો તાત્કાલિક હાજર થઈ જાવ. ફક઼ીહોએ ફર્માવ્યું છે કે, **"નમાઝી નમાઝની હાલતમાં હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થઈ જાય, જે કાર્ય હુઝૂર ﷺ સોંપે તેને પૂર્ણ કરે. એમનું એ સઘળુ કાર્ય નમાઝમાં જે સામેલ છે.** (કસ્તલાની શરહે બુખારી, કિતાબુત્તફસીર, સૂરએ હજર બહવાલા શાને હબીબુર્રહમાન ﷺ) એટલે કે કામ પત્યા પછી જ્યાંથી બાકી હતી તે નમાઝ પૂરી કરે, તેની નમાઝ તૂટતી નથી.

وَلِلّٰهِ الْعِزَّةُ وَلِرَسُوْلِهٖ وَلِلْمُؤْمِنِيْنَ وَلٰكِنَّ الْمُنٰفِقِيْنَ لَا يَعْلَمُوْنَ۔

"અને ઈજ્જત તો અલ્લાહ અને એના રસૂલ

અને મુસલમાનોના માટે છે, પણ મુનાફિક઼ોને ખબર નથી.'' *(પારા–૨૮, સૂ. મુનાફિક઼ૂન, રુકૂઅ–૧)*

مَا كَانَ مُحَمَّدٌ اَبَا اَحَدٍ مِّنْ رِّجَالِكُمْ وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَخَاتَمَ النَّبِيّٖنَ

''મુહમ્મદ (ﷺ) આપ પુરૂષોમાં કોઈના પિતા નથી, હા ! અલ્લાહના રસૂલ છો અને બધા નબીઓથી પાછળના.'' *(પારા–૨૨, સૂ. અહ઼ઝાબ, રુકૂઅ–૫)*

اِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيْمٍ ''બેશક ! આપ અખ્લાક (સંસ્કાર)ની ઉચ્ચ કક્ષાએ બિરાજમાન છો.''

*(પારા–૨૯, સૂ. કલમ, રુકૂઅ–૧)*

وَرَفَعْنَا لَكَ ذِكْرَكَ ''અને અમે આપના માટે આપના ઝિક્રને બુલંદ કર્યો.'' *(પારા–૩૦, સૂ. અલમ નશ્રહ, રુકૂઅ–૧)*

اِنَّا اَعْطَيْنٰكَ الْكَوْثَرَ ''હે મહબૂબ ! અમે આપને અગણિત ખૂબીઓ અતા ફર્માવી.''

*(પારા–૩૦, સૂ. કૌષર)*

હવે શાંતિથી વિચારો કે ઉપરોક્ત સર્વ આયતોમાં હુઝૂર ﷺની શાનની ઉચ્ચતા જ દર્શાવવામાં આવી છે તો જે નમાઝી એ સર્વ તથા એના જેવી અન્ય અસંખ્ય આયતો કુર્આનમાં છે તે પઢશે તો શું તેને **અલ્લાહના રસૂલની યાદ તથા ખયાલ નમાઝમાં નહીં આવે ?! અને સ્વભાવિક છે કે નબી પાક ﷺનો ખયાલ આવશે જ !** અને ખયાલ આવશે તો એ **''દેવબંદી ધર્મના ક઼ાયદા'' હેઠળ બળદ, ગધેડાંના ખયાલ કરતાં બુરો તથા શિર્ક પ્રતિ લઈ જનાર થશે !** તો હવે કોણ છે જેની નમાઝ આ બધાથી બચીને દેવબંદી ક઼ાયદા હેઠળ સહીહ ઢંગથી થશે ?!

જો કે અગાઉ દર્શાવ્યું તેમ **ફક઼ીહો** તથા **બુઝુર્ગોએ** તો નબી પાક ﷺના ખયાલને લાવવાને બુરુ નથી કહ્યું બલ્કે, **''નમાઝી નબી પાક ﷺને હાઝિર નાઝિર જાણીને નમાઝમાં અત્તહિય્યાત વેળા સલામ પેશ કરે''** એવું દર્શાવ્યું છે. એટલું જ નહીં જેમનું ઈમાન શ્રેષ્ઠ કક્ષાનું છે તે સહાબાએ કિરામ નમાઝમાં શું રસૂલે પાક ﷺનો ખયાલ લાવતા હતા કે નહીં, તેનો અભ્યાસ કરી લઈએ.

### ★ નમાઝમાં નબીનો ખયાલ અને સહાબાએ કિરામનો અમલ ★

આ પ્રસંગ હુઝૂરે અકરમ ﷺની વિસાલ સમયની બીમારી વેળાનો છે કે, એક દિવસે ઝહોરની નમાઝના સમયે બીમારીમાં કાંઈક રાહત થઈ ત્યારે આપે હુકમ આપ્યો કે પાણીની સાત મશકો મારા ઉપર રેડો. જ્યારે આપ ગુસ્લ કરી ચૂક્યા તો હઝરત અબ્બાસ તથા હઝરત અલી આપના બાહુઓ પકડીને આપને મસ્જિદમાં લાવ્યા. હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ નમાઝ પઢાવી રહ્યા હતા. **અવાજ સાંભળીને (કે હુઝૂર તશરીફ લાવ્યા) ચાલુ નમાઝે પાછળ ખસવા લાગ્યા,** પરંતુ આપે સંકેત કરીને તેમને રોક્યા અને તેમની બાજુમાં બેસીને નમાઝ પઢાવી. આપને જોઈને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہને જોઈને અન્ય મુક્તદીઓ (સહાબીઓ) નમાઝના અરકાન અદા કરતા રહ્યા.'' *(બુખારી શરીફ, સીરતે મુસ્તફા ﷺ, આ'ઝમી સાહબ)*

આવો ! સહીહ બુખારી શરીફની એક અધિક હદીષે મુબારકાનો અભ્યાસ કરો અને વહાબીઓના ખડા કરેલા વસવસાઓને દૂર કરો અને તમારા ઈમાનને રોશન કરો.

હઝરત સહલ ઈબ્ને સઅદ સાઈદી رضی اللہ عنہએ રિવાયત કર્યું કે રસૂલુલ્લાહ ﷺ બની અમ્ર બિન ઔફના વચ્ચે સુલહ કરાવવાના માટે (કુબા) તશરીફ લઈ ગયા હતા. એવામાં નમાઝનો સમય થઈ ગયો તો મોઅઝ્ઝિન અબૂબક્રની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, તમે નમાઝ પઢાવશો તો હું ઈક઼ામત કહું ? અબૂબક્રે કહ્યું, પઢાવી દઈશ. નમાઝ થઈ રહી હતી એવામાં રસૂલુલ્લાહ ﷺ પરત આવી ગયા અને સફોમાં થઈને આગળ વધ્યા ત્યાં સુધી કે પ્રથમ સફમાં ઉભા થઈ ગયા. એ જોઈને લોકોએ તાલી બજાવી. અને **અબૂબક્ર નમાઝની હાલતમાં કોઈ**

**બાજુ જોતા ન હતા. જ્યારે લોકોએ અધિક પ્રમાણમાં તાલી બજાવી તો નજર ફેરવી અને રસૂલુલ્લાહ ﷺને જોયા.** રસૂલુલ્લાહ ﷺએ ઈશારો કર્યો કે પોતાની જગાએ રહો, એના પર અબૂબક્રે પાતાનો હાથ ઉઠાવ્યો અને રસૂલુલ્લાહ ﷺના આ આદેશ પર અલ્લાહની હમ્દ કરી. **ત્યાર બાદ અબૂબક્ર પાછળ હટીને સફમાં ઉભા થઈ ગયા અને રસૂલુલ્લાહ ﷺ આગળ વધ્યા અને નમાઝ પઢાવી.** જ્યારે નમાઝથી પરવાર્યા તો ફર્માવ્યું, હે અબૂબક્ર ! જ્યારે મેં હુકમ આપી દીધો હતો તો તમારી જગાએ કેમ ન રહ્યા ? એના પર અબૂબક્રે અર્ઝ કર્યું, અબૂ કહાફા (અબૂબક્રના પિતા)ના પુત્રમાં મજાલ નથી કે રસૂલુલ્લાહ ﷺની મૌજૂદગીમાં નમાઝ પઢાવે ! ત્યારબાદ રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમે લોકોએ આટલી અધિક તાલીઓ કેમ બજાવી ? જ્યારે નમાઝમાં કોઈ બનાવ બની જાય તો "સુબ્હાનલ્લાહ" પઢો, કેમ કે સુબ્હાનલ્લાહ પઢશો તો ઈમામ એના પ્રતિ ધ્યાનિત થશે, તાલી કેવળ સ્ત્રીઓ માટે છે. *(બુખારી શરીફ, જિલ્દ અવ્વલ, પેજ-૯૪ નુઝહતુલ કારી શરહે બુખારી, ભાગ-૩, પેજ-૧૫૪)*

બુખારી શરીફની ઉપરોક્ત હદીષનો વારંવાર અભ્યાસ કરો કે એમાં નબી કરીમ ﷺ ચાલુ નમાઝમાં આવ્યા તો સર્વ સહાબાએ (ડાબા હાથની પીઠ પર હાથ મારી) તાલી બજાવી હઝરત અબૂબક્રને ખબર કરી. તો તેમનું આ કૃત્ય કે **નબીને જોઈને નબીનો ખયાલ નમાઝમાં લાવ્યા અને નબી પાક ﷺની તા'ઝીમની કારણે જ તો ચાલુ નમાઝે તાલીના અવાજથી હઝરત અબૂબક્રને ખબર કરી કે રસૂલુલ્લાહ આવી ગયા !** અને હઝરત અબૂબક્ર ચાલુ નમાઝે પાછા હટી ગયા અને હુઝૂરે નમાઝ પઢાવી અને હઝરત અબૂબક્રનો જવાબ કે, "અબૂ કહાફાના બેટામાં શું મજાલ કે રસૂલુલ્લાહની મૌજૂદગીમાં નમાઝ પઢાવે ?!" આ નબી કરીમ ﷺની બેહદ તા'ઝીમમાં જ કહ્યું છે.

હવે વિચારો શું સહાબીઓએ નમાઝમાં રસૂલનો ખયાલ કર્યો કે હુઝૂર આવ્યા તથા અબૂબક્રને તાલી વડે ખબર કરી તો **આ સહાબીઓને ખબર ન હતી કે નમાઝની હાલતમાં હુઝૂર ﷺનો ખયાલ કરવો એ ઝિનાના વસવસા, પત્નીથી સંભોગ તથા પોતાના બળદ તથા ગધેડાંના ખયાલમાં ખોવાઈ જવાં કરતાંય બુરુ છે ?!** અને સ્પષ્ટ પ્રસંગ છે કે **નબીની તા'ઝીમમાં સૌએ અબૂબક્રને ચાલુ નમાઝે ખબર કરી** અને **હઝરત અબૂબક્રે તા'ઝીમમાં જ ચાલુ નમાઝે ઈમામતથી હટી હુઝૂરને આગળ કર્યા, તો શું શિર્કનો તેમને ડર ન હતો ?!** કે આ રીતે નબીની તા'ઝીમ શિર્ક પ્રતિ દોરી જશે ?! અને આ બધું કરવા છતાં ન તેમની નમાઝ મકરૂહ થઈ ન તૂટી ! કેમ કે એવું જો હોત તો હુઝૂર જણાવી આપત, જેમ કે તાલી વિશે મસ્અલો દર્શાવ્યો.

ઉપરોક્ત ચર્ચામાં કુર્આન, હદીષ, ઉલમાના કથનો તથા સહાબીઓના અમલોથી પુરવાર થાય છે કે **નબી કરીમ ﷺની તા'ઝીમ હર હાલતમાં અનિવાર્ય તથા લાઝમી છે અને એ ઈમાનની તથા ઈબાદતની જાન છે.** અને નમાઝમાં પણ નબીનો ખયાલ આવવો તથા લાવવો જરૂરી છે, ન એમાં કોઈ બુરાઈ છે અને ન કોઈ શિર્કનો અંદેશો છે. અને આ વહાબી દેવબંદીઓનો **એક બોગસ** તથા **બાતિલ અક઼ીદો** છે કે નમાઝમાં રસૂલનો ખયાલ લાવવો એ પોતાના બળદ તથા ગધેડાંના ખયાલોમાં ખોવાઈ જવા કરતાં બુરુ છે તથા શિર્ક પ્રતિ લઈ જનાર છે. (મઆઝલ્લાહ !) જેથી મુસલમાનોએ વહાબી દેવબંદીથી દૂર રહી પોતાના ઈમાનને બચાવવું જોઈએ.

***શિર્ક ઠહરે જિસ્મેં તા'ઝીમે રસૂલ-ઉસ***
***બુરે મઝહબ પે લા'નત કિજીએ***

*-(બરકાતે ખ્વાજા મંથલી, નવેમ્બર-૨૦૦૯)*

અંબિયાએ કિરામ શારીરિક હયાત સાથે ઝિંદા છે

# આપણા નબી હયાતુન્નબી ﷺ

અઝ : હઝરત મૌલાના શફીઅ ઓકાળવી رحمۃ اللہ علیہ અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

હઝરત સૈયદે આલમ ﷺના સરાપા અક્દસના હાલાત તથા કમાલાત તથા ખાસ કરીને મોજિઝાઓ વિશે વાંચતા પહેલાં એ જાણી લો કે સર્વ અંબિયાએ કિરામ ખાસ કરીને આપણા નબી કરીમ, રહ્મતુલલિલ્આલમીન, શફીઉલ મુઝનબીન ﷺ હક઼ીક઼ી તથા જિસ્માની (શારીરિક) હયાતની સાથે ઝિંદા છે, નમાઝો પઢે છે અને અફઆલે મુબારક (કામો) કરે છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : وَمَآ اَرۡسَلۡنٰكَ اِلَّا رَحۡمَةً لِّلۡعٰلَمِيۡنَ "અને અમે તમને ન મોકલ્યા પણ રહમત સર્વ આલમોના માટે." (સૂ. અંબિયા, ૨૧/૧૦૭, કન્ઝુલ ઈમાન) તફસીરે રૂહુલ મઆનીમાં છે : "અને નબી કરીમ ﷺનું સર્વ આલમો માટે રહમત હોવું એ એતબારથી છે કે દરેક અસ્તિત્વવાળી ચીજો પર તેમની ક઼ાબેલિયતો મુજબ અલ્લાહના ફયઝનો વાસ્તો છે અને એટલા માટે આપનું નૂર મખ્લૂક઼માં સૌથી પ્રથમ છે, કેમ કે હદીષમાં આવ્યું છે, "હે જાબિર ! અલ્લાહ તઆલાએ તારા નબીનું નૂર સૌ પ્રથમ પેદા કર્યું છે." બીજી હદીષમાં આવ્યું છે કે, "અલ્લાહ તઆલા આપનાર છે અને હું વહેંચનાર છું."

### ★ હુઝૂર ﷺ આલમોની દરેક વ્યક્તિ માટે રહમત છે ★

આ જ રૂહુલ બયાનના લેખક આગળ જતાં લખે છે : "અને મારી નજીક પસંદીદા મસ્લક એ છે કે નબી કરીમ ﷺ આલમોના દરેકે દરેક વ્યક્તિ માટે રહમત બનાવીને મોકલવામાં આવ્યા છે. ફરિશ્તા, ઈન્સાનો અને જિન્નાત સૌના માટે રહમત છે. અને આ બાબતમાં જિન તથા માનવી, કાફિર તથા મો'મિન વચ્ચે કોઈ ફરક નથી. અને દરેકના માટે અલગ અલગ અને વિવિધ પ્રકાર ધરાવે છે." *(રૂહુલ મઆની, પારા–૧૭, પેજ–૯૭)*

વિરોધીઓના પેશવા મોલ્વી મુહમ્મદ કાસિમ નાનોત્વી પણ કહે છે : રસૂલુલ્લાહ ﷺ મુહક્કિ઼ક઼ોની નજીક સર્વ ફયઝોનો વસીલો તથા સર્વ આલમની પ્રગતિ માટે વાસ્તો છે." *(આબે હયાત, પેજ–૧૭૬)*

ઉપરોક્ત આયત તથા તેની તફસીરના લખાણોથી સાબિત થયું કે હુઝૂર ﷺ સર્વ આલમોની દરેકે દરેક વ્યક્તિ (ચીજ) માટે રહમત અને તમામ આલમે મુમ્કિનાતના માટે દરેક પ્રકારના ફયઝો તથા બરકતોનો ઝરીયો તથા વસીલો છે. એટલે કે જેવી રીતે મૂળ આખા ઝાડની સર્વ ડાળીઓની તાજગી તથા તેના ખીલવા માટેનો સબબ હોય છે, એ જ પ્રમાણે આપ ﷺ સર્વ આલમીન (જહાનો)ના માટે દરેક પ્રકારના ફયઝો (લાભો)નો સબબ છે. તો શું એવું થઈ શકે છે કે મૂળ સૂકાય જાય, મુડદા થઈ જાય અને ડાળીઓ જીવંત તથા લીલીછમ રહે ? જ્યારે એ નથી થઈ શકતુ તો એ પણ નથી થઈ શકતુ કે જેમની પવિત્ર જાત સર્વ જહાનના માટે રહમત અને અસ્લલ ઉસૂલ (આલમોના પેદા કરવાનો મૂળ હેતુ) છે તે મુડદા થઈ જાય અને જહાન ઝિંદા રહે ?! જેથી સાબિત થયું કે આપ ઝિંદા અને સર્વ જહાનની જિંદગીનો વાસ્તો તથા વસીલો છે.

વો જો ન થે તો કુછ ન થા
વો જો ન હોં તો કુછ ન હો
જાન હૈં વો જહાન કી
જાન હૈ તો જહાન હૈ

*(આ'લા હઝરત)*

### ★ ખુદાની રાહમાં માર્યા જનારને ન મુર્દા કહો ન મુર્દા ધારો ! ★

અલ્લાહ તઆલા ફર્માવે છે : "અને જેઓ ખુદાની રાહમાં માર્યા જાય તેમને મુર્દા ન કહો, બલ્કે તેઓ ઝિંદા છે, હા ! તમને ખબર નથી." (સૂ. બક઼રહ, ૨/૧૫૪) અને ફર્માવે છે : "અને જેઓ અલ્લાહની રાહમાં માર્યા ગયા કદાપિ તેમને મુર્દા ન ધારશો બલ્કે તેઓ ઝિંદા છે પોતાના રબની પાસે, રોજી પામે છે. ખુશ છે એના પર જે અલ્લાહે તેમને પોતાના ફઝ્લથી આપ્યું અને ખુશીઓ મનાવી રહ્યા છે પોતાના પાછલાઓની જે હજી તેમનાથી નથી મળ્યા કે તેમના પર ન કાંઈ ભય છે ન કાંઈ ગમ." *(સૂ. આલે ઈમરાન, ૩/૧૬૯, ૧૭૦, કન્ઝુલ ઈમાન)*

આ બંને આયતોથી સ્પષ્ટપણે સાબિત થયું કે શહીદો ઝિંદા છે ન તેમને જીભ વડે મુર્દા કહેવું જોઈએ અને ન તેમને દિલમાં મુર્દા ગુમાન કરવું જોઈએ. તેમની જિંદગીની કૈફિયત તથા હક઼ીક઼ત આપણે આપણી બુધ્ધિથી નથી સમજી શકતા. જેથી આ જ અલ્લાહના કલામ પર ઈમાન રાખીને એ અક઼ીદો રાખવો જોઈએ કે તેઓ ઝિંદા છે, ખાય પીએ છે, અને અલ્લાહ તઆલાના ફઝ્લ તથા ઈનામ પર ખુશીઓ મનાવે છે. જો આપણે તેમની હયાતનો ઈન્કાર કરીશું અથવા તાવીલો (અર્થઘટનો) કરીશું તો આપણી જેહાલત તથા મૂર્ખાઈ અને અલ્લાહના કલામ પર ઈમાન તથા યક઼ીન ન હોવાની ઉઘાડી દલીલ બનશે. કેમ કે હયાતનો સહીહ તથા હક઼ીક઼ી ભાવાર્થ તે ન થશે જે આપણી અપૂર્ણ બુધ્ધિ તથા સીમિત સમજે સમજ્યો છે, બલ્કે તે થશે જે હયાતના ખાલિક઼ે પોતાના સાફ તથા સ્પષ્ટ એલાન થકી ઠરાવેલ છે. જ્યારે શહીદોની જિંદગી કુર્આને પાકની નસ (આયતોની દલીલ)થી સાબિત છે, તો અંબિયાએ કિરામ તથા ઉમ્મતના સિદ્દીક઼ોની જિંદગીમાં કેવી રીતે શંકા કરી શકાય છે ?! જેઓ એકમતીએ દરજા તથા મર્તબામાં શહીદોથી ઉચ્ચ તથા વધીને છે. જેમ કે :

### ★ અંબિયાએ કિરામ દરજા તથા મર્તબામાંથી શહીદોથી વધીને છે ★

આ આયતો હેઠળ ગિઝાલીએ દૌરાં, અલામતુદહર હઝરત મૌલાના સૈયદ અહમદ સઈદ કાઝમી رحمۃ اللہ علیہ ફર્માવે છે : જાહેરી રીતે આ આયતે કરીમા શહીદો (ગૈર નબીઓ)ની હયાત પર દલીલો પૂરી પાડે છે, પરંતુ હક઼ીક઼તમાં અંબિયા علیہم السلام ખાસ કરીને નબી કરીમ صلی اللہ علیہ وسلم એમાં સામેલ છે, એટલા માટે કે દલીલો તથા બનાવોની રોશનીમાં એ હક઼ીક઼ત ઈન્કારને પાત્ર નથી કે સર્વ અંબિયા علیہم السلام શહીદ છે, અને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ દુનિયામાં શહાદતનો દરજો પામ્યો અને لِمَنۡ یُّقۡتَلُ فِیۡ سَبِیۡلِ اللّٰہِ (જેઓ અલ્લાહની રાહમાં શહીદ થયા)ના સામાન્યપણામાં વિના શંકાએ આપ સામેલ છે. આ ટૂંકાણની વિગત એ છે કે یقتل ક઼ત્લથી માખૂઝ છે, અને ક઼ત્લનો અર્થ છે અમાતત, મારી નાખવું. કત્લ તથા મારી નાખવાના અર્થમાં એક બારીક ફરક છે જેને ધ્યાનમાં રાખવો જરૂરી છે. ઈમામ રાગિબ અસ્ફહાની ક઼ત્લનો અર્થ વર્ણવતાં આ ફરકને જાહેર કરે છે. મુફર્રદાતે રાગિબમાં છે : (ક઼ત્લ) ક઼ત્લનો મૂળ અર્થ શરીરથી રૂહને દૂર કરવું છે, જેમ કે મૌત. પરંતુ જ્યારે મુતવલ્લી અને મુતસર્રફ ઈઝાલાના ફેઅલનો એતબાર કરવામાં આવે તો ક઼ત્લ કહેવામાં આવશે અને જ્યારે ફૌતે

હયાત (હયાતના નાશ)નો એતબાર કરવામાં આવે તો મૌત કહેવામાં આવશે. કત્લ કેમ કે ફાઈલ (કર્તા)નો ફેઅલ (કાર્ય) મોઅતબર હોય છે અને ફેઅલનો અખત્યાર અબ્દના માટે પણ હાંસલ છે એટલા માટે કત્લની અસ્નાદ અબ્દની તરફ સહીહ છે, અને અબ્દને કાતિબ કહી શકાય છે, અમાતત (નાશ થવું) ની વિરૂધ્ધ કે એમાં મઝકૂર ફેઅલ મોઅતબર નથી બલ્કે હયાતના ફૌત (નષ્ટ થવા)નો એતબાર છે. અને અબ્દનો એતબાર ફેઅલથી આગળ વધીને હયાતને નાબૂદ (ફૌત) કરવા સુધી નથી પહોંચતો. બંદો કેવળ એટલુ કરી શકે છે કે પોતાના તરફથી કોઈ ફેઅલ વાકેઅ (લાગુ) કરી દે, દા.ત. કોઈને તલ્વાર મારી દે અથવા ઝહેર ખવડાવી દે, અથવા કોઈના શરીરના ટુકડા કરી દે, પણ તેના શરીરથી હયાતને દૂર કરવું બંદાના અધિકારમાં નથી. એ કેવળ અલ્લાહ તઆલાની કુદરતથી સંબંધિત છે એટલા માટે બંદો કાતિલ હોય શકે છે, મૌત આપનાર (મુમીત) નથી થઈ શકતો. હયાતનું નષ્ટ થવું ખુદાની કુદરતથી જ સંબંધિત છે. એટલા માટે અમાતત (નષ્ટ કરવુ)ની અસ્નાદ કેવળ અલ્લાહ તઆલાની તરફ થઈ શકે છે, હયાતને દૂર કરવું કેવળ અલ્લાહ તઆલાનો ફેઅલ છે, અને મૃત્યુ આપનાર એના સિવાય કોઈ નથી.

અમારા આ વર્ણનથી વાંચકોના દિમાગમાં એક શંકા પેદા થઈ ગઈ હશે કે હુઝૂર ﷺનું **من یقتل**ના સામાન્યપણામાં સામેલ થવું وَاللّٰهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ ની વિરૂધ્ધ છે. કેમ કે જ્યારે અલ્લાહ તઆલા તેમની પવિત્ર જાનને લોકોથી બચાવવાનો વાયદો કરી ચૂક્યો તો હવે તેમને કેવી રીતે કત્લ કરી શકાય છે ? અને કત્લ થયા વિના **من یقتل**માં આપનું સામેલ થવું શક્ય નથી.

એના હલની તરફ અમે પહેલાં નિર્દેશ કરી ચૂક્યા છીએ કે કત્લમાં ફેઅલ ફાઈલ (કર્મ, કર્તા)નો એતબાર થાય છે અને અમાતત (મૌત આપવા)માં હયાતને નષ્ટ થવાનો. એની વિગત એ છે કે અલ્લાહના વાયદાના શબ્દો છે : وَاللّٰهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ એમાં ન કત્લનો શબ્દ છે ન મૌતનો. આ વાયદાનો ખુલાસો એ છે કે **લોકોના મારી નાખવાથી અલ્લાહ તઆલા આપને બચાવશે. એટલે આપની પવિત્ર જાતના માટે કોઈ એવું કામ ન કરી શકશે જેનાથી તરત જ આપનુ મૃત્યુ થઈ જાય.** જેમ કે અલ્લાહ તઆલાનો વાયદો પૂરો થયો અને કોઈ શખ્સે આપને મારી નાખવાની શક્તિ ન પામી.

રહી એ બાબત કે **من یقتل**ના સામાન્યપણામાં હુઝૂર ﷺ કેવી રીતે સામેલ છે ? તો એનો જવાબ એ છે કે કત્લથી મુરાદ એ ફેઅલ (કાર્ય) છે જે હયાતના ખતમ થવાનો સબબ બની જાય. કત્લના ફેઅલ (અમલ)નું હયાતના મૌતનો સબબ બે રીતે થાય છે : એક આદતન, બીજુ ખારિક લિલ આદત. કત્લના આદતન ફેઅલ (અમલ)થી તાત્કાલિક (તુરત) જ હયાત નષ્ટ થઈ જાય છે. અને ખારિકે આદતની રીતે તુરત જ હયાત નષ્ટ નથી થતી બલ્કે એક લાંબી મુદ્દત બાદ જ તેનું મૌતનો સબબ હોવું જાહેર થઈ શકે છે.

અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ ﷺને પ્રથમ પ્રકારની કત્લ (ઝેરથી તુરત જ મૃત્યુ)થી બચાવીને પોતાના વાયદાને પૂરો કરી આપ્યો અને બીજા પ્રકારના કત્લનો ફેઅલ આપના માટે હિકમતના આધાર પર મુતહક્કક (નિશ્ચિત) કરી દીધો. જેથી આપ ﷺ **من یقتل**ના સામાન્યપણામાં સામેલ થઈને શહાદતનો મર્તબો પામે અને કોઈ બેદીનના માટે આપને મુર્દા કહીને નબીના હયાતના ઈન્કારની મજાલ બાકી ન રહે. અમારા આ દાવાની દલીલ બુખારી તથા ઈમામ

બયહકીની તે દલીલ છે જે ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہએ પોતાની મશહૂર કિતાબ ''અંબાઉલ અઝકિયા બહયાતિલ અંબિયા''માં નકલ કરી છે :

## ★ આપણા નબીએ શહાદતની વફાત પામી ★

''ઈમામ બુખારી તથા ઈમામ બયહકીએ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત કરી. તેમણે ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ પોતાના વિસાલ વેળાની બીમારીમાં ફર્માવતા હતા કે મેં ખૈબરમાં જે ઝહેર મિશ્રિત કોળિયો ખાધો હતો તેની તકલીફ હું હમેશાં મેહસૂસ કરતો રહ્યો છું. તો હવે એ સમય આવી પહોંચ્યો કે એ જ ઝહેરની અસરથી મારી જાનની રગ કપાય જાય. *(અંબાઉલ અઝકિયા, પેજ–૧૪૯)*

તેમજ ઈમામ ઝુર્કાની رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''અને બેશક ! એ વાત સાબિત થઈ ગઈ છે કે આપણા નબી ﷺએ શહાદતની વફાત પામી એટલા માટે કે હુઝૂર ﷺએ ખૈબરના દિવસે એવી ઝહેર મિલાવેલી બકરીના ગોશતનો એક કોળિયો ખાધો જેનું ઝહેર એવું કાતિલ હતું કે એને ખાવાથી એ જ વખતે તુરત જ મૌત આવી જાય. ત્યાં સુધી કે એ ઝહેરની અસરથી હુઝૂર ﷺના એક સહાબી બુશ્ર બિન બરાર બિન મઅરૂર رضی اللہ عنہ એ જ વખતે મૃત્યુ પામ્યા અને આપ ﷺનું બાકી રહેવું મોજિઝો બની ગયો. એ ઝહેર આપને મોટાભાગે તકલીફ આપતુ રહેતુ હતું ત્યાં સુધી કે એની જ અસરથી આપની વફાત થઈ. *(ઝુર્કાની, ૮/૩૧૩)*

બુખારી, બયહકી, સિયૂતી, તથા ઝુર્કાનીની આ રજૂ કરેલી રિવાયતોથી અમારો દાવો સારી રીતે સાબિત થઈ ગયો કે હુઝૂર ﷺને કત્લ કરવા માટે ઝહેર આપવામાં આવ્યું હતું અને એ ઝહેરથી આપનું મૃત્યુ થયું, જો કે ઝહેર આપવામાં અને મૃત્યુ થવામાં ત્રણ વરસનો ગાળો હતો, પરંતું વફાત શરીફ એ જ ઝહેર આપવાના કૃત્યથી અસ્તિત્વમાં આવી. અને ત્રણ વરસો સુધી હુઝૂર ﷺનું બાકી રહેવું ઝહેર આપવામાં તથા એ કત્લના કૃત્યની કમજોરીના લીધે ન હતું બલ્કે સામાન્ય નિયમ વિરૂધ્ધ (ખર્કે આદત) અને હુઝૂર ﷺના મોજિઝારૂપે હતું. જેવું અમે નકલ કરેલ લખાણોમાં સાબિત કરી ચૂક્યા છીએ. ઈમામ જલાલુદ્દીન સિયૂતી ''અંબાઉલ અઝકિયા ફી હયાતિલ અંબિયા''માં ફર્માવે છે :

''અહમદ, અબૂ યઅ્લા, તિબ્રાની અને મુસ્તદરકમાં હાકિમે અને દલાઈલે નબુવ્વતમાં બયહકીએ અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત કરી. તેમણે ફર્માવ્યું કે જો હું નવ વખત કસમ ખાઈને એવું કહી આપું કે હુઝૂર ﷺ કત્લ કરવામાં આવ્યા તો એ મને એના કરતાં અધિક પસંદ છે કે એકવાર પણ કસમ ખાઈને એવું કહું કે હુઝૂર ﷺ કત્લ કરવામાં આવ્યા નથી. અને એ એના કારણે છે કે અલ્લાહ તઆલાએ નબી કરીમ ﷺને નબી પણ બનાવ્યા અને શહીદ પણ.

*(અંબાઉલ અઝકિયા, પેજ–૧૪૮)*

અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہની રિવાયતથી જાહેર થઈ ગયું કે નબી કરીમ ﷺ لِمَنْ يُّقْتَلُ فِيْ سَبِيْلِ اللّٰهِના સામાન્યપણામાં સામેલ છે. એ કારણે હુઝૂર ﷺનું ઝિંદા હોવું નસ્સે કતઈ (કુર્આની આયત)થી સાબિત છે.

તદ્ ઉપરાંત એ કે અલ્લાહ તઆલાએ ઈનામ પામનારાઓના ચાર ગિરોહ કુર્આને કરીમમાં વર્ણવેલા છે : નબીઓ, સિદ્દીકો, શહીદો તથા સાલેહ લોકો. અને દરેક નેઅમતનું મૂળ નબી કરીમ ﷺની જાતે પાક છે. જેવું કે અગાઉ વર્ણવેલ વિગતથી માલૂમ થઈ ચૂક્યું. નબુવ્વત, સિદ્દીકિયત તથા સાલેહિયતના અવસાફ (ગુણો, ખૂબીઓ)નું હુઝૂર ﷺની પાક જાતમાં હોવું તો સૌની નજીક

કતઈ તૌર પર સાબિત છે. હવે જો શહીદ હોવાનો ગુણ (ખૂબી) હુઝૂર ﷺ માટે (અમારી વર્ણવેલ દલીલોની રોશનીમાં) સ્વીકારવામાં ન આવે તો હુઝૂર ﷺની પાક જાત શહાદતના કમાલથી વંચિત રહેશે, જે હુઝૂર ﷺના "રહમતુલ લિલ આલમીન" હોવા અને સર્વ આ'લા કમાલો તથા ઈનામોના માટે હુઝૂર ﷺના અસલ (મૂળ) હોવાની વિરૂધ્ધ છે, જે તદ્દન બાતિલ તથા દલીલોની રોશનીમાં મરદૂદ છે. જેથી માનવું પડશે કે નબુવ્વત તથા સિદ્દીકિયત તથા સાલેહિયતની જેમ શહાદતની ખૂબી પણ હુઝૂર ﷺની પવિત્ર જાતમાં વિના શંકાએ જોવા મળે છે.

*(અસ્સઈદ, હયાતુન્નબી નંબર, પેજ–૧૨)*

## ★ અંબિયા હયાતમાં શહીદોથી અગ્ર સ્થાને છે ★

અલ્લામા કાઝી ષનાઉલ્લાહ પાનીપતી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "અંબિયાની હયાત શહીદોની હયાત કરતાં મજબૂત અને ઝહૂરમાં ખૂબ જ અધિક વધીને છે, ત્યાં સુધી કે નબી ﷺની અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ, ઉમ્મતની માઓ)ની સાથે આપ ﷺની વફાત બાદ નિકાહ જાઈઝ નથી, શહીદોથી વિરૂધ્ધ કે તેમની પત્નીઓ સાથે નિકાહ જાઈઝ છે. એ જ પ્રમાણે સિદ્દીકો પણ શહીદોની હયાત કરતાં આ'લા દરજામાં છે, અને સાલેહીન એટલે અવલિયાએ કિરામ શહીદોથી ઓછા છે. પરંતું તેમની સાથે જોડાયેલા છે, જેમ કે અલ્લાહ તઆલાના ઈર્શાદનો ક્રમ એના માટે દલીલ પૂરી પાડે છે કે ફર્માવ્યું :–

مِنَ النَّبِيِّينَ وَالصِّدِّيقِينَ وَالشُّهَدَاءِ وَالصَّالِحِينَ

*(તફસીરે મઝહરી, ૧/૧૫૨)*

ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "અંબિયાએ કિરામ હયાતમાં શહીદોથી અગ્રસ્થાને અજલ (મહાન) તથા આ'ઝમ છે. અને કોઈ શંકા તથા શક વિના અલ્લાહ તઆલાએ દરેક નબીમાં નબુવ્વત તથા શહાદત બંને વસ્ફો (ખૂબીઓ)ને ભેગી કરી છે, જેથી અંબિયાએ કિરામ પણ આયતના સામાન્યપણામાં સામેલ છે." *(અલ હાદી લિલ્ ફતાવા, ૨/૩૩૦)*

અલ્લામા કુર્તબી رحمۃ اللہ علیہ તઝકિરહમાં હદીષે સઅ્કાના વર્ણનમાં પોતાના શયખથી નકલ ફર્માવે છે :

## ★ મૌતથી નબીઓ આપણાથી ફક્ત પર્દો કરી જાય છે ★

"કે મૃત્યુ એ તદ્દન નાબૂદ થઈ જવાનું નામ નથી બલ્કે એક સ્થિતિથી બીજી સ્થિતિ (હાલ)ની તરફ ઈન્તેકાલ (બદલી)નું નામ છે અને એના પર દલીલ એ છે કે બેશક ! શહીદો પોતાના કત્લ તથા પોતાના મૃત્યુ બાદ ઝિંદા હોય છે. ખાતા, પીતા, ખુશ તથા આનંદિત થતા હોય છે. અને આ જ દુનિયામાં ઝિંદાઓની ખૂબી છે. તો જ્યારે શહીદોનો આ હાલ છે તો અંબિયાએ કિરામ ઝિંદા હોવામાં તેમના કરતાં ખૂબ જ અધિક અફઝલ તથા અવલા છે. અને બેશક ! સહીહ હદીષમાં આવ્યું છે કે જમીન અંબિયાએ કિરામ (નબીઓ)ના શરીરોને ખાતી નથી. અને બેશક ! નબી કરીમ ﷺ મેઅરાજની રાત્રે બયતુલ મુકદ્દસમાં સર્વ અંબિયાએ કિરામની સાથે ભેગા થયા અને આપે મૂસા علیہ السلامને તેમની કબરમાં નમાઝ પઢતા જોયા. અને આપે ફર્માવ્યું છે કે આપ ﷺ તે દરેક શખ્સના સલામનો જવાબ આપે છે જે આપના પર સલામ મોકલે છે. અને એ જ પ્રમાણે તે સર્વ બાબતો જે મૌતથી કટ થઈ જાય છે તે નબીઓને હાંસલ હોય છે, કેમ કે આપની મૌત એના સિવાય અન્ય કાંઈ નથી હોતી કે તે આપણાથી પર્દો ફર્માવી જાય છે અને આપણે તેમને નથી જોતા, જો કે તે ઝિંદા મૌજૂદ હોય છે અને તેમનો હાલ

ફરિશ્તાઓ જેવો થઈ જાય છે કે ફરિશ્તા ઝિંદા મૌજૂદ હોય છે, પણ તેમને કોઈ નથી જોતુ એના સિવાય જેને અલ્લાહ તઆલા પોતાના ફઝ્લો કરમથી ખાસ કરે પોતાના વલીઓમાંથી."

*(અલ્હાદી લિલ ફતાવા, ૨/૩૩૦)*

## ★ હુઝૂર ﷺ આપની કબ્રમાં અઝાન તથા ઈકામત સાથે નમાઝ પઢે છે ★

અલ્લામા કુસ્તલાની શારેહે સહીહ બુખારી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "અને હુઝૂર ﷺની વિશિષ્ટતાઓમાંથી એક એ પણ છે કે આપ આપની કબ્ર મુબારકમાં ઝિંદા છે અને અઝાન તથા ઈકામતની સાથે નમાઝ પઢે છે. અને એ જ હાલ સર્વ અંબિયાએ કિરામનો છે. એટલા માટે કહેવામાં આવ્યું છે કે તેમની પાક બીવીઓ પર ઈદ્દત નથી (કેમ કે તે ઝિંદા છે) અને બેશક ! એ સાબિત થઈ ચૂક્યું છે કે અંબિયાએ કિરામ હજ કરે છે અને તલબિયા કહે છે. જો કોઈ કહે કે તે તો મુર્દા છે અને બીજા ઘરમાં છે, અને તે ઘર અમલની જગા નથી, તો જવાબ એ છે કે તેમનો હાલ શહીદોની જેમ બલ્કે તેમનાથી અફઝલ છે, અને શહીદો ઝિંદા છે અને પોતાના રબની પાસેથી રોજી આપવામાં આવે છે, તો પછી તેઓ (નબીઓ) હજ કરે અને નમાઝો પઢે તો કોઈ દૂરની વાત નથી."

*(ઝુર્કાની અલલ મવાહિબ, ૫/૨૩૩)*

અલ્લામા ઈમામ સમહૂદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "હુઝૂર ﷺ પોતાની વફાત બાદ વિના શંકાએ હયાત છે અને એ જ પ્રમાણે સર્વ અંબિયાએ કિરામ علیہم السلام પોતાની કબરોમાં ઝિંદા છે એ હયાતની સાથે જે શહીદોની હયાત કરતાં અકમલ (Most Perfect) છે જેની ખબર અલ્લાહ તઆલાએ પોતાની કિતાબમાં આપી છે, અને આપણા નબી ﷺ સર્વ શહીદોના સરદાર છે અને સર્વ શહીદોના અમલો આપના મીઝાનમાં છે. અને બેશક ! આપ ﷺનું ફર્માન છે કે મારો ઈલ્મ મારી વફાત પછી એવો જ છે જેવો મારો ઈલ્મ હયાતમાં છે.

*(વફાઉલ વફા, ૩/૧૪૫૨)*

શયખ મુહક્કિક હઝરત અલ્લામા શાહ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "અને અંબિયાએ કિરામની હયાત શહીદો કરતાં અધિક કામિલ છે." *(મદારિજુન્નબુવ્વત)*

## ★ હયાતુન્નબી ﷺ વિશે મુબારક હદીષો ★

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, "અંબિયા (علیہم السلام) પોતાની કબરોમાં ઝિંદા છે અને નમાઝ પઢે છે."

ઈમામ બયહકીએ આ હદીષને સહીહ કહી છે અને હાફિઝ ઈબ્ને હજર અસ્કલાનીએ તેમની માફક કહ્યું છે. *(ફત્હુલબારી)*

હઝરત અબૂ દર્દા رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું : "જુમ્આના દિવસે મારા પર ખૂબ જ અધિક દુરૂદ મોકલ્યા કરો કેમ કે તે યૌમે મશ્હૂદ છે એમાં ફરિશ્તા હાજર થાય છે અને કોઈ એવો નથી જે મારા પર દુરૂદ મોકલે પણ તેનું દુરૂદ મારા સમક્ષ રજૂ થાય છે, ત્યાં સુધી કે એ તેનાથી ફારિગ થાય. હઝરત અબૂ દર્દા ફર્માવે છે, મેં અર્ઝ કરી, અને મૃત્યુ પછી ? ફર્માવ્યું, અને મૌત પછી પણ પેશ થશે. કેમ કે **અલ્લાહે જમીન પર નબીઓના શરીરને હરામ કરી આપેલ છે તો અલ્લાહના નબી ઝિંદા હોય છે અને રોજી પણ આપવામાં આવે છે.** *(ઈબ્ને માજહ, ૧/૫૦૨, મિસર)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, "જેણે મારી કબરની પાસે મારા પર દુરૂદ પઢ્યું તેને હું ખુદ સાંભળુ છું અને જેણે

દૂર હોવાની હાલતમાં મારા પર દુરૂદ પઢયું તે મને પહોંચાડી દેવામાં આવે છે."

## ★ સો દુરૂદ પઢવામાં સો હાજતો પૂરી થશે ★

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યુંઃ "જેણે જુમ્આના દિવસે અને જુમ્આની રાતમાં મારા પર સો વાર દુરૂદ પઢયું અલ્લાહ તઆલા તેનો સો હાજતો પૂરી કરશે, સિત્તેર આખેરતની હાજતોમાંથી અને ત્રીસ દુનિયાની હાજતોમાંથી છે. પછી એ દુરૂદ પર એક ફરિશ્તો નિયુક્ત કરે છે જે એ દુરૂદને મારી કબરમાં મારા પર એ રીતે પેશ કરે છે જેવી રીતે તમારા પર હદિયા (તોહફા) પેશ કરવામાં આવે છે. બેશક ! મારો ઈલ્મ મારી વફાત પછી પણ એવો જ છે જેવો કે મારો ઈલ્મ મારી હયાતમાં છે. અને બયહકીના શબ્દો આ પ્રમાણે છે કે : તે ફરિશ્તો દુરૂદ પઢનારનું નામ અને તેનો વંશ મને બતાવે છે તો હું તેને એક ચમકતા સહીફામાં લખી લઉં છું."

## ★ કૃબ્રે અન્વરથી અઝાન તથા ઈકામતનો અવાજ આવતો ★

હઝરત સઈદ ઈબ્ને મુસૈયબ رضی اللہ عنہ ફર્માવે છે : "અલ્બત્ત ! તેહકીક્ જંગે હર્રાના જમાનામાં મેં મારી જાતને એ હાલતમાં જોઈ કે મસ્જિદે નબવી ﷺમાં મારા સિવાય કોઈ ન હતું. એ દિવસોમાં કોઈ નમાઝનો સમય ન આવતો હતો પણ કૃબ્રે અન્વરથી હું અઝાનનો અવાજ સાંભળતો હતો.

*(દલાઈલુન્નબુવ્વત, અબૂ નુએૈમ, પેજ-૪૯૬)*

હઝરત સઈદ ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ ફર્માવે છે કે, "હર્રાના દિવસોમાં રસૂલુલ્લાહ ﷺની મસ્જિદ શરીફમાં ન અઝાન થતી ન ઈક્ામત. અને સઈદ ઈબ્ને મુસૈયબ (رضی اللہ عنہ) મસ્જિદથી ન નીકળ્યા અને તે નમાઝનો સમય ન પહેચાનતા હતા પણ એક અવાજથી જેને તે નબી ﷺની કૃબ્રે અન્વરથી સાંભળતા હતા." *(મિશ્કાત શરીફ, પેજ-૫૪૫)*

ઈબ્ને જવઝીએ પોતાની સનદની સાથે હઝરત સઈદ બિન મુસૈયબ رضی اللہ عنہથી રિવાયત કરી. તે ફર્માવે છે, હર્રાના દિવસોમાં કોઈ નમાઝનો સમય ન આવતો હતો પણ હું (હુઝૂરની) કૃબ્રે અન્વરથી અઝાનનો અવાજ સાંભળતો પછી જમાઅત ઉભી થઈ જતી તો હું આગળ વધતો (અને એ જ નમાઝની સાથે) નમાઝ પઢતો, અને મારા સિવાય મસ્જિદમાં કોઈ બીજુ ન હતું. *(વફાઉલ વફા, ૧/૯૪)*

અલ્લામા ઈમામ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ બાકૃી ઝુર્કાની માલિકી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "ફતાવા રમલિય્યામાં છે કે, "અંબિયા તથા શહીદો તથા ઉલમા નથી સડી જતા, અને નબીઓ તથા શહીદો પોતાની કબરોમાં ખાતા પીતા તથા નમાઝ પઢતા અને રોઝા રાખતા અને હજ કરે છે." *(ઝુર્કાની અલલ મવાહિબ, ૫/૨૨૪)*

અલ્લામા અલી કૃારી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "બેશક્ ! તે નબી ﷺ પોતાની કબરમાં ઝિંદા છે જેમ કે સર્વ અંબિયાએ કિરામ પોતાની કૃબરોમાં પોતાના રબની નજીક ઝિંદા છે અને બેશક ! તેમની રૂહોનો સંબંધ ઉલુવી (આખેરત)ના આલમ તથા સિફલી (દુનિયા)ના આલમ સાથે એ રીતે સ્થાપિત રહે છે જેવો કે દુનિયામાં હતો. અને તેઓ આ મામલામાં દિલના એતબારથી અર્શી અને કૃાલિબ (શરીર)ના એતબારથી ફર્શી હોય છે અને અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા જ કમાલ ધરાવનારાઓની હાલતોને અધિક જાણે છે."

*(શરહે શિફા શરીફ, ૨/૧૪૨)*

## ★ નબી ﷺ કબરમાં કેદ નથી બલ્કે આલમોની સૈર કરે છે ★

એ જ અલ્લામા અલી કૃારી પોતાની બીજી

કિતાબમાં ફર્માવે છે : "અમે એવું નથી કહેતા કે રસૂલુલ્લાહ ﷺ આલમે બરઝખ એટલે પોતાની કબરમાં કેદ તથા ઘેરાયેલા છે બલ્કે અમે એવું કહીએ છીએ કે આપ આલમે સિફલી (દુનિયાનો આલમ) તથા આલમે ઉલૂવી (આખેરતનો આલમ)માં સૈર કરે છે, કેમ કે શહીદોની રૂહો જેઓ મર્તબામાં અંબિયાથી ઓછી છે તે જયારે લીલા પક્ષીઓના શરીરોમાં જન્નતના બાગોમાં આઝાદીથી ફરે છે પછી એ કંદીલો સુધી સૈરના માટે જાય છે જે અર્શે ઈલાહીની નીચે ટીંગાડેલી છે, જેવું કે એ એના સ્થાને સાબિત થઈ ચૂકેલુ છે. તેમ છતાં કોઈ એવું નથી કહેતુ કે તેમની કબરો તેમનાં શરીરોથી ખાલી છે, અને તેમની રૂહોને તેમનાં શરીરો સાથે સંબંધ નથી. અને જે સલામ તેમને કરવામાં આવે છે તેને નથી સાંભળતા. તો એવું જ અંબિયાએ કિરામના બારામાં આવ્યું છે કે, બેશક ! અંબિયાએ કિરામ તલબિયા કહે છે અને હજ કરે છે અને આપણા નબી ﷺ આ કરામતોના સૌથી અધિક હક્કદાર છે."

*(જમઉલ વસાઈલ, ૨/૨૩૮)*

હઝરત શાહ વલીયુલ્લાહ સાહબ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "તેઓ પોતાની કબરોમાં ઝિંદા છે અને નમાઝો પઢે છે અને હજ કરે છે" *(ફુયૂઝુલ હરમૈન, પેજ–૨૮)*

અલ્લામા કાઝી ષનાઉલ્લાહ પાનીપતી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "બેશક ! અલ્લાહ તઆલા અંબિયા, સિદીકો, શહીદો અને અવલિયાની રૂહોને (દરજા પ્રમાણે) શરીરોની શક્તિ અતા કરે છે તો તેઓ જમીન તથા આસ્માન અને જમીનમાં જ્યાં પણ ચાહે છે ચાલ્યા જાય છે અને પોતાના દોસ્તોની મદદ કરે છે અને પોતાના દુશ્મનોને હલાલ કરે છે. ઈન્શા અલ્લાહ !" *(તફસીરે મઝહરી, ૧/૧૫૨)*

ઈમામ કુસ્તલાની અને અલ્લામા ઝુર્કાની رحمۃ اللہ علیہما ફર્માવે છે : વિના શંકાએ અંબિયાએ કિરામ علیہم السلام ની હયાત (ઝિંદા હોવું) સાબિત થયેલ હકીકી તથા યકીની છે અને કાયમી છે, અને આપણા નબી ﷺ એ સૌથી અફઝલ છે. નુસૂસ તથા ઈજમાઅની સાથે તો એ લાઝિમ તથા જરૂરી છે કે આપની હયાત પણ તમામ અંબિયાએ કિરામની હયાત કરતાં પરિપૂર્ણ તથા કામિલ હોય."

*(ઝુર્કાની અલલ મવાહિબ, ૮/૩૦૯)*

## ★ નબી ﷺ ઉમ્મતની નેકીઓથી ખુશ અને ગુનાહોથી ગમગીન થાય છે ★

ઉસ્તાઝ અબૂ મન્સૂર અબ્દુલ કાહિર બિન તાહિર અલ બગદાદી અલ ફકીહુલ ઉસૂલ શયખુશ્શાફઈય્યા رحمۃ اللہ علیہ ફર્માવે છે:"અમારા તમામ મુતકલ્લિમીન તથા મુહક્કિકીન શાફઈ ઉલમાનું ફર્માન છે કે, બેશક ! આપણા નબી ﷺ પોતાની વફાત બાદ ઝિંદા છે અને પોતાની ઉમ્મતની નેકીઓથી ખુશ થાય છે અને ગુનેહગારોના ગુનાહોથી ગમગીન થાય છે અને બેશક ! આપની ઉમ્મતમાંથી જે આપના પર દુરૂદ મોકલે છે તેનું દુરૂદ આપના પર પહોંચે છે." *(અલ હાદી લિલ ફતાવા)*

અલ્લામા જલાલુદીન સિયૂતી رحمۃ اللہ علیہ એક દલીલબધ્ધ મબસૂત (વિસ્તારપૂર્વકની) ચર્ચા કર્યા બાદ લખે છે : "આ સર્વ નકૂલ તથા હદીષોના સમૂહનો સાર એ છે કે નબી ﷺ પોતાના શરીર તથા રૂહ મુબારકની સાથે ઝિંદા છે અને વિના શંકાએ આપ જ્યાં ચાહે છે તશરીફ લઈ જાય છે અને જમીન તથા આલમે મલકૂતના દરેક ખૂણામાં તસર્રુફ ફર્માવે છે. અને આપ તદ્દન પોતાની એ જ દેખાવની સાથે છે જેના પર વફાત પહેલાં હતા. એમાં કોઈ તબદીલી આવી નથી. અને બેશક ! આપ અમારી આંખોથી ગાયબ કરી દેવામાં આવ્યા છે જેવી રીતે ફરિશ્તા પોતાના શરીરો સાથે ઝિંદા હોવા છતાં અમારી આંખોથી ગાયબ કરી દેવામાં આવ્યા છે. જ્યારે અલ્લાહ તઆલા આપના દીદારથી કોઈની

સાથે ઈજ્જત તથા ઈકરામ અતા કરવા ચાહે છે તો તેનાથી પર્દો ઉઠાવી દે છે અને તે આપને એ જ દેખાવમાં જુએ છે જેના પર આપ છો. એનાથી કોઈ બાબત આડરૂપ નથી અને રૂયતે મિષાલીને ખાસ કરવાની પણ કોઈ જરૂરત નથી. *(અલ હાદી લિલ ફતાવા)*

## ★ નબી ﷺ જિસ્માની, દુનિયવી, હક઼ીક઼ી હયાત સાથે ઝિંદા છે ★

શયખુલ મુહદ્દિષીન હઝરત શાહ અબ્દુલ હક઼્ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે: ''અને અંબિયાએ કિરામની હયાત પર સર્વ ઉલમાની એકમતી છે, કોઈને પણ એમાં મતભેદ નથી. અને જિસ્માની હયાત, દુનિયવી તથા હક઼ીક઼ી છે ન કે રૂહાની અને મઅનવી.''

આ જ શયખ મુહક્કિક઼ તથા મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ બીજા સ્થાને ફર્માવે છે : ''આ મતભેદ તથા મઝહબોની ખૂબ અધિકતા જે ઉમ્મતના ઉલમામાં છે, છતાં આ મસ્અલામાં કોઈ એકને પણ મતભેદ નથી કે આં હઝરત ﷺ હક઼ીક઼ી જિંદગીની સાથે મજાઝની તથા વહેમની, તથા તાવીલની શંકા વિના ઝિંદા, કાયમ તથા બાકી છે અને ઉમ્મતના અમલો પર હાઝિર તથા નાઝિર છે.''

સૈયદુત્તાઈફા, ઈમામુલ અવલિયા, હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''જે પોતાના નફ્સની સાથે ઝિંદા છે તે રૂહના નીકળી જવાથી મુર્દા થઈ જાય છે અને જે પોતાના રબની સાથે ઝિંદા છે તે નથી મરતો બલ્કે તે હયાતે તબઈથી હયાતે અસલી તથા હક઼ીક઼ી તરફ ઈન્તેકાલ કરે છે. જ્યારે શરીઅતની તલ્વારથી ક઼ત્લ થનાર ઝિંદા છે, રોજી દેવામાં આવે છે, તો જે સિદક઼ તથા હક઼ીક઼તની તલ્વારથી ક઼ત્લ થાય છે તે કેટલી આ'લા જિંદગીની સાથે ઝિંદા હશે. *(તફસીરે રૂહુલ બયાન)*

## ★ અલ્લાહ દરેક ચીજ પર શક્તિમાન છે ★

દાનાએ રુમૂઝ, મૌલાનાએ રૂમ رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''જે કોઈ અમારી જાતમાં ફના થઈ જાય તેને ''કુલ્લુ શયઈન હાલિક''ના હેઠળ હલાકતની સજા નથી ભોગવવી પડતી. કેમ કે તે ''ઈલ્લા'' સાથે અપવાદ (**Independent**) છે તે ''લા'' એટલે હાલિકથી (હલાક થવાથી) પસાર થઈ ગયો. જે શખ્સ ઈલ્લામાં છે તે ફાની ફિલ્લાહ થઈ ગયો. અલ્હમ્દુલિલ્લાહ ! આપણે كُلُّ نَفْسٍ ذَآئِقَةُ الْمَوْتِ અને اِنَّكَ مَيِّتٌ وَّاِنَّهُمْ مَّيِّتُوْنَ પર ઈમાન રાખીને નબી કરીમ ﷺની પવિત્ર રૂહના ક઼બ્ઝ થવાને માનનારા છીએ પણ આપની હયાતના મુન્કિર નથી એટલા માટે કે હયાતનો અર્થ છે : للعلم والقدرة والارادة (શર્હે અક઼ાઈદ) એવી સિફત જે ઈલ્મ તથા કુદરત, સમઅ તથા બસર (જોવાની તથા સાંભળવાની શક્તિ) અને ઈરાદા સહીહ ઠરાવી દે. એટલે જેના કારણે ઈલ્મ તથા કુદરત વગેરેનું સહીહ હોવું ઠરે, એ સિફતનું નામ હયાત છે. અને નબી કરીમ ﷺની આ સિફત રૂહ ક઼બ્ઝ થવાના કારણે નષ્ટ નથી થઈ, કેમ કે રૂહનું શરીરમા હોવું હયાતનો સબબ છે, અને અલ્લાહ તઆલા એ વાત પર શક્તિમાન છે કે જે ચીજ સબબની સાથે હોય છે તે સબબ વિના કરી આપે, અને એ વાત પર પણ ક઼ાદિર છે કે સબબ હોય અને ચીજ એટલે મુસબ્બબ ન થવા દે. જુઓ, બાળકના અસ્તિત્વમાં આવવાનો સબબ પુરૂષ સ્ત્રી છે, પણ અલ્લાહ તઆલાએ હઝરત આદમ તથા હવ્વા અને ઈસા علیہم السلامને આ સબબ વિના પેદા કર્યાં અને હજારો પુરૂષો સ્ત્રીઓ મૌજૂદ છે પણ ઔલાદ નથી થતી. એટલે કે સબબ છે પણ મુસબ્બબ નથી. જેથી સાબિત થયું કે તે એ વાત પર ક઼ાદિર (શક્તિમાન) છે કે રૂહ જે હયાતનો સબબ છે તે ન હોય અને હયાત હોય અને એના પર પણ ક઼ાદિર છે કે રૂહ હોય અને હયાત ન હોય. જેમ કે કાફિરોના શરીરોમાં રૂહો છે અને હયાત નથી. એટલા માટે અલ્લાહ તઆલાએ કુર્આને પાકમાં તેમને મુર્દા, ગુંગા, બહેરા અને આંધળા વગેરે કહ્યા, અને અંબિયા, અવલિયાના

શરીરોમાં રૂહો કબ્ઝ થઈ પણ હયાત છે. એટલા માટે કુર્આને પાક તથા મુબારક હદીષોમાં તેમને ઝિંદા કહેવામાં આવ્યા, જેવું કે ઉપર વર્ણન થઈ ચૂક્યું છે. તેમજ સુતૂને હન્નાનાનું રડવું અને પથ્થરોનું કલમો પઢવું સહીહ હદીષોથી સાબિત છે. તો જે ખુદા લાકડી અને પથ્થરની અંદર રૂહ વિના હયાત પેદા કરી શકે છે તે અંબિયા તથા અવલિયાની અંદર નથી પેદા કરી શકતો ?!

અને જો શરીરમાં રૂહનું હોવું જ હયાત માનવામાં આવે તો હય્ય (ઝિંદા) તે જ હશે જેના શરીરમાં રૂહ હશે. તો પછી ખુદા તઆલાની હયાત કદાપિ સાબિત ન થઈ શકશે ! કેમ કે ખુદા તઆલા શરીરથી પાક છે.

યાદ રાખશો ! એક છે મૌતે આદી અને એક છે મૌતે હકીકી. એ જ પ્રમાણે એક છે હયાતે આદી અને એક છે હયાતે હકીકી. શરીરથી રૂહનું કબ્ઝ થવું મૌતે આદી છે, મૌતે હકીકી નથી. હકીકી મૌત અદમુલ હયાત (હયાતનુ ન હોવું) છે. અને શરીરની અંદર રૂહનું હોવું આદી હયાત છે, હકીકી હયાત નથી. હકીકી હયાત શરીરમાં એ સિફતનું હોવું છે જે ઈલ્મ તથા કુદરત અને સમઅ (સાંભળવા) તથા બસર (જોવા)નો સબબ છે.

## ★ સર્વ સૃષ્ટિનું અસ્તિત્વ આપની હયાતને લીધે છે ★

અને નબી ﷺની અંદર વફાત પછી પણ ઈલ્મ તથા કુદરત, સમઅ તથા બસર (સાંભળવું જોવું) અને ઈરાદો છે જેથી આપ હયાત થયા અને એ હયાત એક ક્ષણ માટે પણ નષ્ટ નથી થઈ અને આપ મુર્દા નથી થયા. અને એવું જ થવું જોઈતુ હતું, કેમ કે આપ ﷺ આખી કાઈનાત (સૃષ્ટિ)ના અસલ (મૂળ) છે, જો મઆઝલ્લાહ ! મુર્દા થઈ જાય તો આ જહાન ઝિંદા કેવી રીતે રહી શકે છે ?! શું એ બની શકે છે કે મૂળ સૂકાઈ જાય અને ઝાડ હર્યુ ભર્યું રહે ? કદાપિ નહીં ! એ જ પ્રમાણે એ પણ નથી થઈ શકતુ કે જહાનની જાન મુર્દા થઈ જાય અને જહાન ઝિંદા રહે. બલ્કે જેવી રીતે ઝાડનું લીલુછમ રહેવું મૂળના કારણે હોય છે એ જ પ્રમાણે સર્વ સૃષ્ટિનું અસ્તિત્વ તથા જિંદગી આપના કારણે છે.

*વો જો ન થે તો કુછ ન થા*
*વો જો ન હોં તો કુછ ન હો*

*જાન હૈં વો જહાન કી*
*જાન હૈ તો જહાન હૈ*

*(બહવાલા : તહફ્ફૂઝે અકાઈદ નંબર, ઈસ્તિકામત ડાયજેસ્ટ–કાનપુર, ઈ.સ. ૧૯૯૬)*

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

❒ **સૂરત** : ખાતે યાકુબભાઈ બુમ મછાસરાવાળા તા. ૨૬–૭–૨૦૨૫ શનિવાર, ૧ મુહર્રમ હિ.સ. ૧૪૪૭ના રોજ અચાનક હાર્ટ એકેટ આવવાથી ઈન્તેકાલ કરી ગયા છે. મર્હૂમ નેક નમાઝી દીનદાર સખાવત કરનાર હતા. ❒ **ભરૂચ** : ખાતે મોઈનભાઈ શેખ હાજી પીર કિરમાનીવાળાની સાસુમા ઝોહરાબીબી બહાઉદ્દીન સુજનીવાલા તા. ૯–૮–૨૦૨૫ શનિવાર, ૧૪ સફર હિ.સ. ૧૪૪૭ના રોજ લગભગ ૮૨ વરસની વયે ઈન્તેકાલ કરી ગયાં. ❒ **દયાદરા** : ખાતે જુબેદાબેન આદમ ચાંચવેલીયા (ભા)નો તા. ૧૦–૮–૨૦૨૫, રવિવાર, ૧૫ સફર હિ.સ. ૧૪૪૭ના રોજ ઈન્તેકાલ થયો છે. બીજા દિવસે સવારમાં દયાદરા ખાતે દફનવિધિ કરવામાં આવી. *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે તથા ઈસાલે સવાબ કરવાની તૌફીક આપે. (આમીન) –(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*